
આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૪
સળંગ અંક : ૯૫૧
જુલાઈ - ૨૦૧૯




गुरु चरणम् भक्तिमयम् ब्रह्मज्ञानमयम्
गुरु सान्निध्यम् सर्व समत्वम् आत्मज्ञान मयम्
... सत्यम् शिवम् सुन्दरम्

# ઘર આવે રે ઘનશ્યામ

સૌનાં હૃદયમાં સ્પંદનો જગાડીને હવાએ મેઘરાજાની ભવ્ય સવારી આવી રહી છે તેની છડી પોકારી દીધી છે. ઘણા સમય પછી, ઘણી વ્યાકુળતા અને આતુરતા પછી પધારી રહેલા મેઘરાજાનું અને ધરતીનું પ્રથમ મિલન કેવું હશે, તેની સુંદર કલ્પના કવિ પોતાની દૃષ્ટિથી આપણને કરાવે છે. મેઘરાજા આવવાના છે તે જાણીને ધરતી એટલી હરખાઈ ઊઠી છે કે તેના આનંદની કોઈ સીમા રહી નથી. તે તો સૌને વધામણી આપી રહી છે.
'આજ ચંચલ હસતી પલપલ, દે સંકેત ઈશાન, ઘર આવે રે ઘનશ્યામ!'

'આજ ચંચલ હસતી પલપલ,
દે સંકેત ઈશાન, ઘર આવે રે ઘનશ્યામ!'
પૂરવ કેરા વાય સમીરણ,
ડોલે રે મન, ડોલે વનવન,
પાંખો વીંઝી મસ્ત વિહંગમ ગાતાં વન્દ ગાન.
ઘર આવે રે...

આવે હો પ્રિયતમ આવે,
આવે સુંદરતમ આવે,
રે સાગર કેરી સેજ તજી ને ઈન્દ્રધનુનો મુગટ સજી
વીજ સુદર્શન હસ્ત ધરી, આવે નયનાભિરામ,
ઘર આવે રે...

પૂર્વ ગગનમાં ઊડે, હો ઊડે રથની વેણુ
વિરહાકુલ વસુધા ગોપી,
એ ઉત્સુક નયને જેતી,
આવે સુન્દર નીલ મનોહર, એનો જીવન પ્રાણ
ઘર આવે રે...

સ્નિગ્ધ સજલ સોહે અંબરતલ,
હર્ષે છલછલ, વીજે ઝળહળ,
એ વત્સલને પગલે રે, જાગે સંજીવન ગાન,
દિશ દિશ છલકે અમૃતમ્, એની કરુણાનાં દાન
ઘર આવે રે...

**નાથાલાલ દવે**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૧ | જુલાઈ - ૨૦૧૯



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક | ₹ ૧૫૦ | $ ૪૦ | £ ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ ૨,૦૦૦ | $ ૨૦૦ | £ ૧૦૦ |

## અનુક્રમ


હસ્તાક્ષર અને યંત્રાક્ષર — બાબુ સુથાર / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૭

આ માતાઓ ભણેલી ગણાય ? — મનસુખભાઈ સલ્લા / ૧૨

ક્ષમા — હરિત પંડ્યા / ૧૪

સ્થૂળતા આજના યુગની ગંભીર સમસ્યા — ડૉ. ઉર્મિલા શાહ / ૧૫

યાદોની ફરિયાદો — રણછોડભાઈ શાહ / ૧૭

સાર્ધ-શતાબ્દી વંદના — ૨૫૧ — રમેશ ઓઝા / ૧૯

શાળા શિક્ષણ કઈ ઉંમરથી ? — ડૉ. રઈશ મનીઆર / ૨૦

નીતિનું શિક્ષણ — વિકાસ પટેલ / ૨૧

સંગીતની સાધના કોને કહેવાય તે શાસ્ત્રીય ગાયિકા અંજનીબાઈ માલપેકર પાસેથી શીખવા મળે... — રમેશ તન્ના / ૨૩

મા, મારે માસ્તર થાવું છે — દિનેશ માંકડ / ૨૬

એકવારની નિષ્ફળતા જીવનભરની નિષ્ફળતા નથી જ — પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ / ૨૮

સ્ત્રી સુરક્ષા ગાંધીની નજરથી — જીતુભાઈ નાયક / ૩૧

સંત કબીર — આલાભાઈ પી. મારુ / ૩૨

દોલત — ડૉ. હિતેષ બી. શાહ / ૩૩

શિક્ષકોને શિક્ષણ — ઋતુ શાહ / ૩૭

કબૂતરને જાવું નિશાળે — માધવી આશરા 'ખત્રી' / ૩૯

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૦



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# હસ્તાક્ષર અને યંત્રાક્ષર

**બાબુ સુથાર**

મેં અહી અમેરિકામાં ગુજરાતી ભાષા ભણાવતી વખતે હસ્તાક્ષર અને યંત્રાક્ષરની વચ્ચે ભેદ પાડેલો અને એવી દલીલ કરેલી કે આ બંને પત્રકારના અક્ષરોની વચ્ચે ઘણો ભેદ છે. સૌથી પહેલો ભેદ તો 'ક'નો આપણામાંના ઘણાને પેલો 'ક' યાદ હશે જે એક જ સ્ટૉકમાં લખાતો. આ 'ક'માં બે સ્ટૉક જોઈએ. પહેલો તે 'ડ' અને પછી બીજો સ્ટૉક એ જ રીતે તમે 'હ'લો. હસ્તાક્ષરમાં 'હ' લોકો જુદી જુદી લખતા હોય છે. બરાબર એમ જ 'ખ' જુઓ. ઘણા વચ્ચે ગોળ મીડું આવે એમ લખતા હતા અને કદાચ હજી પણ લખતા હશે. એવું જ 'ચ' અને 'મ' તથા બીજા કેટલાક અક્ષરોનું સમજવાનું. જો કે હવે હસ્તાક્ષરનું ચલણ ઘટતું જાય છે. આ બંને પત્રકારની લેખ વ્યવસ્થામાં એક બીજો ભેદ પણ નોંધવા જેવો છે. હસ્તાક્ષર ખૂબ જ પર્સનલાઈઝ્ડ હોય. એમાં લખનારની ઓળખનો શિલાલેખ કોતરાઈ જતો હોય છે. તંત્રાક્ષરમાં સામાન્યીકરણ હોય. આ બંને પ્રકારના અક્ષરોમાં એક ત્રીજું સામ્ય પણ છે. હસ્તાક્ષરમાં હાથની ગતિ મુખ્ય ભાગ ભજવતી હોય છે. યંત્રાક્ષરમાં ગતિનો અભાવ હોય છે. એમાં છાપ હોય છે. આ બંને પ્રકારના અક્ષરો વિશે મારે ઘણું કહેવાનું છે પણ સમયના અભાવે અને ડેટાના અભાવે પણ કેટલીક વાત કરી શકતો નથી. યંત્રાક્ષરમાં પણ હવે આપણે બે પ્રકાર પાડવા પડે. એક તે ઍનાલોગ અને બીજા તે ડિજિટલ. આમાંના બીજા પ્રકારના યંત્રાક્ષરમાં કેવળ ૦ અને ૧ જ હોય છે. ભાષાની ઉત્ક્રાંતિની વાત કરતી વખતે આ ત્રણ પ્રકારના લેખનની વાત કરવી જોઈએ. હસ્તાક્ષર, ઍનાલોગ, યંત્રાક્ષર અને ડિજિટલ યંત્રાક્ષર. હસ્તાક્ષરના પણ કેટલાક નિયમો હોય છે. એમાંનો એક નિયમ છે કરકસરનો. ગુજરાતીમાં 'જી'નો વિકાસ કરકસરના નિયમને કારણે થયો છે. મૂળ તો 'જ' અને 'ી' એ લખતાં બે સ્ટ્રૉક વાપરવા પડે. પણ 'જી'માં એક જ. એને કહેવાય કરકસરનો નિયમ, ઍનાલોગ અને ડિજિટલ વચ્ચેનો એક ભેદ પણ સમજવા જેવો છે. હાથેથી 'કિ' લખીએ તો પહેલાં આપણે 'િ' લખીશું પછી 'ક'. ઍનાલોગ યંત્રાક્ષરમાં પણ આપણે એમ જ કરીશું. પહેલા 'િ'નું બીબું પછી 'ક'નું બીબું, પણ ડિજિટલ યંત્રાક્ષરમાં પહેલા 'ક' અને પછી 'િ' તમે જરા ધ્યાનથી વિચારો લેખન અને સમયની વચ્ચે ખૂબ નજીકનો સંબંધ છે. ઍનાલોગમાં સમય સીધી લીટીમાં જાય છે અને અક્ષર પણ ડિજિટલમાં ટાઈપિંગ સીધી લીટીમાં, પરિણામ ક્યારેક જુદું. જ્યારે હું 'કિ' ટાઈપ કરું ત્યારે પહેલા ક અને પછી 'િ' ટાઈપ કરું. આ બે ઘટનાઓ સમયના બે નજીકના બિંદુએ બને છે, પણ જે લખાય છે એ 'કિ' ના પહેલાં આવે છે પછી નહીં.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## શિક્ષણના ખર્ચની મીમાંસા

નવી શિક્ષણનીતિનો મુસદ્દો ચાર વર્ષ પછી ગયા મહિને કેન્દ્ર સરકારે બહાર પાડ્યો. મુસદ્દામાં સમાવિષ્ટ મુદ્દાઓ ઉપર નિષ્ણાતોમાં ચર્ચા શરૂ થઈ છે. ૪૮૪ પાનાના મુસદ્દામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણથી શરૂ કરી ઉચ્ચ શિક્ષણ અને વિશ્વ વિદ્યાલયને સ્પર્શતી બાબતોમાં સુધારા સૂચવવામાં આવ્યા છે. આ દેશની સમગ્ર શિક્ષણ વ્યવસ્થા માટે રાષ્ટ્રીય શિક્ષણ પંચની સર્વોચ્ચ સંસ્થા અંગે પણ દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત અભ્યાસક્રમ, શિક્ષકોની તાલીમ, વિદ્યાર્થીઓની લઘુતમ ક્ષમતા અને તેના માપદંડો તેમજ મૂલ્યાંકન અંગે પણ કેટલાક સુધારાઓ સૂચવવામાં આવ્યા છે.

આપણે આ બધા સુધારાઓની ચર્ચા નહિ કરીએ, પણ માત્ર શિક્ષણના ખર્ચ અંગે થોડા ઊંડા ઊતરીશું. આપણે સૌ જાણીએ છીએ કે ૧૯૬૮ની શિક્ષણ નીતિમાં જાહેર કરવામાં આવ્યું હતું કે શિક્ષણ અંગેનું નાણાકીય રોકાણ દેશની જીડીપીના ૬ ટકા કરવું. આ લક્ષ્યાંક ૧૯૮૬ની શિક્ષણ નીતિમાં દોહરાવવામાં આવ્યું. આજે ૨૦૧૯ની શિક્ષણનીતિના મુસદ્દામાં પણ ૬ ટકાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

અન્ય દેશની સરખામણીમાં આ લક્ષ્યાંક ખૂબ જ નીચું છે. આવનારા વર્ષોમાં જ્યારે દેશ પાસે દુનિયાનું સૌથી વધુ યુવાનધન હશે ત્યારે યુવાનોના શિક્ષણ માટે વધુ રોકાણ કરવું જરૂરી બની રહેશે. છેલ્લા એકાવન વર્ષથી આપણે ૬ ટકાનું લક્ષ્યાંક પ્રાપ્ત કરી શક્યા નથી જે ખરેખર ચિંતાનો વિષય છે. આ ૬ ટકાના લક્ષ્યાંકને કઈ રીતે પહોંચી વળવું તેની ચર્ચા કરવામાં આવી નથી. સરકાર આ રોકાણ કરી શકે તેમ ન હોય તો ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા શી હોઈ શકે ? તેમજ સરકારે આ અંગે શું કરવું જોઈએ તેની સ્પષ્ટતા નથી. જો શિક્ષણને રોકાણ તરીકે જ મૂલવવાનું હોય તો તેના વળતર અંગેનું દિશાસૂચન જરૂરી છે.

નવી શિક્ષણનીતિમાં શિક્ષણ પાછળના સરકારી ખર્ચને દસ ટકાથી વધારી વીસ ટકા સુધી કરવાની દરખાસ્ત છે. આ દરખાસ્ત આવકાર્ય છે. પણ જ્યારે સરકારી ખર્ચ વધે છે ત્યારે આપણો અનુભવ એવો છે કે ખર્ચનો બગાડ વધુ થાય છે. સાદી ભાષામાં વાત કરીએ તો સરકારી ખર્ચ ઊગી નીકળતો નથી. દા.ત. આર.ટી.ઈ.ના કાયદા મુજબ ૨૫ ટકા આર્થિક રીતે નબળા બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. મધ્યપ્રદેશમાં ૨૦૧૭માં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશની વ્યવસ્થામાં સરકારી અમલદારો અને ખાનગી શાળાઓ વચ્ચે ભ્રષ્ટાચારની વિગતો બહાર આવી છે. જે રકમ રૂપિયા છસો કરોડ જેટલી થાય છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારોને મળતી ગ્રાન્ટમાં પણ નાણાંનો વ્યય અને શૈક્ષણિક દૃષ્ટિનો અભાવ જોવા મળે છે. અમારા મત મુજબ આર.ટી.ઈ.ના કાયદા હેઠળ બાળકોના વાલીને શિક્ષણના ખર્ચ પેટે કૂપન અથવા તો બૅન્ક ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા સરકારે વિચારવી જોઈએ.

એક વધુ ચોંકાવનારું તારણ જાણવા મળ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં દેશના મુખ્ય ૨૦

રાજ્યોની ૪૧ ટકા સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓછી વિદ્યાર્થી સંખ્યા હોવાને કારણે વિદ્યાર્થી દીઠ શિક્ષકના પગારનો ખર્ચ રૂપિયા ૫૧,૯૧૭ થયો છે. જે દેશની માથાદીઠ આવકના ૪૫ ટકા છે. બિહાર રાજ્યની માથાદીઠ આવકના ૧૩૪ ટકા છે.

અમારી સંસ્થાની ત્રણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પગાર ખર્ચની વિગતો તપાસતા જાણવા મળ્યું કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૬૬ કર્મચારીઓનો કુલ વાર્ષિક પગાર ખર્ચ રૂા. ૬,૪૪,૨૩,૫૬૮.૦૦ છે. બીજા શબ્દોમાં કહીએ તો કર્મચારીદીઠ વાર્ષિક પગાર ખર્ચ રૂા. ૯,૭૬,૧૧૪.૦૦ થયો છે. આ ખર્ચ ૧૮૬૭ વિદ્યાર્થીઓ માટે થયો છે. એટલે કે વિદ્યાર્થી દીઠ પગાર ખર્ચ ૩૪,૫૦૬.૦૦ જેટલો થયો છે. આ આંકડાઓને અમે એટલા માટે જાહેર કરીએ છીએ કે જો રાષ્ટ્રીય નીતિમાં શિક્ષણ પાછળનો ખર્ચ ૧૦ ટકાથી વધારી ૨૦ થતો હોય તો મોટાભાગનો ખર્ચ એ પગાર પાછળ જ થાય છે. શિક્ષણ તાલીમ, સંશોધન, શૈક્ષણિક સાધનો અને માળખાગત સુવિધાઓની આપણે ઉપેક્ષા કરીએ છીએ.

આમ, સમગ્ર રીતે શિક્ષણ વ્યવસ્થા માટે વધુ નાણાં ઊભા કરવા પડશે અને તે નાણાંની વહેંચણી અને ઉપયોગમાં પણ મોટો સુધારો કરવો પડશે. જે અંગે શિક્ષણ નીતિના મુસદ્દામાં કોઈ ઉલ્લેખ નથી.

આપણે સૌ આ અંગે શિક્ષણના ખર્ચ અંગે સજાગ બનીએ અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તેવી વ્યવસ્થા ઊભી કરીએ.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ?, આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે ?, આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ?, આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે. વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવા વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂા. : ૧૫૦/- ● આજીવન રૂા. : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

જશીબહેન નાયક



મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## સરસ્વતીના નવા મકાનનું સ્વપ્ન સાકાર

નવાં મકાન માટે જમીન મળી હતી તેનો આનંદ છવાયેલો હતો. અમે તે જમીનનો પ્લૉટ જોવા ગયાં. તે પ્લોટની જમીનની દશા માધુભાઈ મિલનાં કમ્પાઉન્ડ કરતાં ય અઘરી હતી. આ જમીન પર ત્રીસ-ચાલીસ ઝૂંપડા હતા, જે મિલને ભાડું આપતા હતા. કચરાના ઢગલા હતા. આસપાસના લોકોના ઘરનો કચરો ત્યાં ઠલવાતો હતો. આસપાસના બાળકોએ આ જમીનને પાયખાનું બનાવ્યું હતું. કચરો અને ગંદકી સિવાય કશું નજરે ચડતું ન હતું. સફાઈ થાય પછી જ તેનું લેવલ થઈ શકે. અમારી કમિટીના સભ્યશ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટનો એન્જિનિયર સહિતનો કાફલો આ જમીન જોવા આવ્યો. એન્જિનીયરોએ આ જમીન પર કેવું મકાન બાંધી શકાય તેનું મૉડેલ તૈયાર કર્યું. આમ સરસ્વતી વિદ્યામંડળને મકાન માટે મદદરૂપ થવા પ્રેમપૂર્વકના સ્વૈચ્છિક કાર્યકરો અમને મળવા લાગ્યા. શ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટ સાથે એમના મિત્ર શ્રી આયંગર એન્જિનિયરે આ સેવાની તક ઝડપી લીધી. એમના મિત્રો પણ મકાનના નકશાઓ અને ચણતર કામ માટે તત્પર હતા.

મકાનની કિંમત લગભગ છ લાખ જેટલી થતી હતી. જમીન તો મળી પણ પૈસા ક્યાંથી કાઢવા ? આ જમીન મળ્યાના આનંદ સાથે પૈસા મેળવવા માટેની મૂંઝવણ થવા લાગી. રઘુભાઈના મિત્રશ્રી વિઠ્ઠલભાઈ પટેલ હતા, તેઓ સેન્ટ્રલ બૅન્કમાં ઊંચો હોદ્દો ધરાવતા હતા. રઘુભાઈએ તેમની સલાહ લીધી. તેમને પૂછ્યું કે, 'તમારી બૅન્કમાંથી લોન મળી શકે ખરી ?' તેઓ હસવા લાગ્યા અને કહે કે ટ્રસ્ટ પાસે એવી કોઈ જ મિલકત નથી કે જેના પર બૅન્ક તમને લોન આપી શકે. ટ્રસ્ટ પાસે કોઈ મિલકત ન હોવાથી લોન લેવાની વાત બંધ રહી. લોન ન મળવા અંગેની વાત હિંમતભાઈ અને ગોપલાની સાહેબને પણ કરી. આમ આ વિચારો અને સ્થિતિએ અમને મૂંગા બનાવી દીધા હતા.

એ વખતે વિદ્યામંડળની ઑફિસ બાલભારતીમાં હતી. કમ્પાઉન્ડમાં લીમડા નીચે ખુરશી નાખીને રઘુભાઈ, હિંમતભાઈ, વિઠ્ઠલભાઈ બેસીને વાતો કરતા હતા. વાતો અને મૌન સાથે ચાલતાં એટલામાં તો વિઠ્ઠલભાઈ પટેલનો ફોન આવ્યો. ત્યારે મને થયું કે શ્રી વી. સી. પટેલના મનમાંથી રઘુભાઈના મૂંઝવણની વાત જતી રહી ન હતી. પરંતુ રઘુભાઈની મૂંઝવણમાંથી માર્ગ કાઢવાના વિચારો જરૂર આવ્યા હશે અને ત્યાં જ ફોન આવ્યો. ઘંટડી વાગી.



હિંમતભાઈ કહે 'રઘુભાઈ તમારો ફોન છે.' રઘુભાઈ વાત કરીને પાછા આવ્યા. તેઓ કહે કે, વિઠ્ઠલભાઈ પટેલ એમ કહે છે કે હું તમને મારી બૅન્કમાંથી લોન અપાવી શકું જો તમે એક લાખ રૂપિયા ડિપૉઝિટ મૂકી શકો તેમ હો તો. અને તો તમને પાંચ લાખ રૂપિયા લોન મળી શકે. થોડો આનંદ થયો પણ લાખ રૂપિયા કાઢવા ક્યાંથી ? આ લાખ રૂપિયાની વ્યવસ્થા કરવાની બાબતે અમે ચિંતાતુર બન્યા. દસેક મિનિટ બાદ રઘુભાઈ બોલ્યા, 'હિંમતભાઈ, મને એક વિચાર આવે છે કે... 'અમારા સૌની આંખ સામે ભૂતકાળ પસાર થવા લાગ્યો.'

યાદ આવે છે હિંમતભાઈ છે. સરસપુર વિસ્તારમાં પિસ્તાલીસ હજારવાર જમીનનો સોદો એક માણસ રૂા. બેમાં કરવા માંગતો હતો. એ જમીનનો માલિક નડિયાદની આસપાસ એક ગામડામાં રહેતો હતો. એ વાત જાણીને મેં ખૂબ આગ્રહ રાખેલો કે આપણે એને મળવા જઈએ અને એ જમીન આપણે ખરીદી લઈએ. તેમને હસવું પણ આવ્યું હતું પણ આપણી એક નાનકડી મોટરમાં બેસીને તેજ સાંજે એ ભાઈને મળવા તેમના ગામે પહોંચી ગયા હતા. જવા નીકળ્યા ત્યારે તમારા મનમાં દ્વિધા હતી પણ... મારો આગ્રહ અને નિશ્ચય જોઈ તમે બંને મારી સાથે આવ્યા હતા. આ પિસ્તાલીસ હજારવાર જમીન પર આપણી શાળાના કેમ્પસની કલ્પના તો કરી જુઓ.

જમીનના માલિકને તો જમીન વેચવી જ હતી. એટલે આમ ઘેર બેઠા કોઈ જમીનનું ગ્રાહક મળે તેથી તે ખુશ હતો. વળી આને બે આને લીધેલી જમીનના તેને બે રૂપિયા મળતા હતા. આખી જમીનનાં લાખ રૂપિયા આપવા માટે સંચાલન મંડળની રજા લેવી જોઈએ. સંચાલન મંડળને પૂછવું ખૂબ જરૂરી હતું. રઘુભાઈની વાત સાંભળી જમીન માલિક બોલ્યા કે ચોવીસ કલાકમાં બાનાખત કરો તો જ હું તમને જમીન આપીશ. બાકી તમારી મિટિંગની વાત તમે જાણો. રઘુભાઈ અને હિંમતભાઈ મૂંઝવણમાં પડી વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? એ જમીન તો સંસ્થા માટે ખૂબ ઉપયોગી બનશે. એ ચિત્ર હવે મનમાંથી ભૂંસાવા લાગ્યું. રઘુભાઈ આવા સંજોગોમાં તુરંત જ નિર્ણય લઈ શકતા અને હિંમતભાઈને કહે કે હું તો આ જમીનનું બાનાખત મારે નામે કરાવી લઉં છું જેથી આ જમીન આપણે ન ગુમાવીએ. પછી મંડળને આ જમીન ખરીદવાની જરૂર લાગે ત્યારે જોઈ લઈશું.

જમીન-માલિકે બાનાખત માટેના રૂ. સાત હજારની માંગણી બીજા દિવસના અગિયાર વાગ્યા સુધીમાં કરી. રઘુભાઈએ પોતાના વ્યક્તિગત નામે બાનાખત કરવાની તૈયારી બતાવી. આથી હિંમતભાઈએ પેલા જમીનના માલિકને વિનંતી કરી કે અમે તમને કાલ બપોર સુધીમાં પૈસા આપી જઈશું અને આમ પેલા જમીન માલિક સંમત થયા. રાત્રે જ્યારે પાછા આવ્યા ત્યારે બંનેનાં મોઢાં પર આનંદ હતો. આથી અમને ખાતરી થઈ કે કંઈક સારો નિર્ણય જરૂર લેવાયો હશે.

હિંમતભાઈ ગાડીમાંથી ઊતરતાં જ ખુશખુશાલ અવાજે બોલ્યા કે, 'રઘુભાઈએ પોતાના નામે જ જમીનનો સોદો કરી લીધો છે. હવે કાલે ઊઠીને તરત જ આ સાત હજાર ભેગા કરવા પડશે.' મેં કહ્યું કે હિંમતભાઈ લો મારી આ બંગડી. આ તમારું પહેલું કલેક્શન ગણાશે. બીજા દિવસે સવારે પૈસા કેવી રીતે મેળવવા તેનું આયોજન કરી અમે છૂટાં પડ્યાં.

સવારે ઊઠીને સાત હજાર રૂપિયા એકઠા કરવાનું કામ રઘુભાઈએ શરૂ કરી દીધું. થોડા પોતાના ભાઈ, થોડા મિત્રો પાસેથી, પૈસા ભેગા કરીને પેલા જમીન માલિકને મળવા તેમના ગામે ઊપડી ગયા. તે જ દિવસે પિસ્તાલીસ હજારવાર જમીન રઘુભાઈના નામે થઈ. પછી અમે સૌ અમારા રોજિંદા કામમાં પરોવાઈ ગયા.

વર્ષો વીતી ગયાની વાત આજે યાદ આવે છે. આ ભૂતકાળમાં બનેલો આખો બનાવ સરસ મજાના ચિત્રની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

જેમ અમારી આંખ સામે પસાર થયો. એમાંથી એક વિચાર સ્ફૂર્યો. રઘુભાઈ કહે કે વિઠ્ઠલભાઈ પટેલના ફોન પછી મને વિચાર આવે છે કે આપણે ઘણાં વખત પહેલાં પિસ્તાલીસ હજારવાર જમીનનું બાનાખત કર્યું હતું તે યાદ આવે છે, તમને હિંમતભાઈ? એ બાનાખત આપણે વેચી કાઢીએ તો લાખ રૂપિયા ન આવે? હું તો ભૂતકાળમાં ઊતરી ગઈ. આ વિચાર હિંમતભાઈને ખૂબ ગમી ગયો. હિંમતભાઈના એક પરિચિત કોન્ટ્રાક્ટરે એક લાખ રૂપિયામાં આ બાનાખત લીધું. અમારા ટ્રસ્ટે આ એક લાખ રૂપિયા વિઠ્ઠલભાઈ પટેલની સેન્ટ્રલ બૅન્કમાં ડિપૉઝિટ તરીકે મૂક્યા.

મકાન ચણવાની શરૂઆત કરતા પહેલાં પાયા મૂકવાનો મંગલ કાર્યક્રમ એક નાનકડા બાળકનાં હાથે થયો. બીજી બાજુ મકાન માટે તૈયારી શરૂ થઈ. દિલ્હીની શાળામાંથી રજા લઈ હું અમદાવાદ આવી. બાલભારતીના મકાનમાં હું રહેવા લાગી. વાલીઓ પાસે મકાન ફંડ માટે અપીલ કરી. નાટક કરી સૂવનિઅર પ્રગટ કરી જાહેરાત મેળવવા માટેનું પણ આયોજન વિચારવા લાગ્યા. આ ઉત્સવની પણ તૈયારી કરવા લાગ્યા. શાળાનાં બાળકોએ નાટકો તૈયાર કરવા માંડ્યા. એક બાજુ નાટકની પ્રૅક્ટિસ અને બીજી બાજુ જાહેરાત માટે વાલીઓને,વેપારીઓને મળવાનું. આમ બે બાજુ અમારા કામો શરૂ થયા.

બે મહિનાના અથાગ પ્રયત્ન પછી અમારું સૂવનિઅર તૈયાર થયું. જાહેરાતોના જે પૈસા આવતા તે અમે બૅન્ક પાસેથી જે રૂપિયા પાંચ લાખની લોન લીધી હતી તેમાં ભરતા ગયા. સાંસ્કૃતિક કાર્યક્રમોના શોની ટિકિટમાંથી પણ પૈસા મળ્યા. આમ ચારેકોરની અમારી ધમધોકાર પ્રવૃત્તિઓથી અમને પૈસા મળવા લાગ્યા. આમ હવે મકાનનું કામ શરૂ થઈ ગયું. બે-ચાર મહિનામાં તો બારી વિનાના ક્લાસ-રૂમો પણ તૈયાર થવા લાગ્યા. સરસ્વતીના ચણતરનું કામકાજ આગળ ચલાવીને હું અને રઘુભાઈ દિલ્હી ગયાં.

આ કામ હવે જોવા માટે ઉપેન્દ્રભાઈ ભટ્ટ અને તેમની ટીમનો સહકાર સરસ હતો એટલે અમને બહુ ચિંતા હતી નહિ.

**૧૯૪૪-૪૫માં જ્યારે માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાં રઘુભાઈએ શાળા ખોલી ત્યારે, એમનું સ્વપ્ન હતું કે, આ ગરીબ લત્તાના મજૂરોનાં બાળકોને સરસ મજાની આધુનિક સગવડતાવાળી શાળા મળે.' આજે રઘુભાઈનું એ સ્વપ્ન સાકાર થયું.**

સરસપુરના આ લત્તાના બાળકોને એક આધુનિક શાળા મળશે એ વિચારે વાલીઓ, બાળકો અને અમારા સૌના હૈયામાં આનંદનો પાર નહોતો. રઘુભાઈનું સ્વપ્ન સાકાર થવાની શરૂઆત થઈ. થોડા સમયમાં આર.સી. ટેક્નિકલમાં લેવાતા વર્ગો અમારા નવાં મકાનમાં લેવાના શરૂ થયા. આ વિશાળ કમ્પાઉન્ડમાં બાળકોને રમવાની સુવિધા પણ સુંદર હતી. માણેકલાલ હરિલાલ મિલમાંથી પાણી પણ મળી રહેતું હતું. શાળાને હવે પોતાનું કેમ્પસ્ હતું. આ નવી શાળાનો આનંદ અમે સૌએ ક્યાંય સુધી માણ્યા કર્યો. બે ત્રણ વર્ષબાદ એક બીજો કાર્યક્રમ કરીને જે પૈસા મળ્યા તેનાથી અમારી લોન ભરપાઈ થઈ ગઈ. હવે લોન મુક્તિ સાથે શાળાનું મકાન ટ્રસ્ટનું બની ગયું. આ નવાં મકાનમાં ૧૫મી ઑગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીનો રાષ્ટ્રધ્વજ લહેરાતો થઈ ગયો.

## સરસ્વતી વિદ્યાલય આર.સી. ટેક્નિકલમાં

સરસ્વતી વિદ્યાલયનાં મકાન સામે આવેલી આર.સી. ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટનું નવું મકાન તૈયાર થઈ ગયું હતું પણ તે હજી ઉપયોગમાં લેવાતું નો'તું. આ ઈન્સ્ટિટ્યૂટના સ્ટાફનાં બાળકો પણ સરસ્વતી હાઈસ્કૂલમાં ભણતાં હતાં. રઘુભાઈ સરસ્વતીના કાર્યકરો ઈન્સ્ટિટ્યૂટના વડા અધિકારીને મળ્યા અને છ- એક મહિના માટે એમનાં

નવાં મકાનનો ઉપયોગ કરવા દેવાની વિનંતી કરી. ઈન્સ્ટિટ્યૂટના વડાએ એમની વિનંતીનો સ્વીકાર કર્યો. આના લીધે રઘુભાઈએ ખૂબ હળવાશ અનુભવી. બાળકોને કામ-ચલાઉ ભણવા માટે મકાનની સુવિધા થઈ તેથી તેમને નિરાંત થઈ.

આમ સરસ્વતીને માથે તોળાઈ રહેલું સંકટ થોડા સમય પૂરતું ટળ્યું. આ ઈન્સ્ટિટ્યૂટના આચાર્ય શ્રી ઠાકોરભાઈ એક જમાનામાં રઘુભાઈના સહાધ્યાયી હતા. એથી રઘુભાઈની વિનંતીનો તરત જ સ્વીકાર થઈ ગયો. આમ એક સહાધ્યાયી બીજા સહાધ્યાયીને મદદરૂપ થયો.

શાળાના બહોળા અસબાબને ટેક્નિકલનાં મકાનમાં ખસેડવાનું કામ પણ અઘરું હતું. પરંતુ શ્રેણી ૮ થી ૧૧ ધોરણના વિદ્યાર્થીઓએ એ કામ હોંશે હોંશે પોતાના શિરે લઈ લીધેલું. આખા દિવસની મહેનતે અંતે શાળાનો બધો માલ-સામાન વ્યવસ્થિત આર. સી. ટેક્નિકલનાં મકાનમાં પહોંચી ગયો અને ગોઠવાઈ ગયો.

શાળા ટેક્નિકલનાં મકાનમાં બેસતી એ દરમિયાન એનો સમય સવારના ૬-૩૦થી ૧૧-૦૦નો રાખવામાં આવેલો. કારણ કે ૧૧-૦૦ વાગે આ બધા ઓરડાઓ ટેક્નિકલના વિદ્યાર્થીઓને સોંપી દેવાના હતા.

છ મહિના પછી સરસ્વતી એનાં નવાં મકાનમાં ખસેડાઈ ત્યારે ય ભોંયતળિયું અને પહેલા માળના વર્ગો જ તૈયાર થયા હતા. ઉપરના બે માળનું બાંધકામ તો ચાલુ હતું. **મઝાની વાત તો એ હતી કે સ્થળાંતરને દિવસે ય વર્ગો બંધ રહેલા નહીં.** ૧૯૬૦ના જૂનમાં મકાનનું બાંધકામ પૂરું થયું ત્યારે એનો ઉદ્‌ઘાટનનો સમારોહ ભારે ધામધૂમથી ને ઉમંગ ઉત્સાહથી ઉજવાયેલો. એ જ પ્રસંગે સંસ્થાના દાતાઓ, સંચાલકો, વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓના હૈયામાં આનંદ-ઉત્સાહ સમાતો નહોતો.

મકાનનો બીજો બ્લૉક ૧૯૬૬ દરમિયાન નિર્માણ પામ્યો. આ વિશાળ વૈભવી ઈમારત પાછળ સારો એવો ખર્ચ મંડળને કરવો પડ્યો. અમદાવાદની ગણી-ગાંઠી શાળાઓનાં મકાનની હરોળમાં મૂકી શકાય એવું મકાન ઊભું કરવું હોય તો ખર્ચ થાય જ ! ને કરજે ય કરવું પડે.

નવાં મકાનના બંને બ્લૉકમાં પૂરતી મોકળાશ છે. અદ્યતન સુવિધાઓ છે. બે બ્લૉક વચ્ચે હરિયાળી લોનની મધ્યમાં જ્ઞાનની ધાત્રી મા સરસ્વતીની સુંદરજ્ઞાન મૂર્તિ કલાત્મક પીઠિકા પર આરૂઢ છે. ત્યાં બેઠાં બેઠાં મા શારદા સંસ્થાના શિક્ષણ યજ્ઞને આધ્યાત્મિકતાનો ઓપ આપતા રહે છે.

નવું મકાન સૌની આંખમાં વસી જાય એવું નમણું ને અદ્યતન છે. આમ છતાં માધુભાઈ મિલવાળું શાળાનું જૂનું મકાન અહીં અગાઉ ભણી ગયેલ અનેક વિદ્યાર્થીઓના હૈયામાંથી ખસતું નથી.

## સરદારની જીવનકથાનો પ્રથમ ઉત્સવ

અમે દિલ્હી પાછા આવ્યા. અમદાવાદની સરસ્વતીના મૂંઝવતા પ્રશ્નોનો નિકાલ થયો. સરસપુરના બાળકોને મકાન મળશે એ આશા મજબૂત બની તેથી અમારા બંનેનું મન હળવાશ અનુભવી રહ્યું હતું. ચિંતાયુક્ત મને અમે દિલ્હી પાછા આવ્યા અને દિલ્હીની શાળાનું સંચાલન વધુ સારું બને, વિદ્યાલય વિકસે એવા વિચારો તરફ વળ્યા. એક વખત અમને નવો વિચાર આવ્યો. ઑક્ટોબર માસ હતો. ઑક્ટોબરની એકત્રીસમી તારીખ એટલે સરદાર પટેલનો જન્મદિવસ. એમના સ્મરણે દિલ્હીમાં ચાલતી શાળા એમના નામ સાથે જોડાયેલ હોય તો એમનો જન્મદિવસ પણ ઉજવવો જોઈએ આ વિચાર અમે શિક્ષકો સમક્ષ મૂક્યો. તે દિવસોમાં અમારા સંચાલન મંડળની મિટિંગ થઈ. સરદાર જયંતી ઉજવવાની વાત આ મિટિંગમાં કરવાનો અમે નિર્ણય કર્યો. મિટિંગનો એજન્ડા પૂરો થયો એટલે દિલ્હીની સંચાલન સમિતિના સભ્યો સમક્ષ સરદારની જયંતી ઉજવવાનો વિચાર મૂક્યો. આ વિચાર સૌને ગમ્યો

તો ઘણો, પરંતુ એ સમયમાં નહેરુયુગનું વાતાવરણ જામેલું હતું એટલે એ વાતાવરણમાં સરદાર જયંતીની વાત કદાચ વધારે સ્વીકારશે કે નહિ એવી શંકા અમારા મનમાં હતી, પરંતુ એચ. એમ. પટેલ સાહેબને આ વિચાર ઘણો ગમ્યો અને એમણે કહ્યું, સરદાર ભારતવર્ષના હતા. ભારતને એમણે સંગઠિત કર્યું છે. દિલ્હીમાં જો પહેલીવાર ઉજવણી થાય તો તે મોટા પાયા ઉપર અને દબદબા ભર્યા સ્તર ઉપર થવી જોઈએ. હું આ વિચારને સંપૂર્ણ ટેકો આપુ છું. નહેરુયુગના વાતાવરણમાં જો આ સરદાર જયંતીની ઉજવણીનો અણગમો કોઈ તરફથી દેખાડવામાં આવે તો આપણે તેની દરકાર કર્યા વિના ઉજવણી કરવી. રાષ્ટ્રના સૌથી પહેલા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુને મુખ્ય મહેમાન તરીકે બોલાવવા.


શ્રી એચ.એમ. પટેલ સાહેબની આ વાત જાણીને અમારા મનમાં આનંદ મા'તો નહતો. તેમનો ઉત્સાહી ટેકો હતો. અમે તો કહ્યું, 'આપે જે અણગમાની વાત કરી તે અણગમાની પરવા કર્યા વિના આપણે સરદાર જયંતી મોટા પાયા ઉપર ઉજવીશું.' આ ઉજવણીની તૈયારીઓ અમે કરવા માંડી. સૌથી પહેલા તો સરદાર પટેલનો સ્વર્ગવાસ થયો તે સમયે એમને આપેલી શ્રદ્ધાંજલિનો અંક અમને મળી ગયો. એમાંથી એ શ્રદ્ધાંજલિઓને કાવ્યમય બનાવવામાં અમારા હિન્દી શિક્ષક શ્રી કમલ સત્યાર્થીની મદદ લઈને એ શ્રદ્ધાંજલિઓને ખૂબ સરસ તેજસ્વિતા આપી. આ દરેક શ્રદ્ધાંજલિની કાવ્યમય રચના કરીને તેને સંગીત આપ્યું. આ સંગીતના સ્વરો શ્રી ઉમાશંકર ચંડોલાએ આપ્યાં. વિદ્યાર્થીઓએ ખૂબ જ સૂરીલા સ્વરે સરદાર જયંતીના ઉત્સવમાં ગાયા.

પહેલી ઉજવણીનો એ દિવસ કદી ભૂલી શકાય તેમ નથી. શ્રી રાજેન્દ્રબાબુએ સભાખંડમાં પ્રવેશ કર્યો. એમના સફેદ પોશાકમાં તેઓ સ્ટેજ ઉપર આવ્યા, સ્ટેજ ઉપર સરદારના ફોટાને શાળાનાં બાળકોએ ફૂલોથી શોભાયમાન કર્યો હતો. સરદારનો એ ફોટો આખાય સભાખંડને કંઈક સંદેશો આપી રહ્યો હતો. વિદ્યાર્થીઓમાં, વાલીઓમાં અને અન્ય આમંત્રિતોમાં પ્રધાનો પણ હતા. સૌના મોઢા ઉપર આ પ્રસંગનો આનંદ દેખાતો હતો. શ્રી રાજેન્દ્રબાબુ જેવા સ્ટેજ ઉપર પહોંચ્યા એવા સીધા જ સરદારના ફોટા પાસે ગયા અને તેમને નમન કર્યું. નમન કર્યા બાદ અમે સૌએ જોયું તો તેઓની આંખમાં આંસુ દેખાતા હતા. તેમના બોલવામાં પહેલું જ વાક્ય એ હતું, ''અમારા સૌ માટે તેઓ પિતા સમાન હતા અને જ્યારે રાષ્ટ્રના પ્રશ્ન અંગે મૂંઝવણ થતી ત્યારે અમે સૌ એમની પાસે દોડી જતા. તેમનો નિર્ણય અને ઉકેલ બંને સરસ અને રાષ્ટ્રના હિતમાં જ રહેતા. આખા રાષ્ટ્રને એક જ માળામાં પરોવીને એમણે રાષ્ટ્રને એક મહાન રાષ્ટ્ર બનાવ્યું.'' આવી એમની ભાવનાઓ દ્વારા સરદારની જીવનજ્યોત ઉપર અનેક વાતો તેમણે કરી. એમની વાતો પૂરી થતાં આખી સભા સ્તબ્ધ બની ગઈ હતી. આમ સરદારની આ પહેલી જન્મજયંતી ખૂબ સફળ રહી. નહેરુયુગનું જબરજસ્ત જોર હોવા છતાં આજે રાષ્ટ્રને એક બનાવનાર સરદાર પટેલની જયંતી ઉજવવાનો યુગ શરૂ થયો એ એક નવું પ્રયાણ હતું. સરદારને ચાહનારા અને પિતા માનનારા લોકોના હૈયાઓમાં આનંદ માતો નહતો. દિલ્હીમાં અને નહેરુયુગમાં આ પ્રણાલિકા સરદાર પટેલ વિદ્યાલયે ચાલુ કરી. પછી તો ડૉ. રાધાકૃષ્ણન્ અને ખુદ શ્રી જવાહરલાલ નહેરુ પણ સરદાર પટેલ વિદ્યાલયમાં આવ્યા હતા. સરદાર પટેલ વિદ્યાલય છોડતાં પહેલા શ્રી રઘુભાઈ સરદાર જયંતી નિમિત્તે શ્રી ઈન્દિરાજીને પણ આ વિદ્યાલયમાં બોલાવ્યા હતા. આમ આ પરંપરા હજી પણ ચાલુ છે.

સરદારનું સ્મરણ એ આ વિદ્યાલયનો એક ગૌરવપૂર્ણ પ્રસંગ કાયમ માટે બની રહ્યો છે.

# આ માતાઓ ભણેલી ગણાય ?

મનસુખભાઈ સલ્લા
સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશિષ પાર્ક સામે,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૪૦૪૨૪૫૩





અભણ કે ઓછું ભણેલી માતાઓ કરતાં કેટલીક ભણેલી માતાઓ અનેકગણા ખોટા ખ્યાલો ધરાવવા માટે પોરહાતી હોય ત્યારે તેમનાં સંતાનોની દયા આવી જાય. કારણકે આવી માતાઓ બાળઉછેર અને બાળમાનસ વિશે એકાંગી રીતે વિચારતી હોય છે. સાંભળેલું કે આસપાસ જોયેલું તેમને સાચું લાગે છે. તજજ્ઞની સલાહ તેઓ આંખ મીંચીને સ્વીકારે છે. ઉચિત-અનુચિતનું પ્રમાણભાન ન રહે તો એવી વ્યક્તિ ડીગ્રીધારી હોઈ શકે, શિક્ષિત ન ગણાય.

આના પાયામાં સરખામણી, મોટાઈના ભ્રમિત ખ્યાલો અને પૈસાનો અહંકાર હોય છે. પરિણામે આધુનિક્તા અને સ્ટેટસના મોહમાં સાવ સામા છેડે પહોંચી જવાય છે. સૌથી મોટી કરુણતા તો એ છે કે તેમને એય ખ્યાલ નથી કે પોતે અવળે રસ્તે છે અને એનો ભોગ સંતાનો બને છે. તેઓ સમજતાં નથી કે દરેક બાળકની શારીરિક, માનસિક, ક્રિયાત્મક અને ભાવનાત્મક ક્ષમતા અલગ અલગ હોય છે. એક બાળક માટે સારું કે વાજબી તે બીજા બાળક માટે એમનમ લાગુ પાડી ન શકાય. વળી સિદ્ધાંતોને જડપણે લાગુ પાડી ન શકાય.

પરંતુ મોટાં શહેરોની આવી માતાઓ દેખાદેખી અને પ્રતિષ્ઠાના ખ્યાલથી એટલી ગ્રસ્ત હોય છે કે તેમને સાચું શું, વાજબી શું, ક્યાં ક્યારે કેટલું એનો વિવેક રહેતો નથી.

હમણાં એક બાલમંદિર (પ્લેગ્રુપ)ના સંચાલિકાબહેનને મળવાનું થયું. તેઓ બાળમાનસ અને બાળવ્યવહારોના સારા જાણકાર છે. બધામાં તેમની વિવેક ભરી નજર છે. તેમણે કહ્યું, ‘પ્રશ્ન બાળકોનો નથી, તેમનાં માબાપનો છે. બાળકો તો સહજ વર્તતાં હોય છે, કેળવવાની જરૂર માબાપને છે.’ પછી એમણે જે ઘટનાઓ કહી તે આંખ ઉઘાડનારી છે.

તેમણે પોતાના બાલમંદિરમાં કેમેરા મૂકાવ્યા છે. જે બાળકનાં માબાપ ઈચ્છે તેઓ ઘેર બેઠાં પોતાનું બાળક શું કરી રહ્યું છે તે જોઈ શકે છે. એક માતાએ આ રીતે કેમેરામાં જોયું કે પોતાની ત્રણ વર્ષની દીકરી બીજાં બાળકો સામે રમી રહી હતી. તેઓ મળવા આવ્યા અને ફરિયાદ કરી કે, ‘તમે મારી ડૉટરને ચાર બાળકોની સાથે કેમ બેસાડી ? એને અલગ જ રમવાનું આપો. તમારી શિક્ષિકા બીજાં બાળકો સાથે મારી દીકરીને રમાડે, શીખવે એવું કેમ ચાલે ? મેં તમારી પૂરી ફી આપી છે.’

સંચાલિકાબહેને સમજાવ્યું કે, ‘તમારી દીકરી ત્રણ વર્ષની છે. બીજાં બાળકો સાથે હળવું-ભળવું સ્વાભાવિક છે. એ એના વિકાસ માટે પણ ઉપયોગી છે. એને એકલી રાખવાથી ઊલટી મુશ્કેલીઓ વધશે. બાળકો સાથે રહે, રમે, પ્રવૃત્તિ કરે તેમાંથી ઘડાતાં હોય છે.’ પરંતુ એ માતાને આ વાત કોઈ રીતે ગળે ન ઉતરી. તેનો ખ્યાલ હતો કે પોતાનું બાળક વિશેષ છે. બીજાં બાળકો સાથે હળેભળે તો બગડી જાય. સંચાલિકાબહેને સમજાવ્યું કે ‘બહેન, અહીં આવતાં બાળકોનાં માબાપ સુખી અને ભણેલાં ગણેલાં છે. અમે બાળકોને સાથે બેસાડીએ તેથી કોઈ બાળક બગડતું


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

નથી. તમારી દીકરી બીજાં બાળકો સાથે કેટલી ખુશ છે ?' પણ માતાના મનમાં પોતાની ગુરુતાગ્રંથિ એટલી પ્રબળ હતી કે એ વાત તેઓ સ્વીકારી ન શક્યાં. સંચાલિકાબહેન વિચારે છે કે કેમેરા બંધ કરી દેવા. એ માતા પાસે બાકીનું બધુ હતું, હતું, માત્ર સાચી સમજણ નહોતી. એને કોણ સમજાવી શકે ?

બીજી અનેક માતાનો કિસ્સો પણ આવો જ કરુણ છે. એ માતાએ પોતાના બાળક માટે ખોરાકનું ટાઈમ ટેબલ બનાવ્યું છે. શહેરના નામાંકિત બાળનિષ્ણાતે એ બનાવી આપ્યું છે. બાળકને બધાં પ્રકારનાં પોષક તત્ત્વો મળી રહે એ ખ્યાલ છે. એટલે માતાએ બાળકને ક્યારે શું ખવડાવવું એનું સમયપત્રક બનાવ્યું છે. ભોજન, સુપ, જ્યુસ, ફળો, સુકોમેવો એમ અમુક સમયે અમુક ખવડાવવાનું ગોઠવ્યું છે. એટલે બાળક બાલમંદિરમાં હોય તો પણ માતા મોટરમાં બેસીને આવી જાય. એ સમયે બાળકે એ ખાવાનું જ. બાળક ના પાડે, આનાકાની કરે, રડે – પણ માતાને સંતોષ છે કે તેનું બાળક ચોક્કસ સમયે પોષક તત્ત્વ છે, માત્ર એ ખબર નથી કે બાળકને ભૂખ છે કે નહિ. બાળક કાંઈ ઘડિયાળનો કાંટો નથી કે અમુક જગ્યાએ પહોંચ્યો એટલે અમુક સમય બતાવે. એમ અમુક સમયે બાળક ભૂખ્યું થઈ જ જાય. માતાની ફરિયાદ એ છે કે બાળક અમુક સમયે અમુક ખાતું નથી. સંચાલિકાએ તેમને સમજાવ્યું કે, 'બહેન, તમારા બાળકને ભૂખની તો ખબર પડવા દો ! ભૂખ લાગશે એટલે ખાશે જ. તમારા નક્કી કરેલા સમયે તેને ભૂખ લાગવી જ જોઈએ એવું કેવી રીતે બને ? તેનું પેટ ભરેલું પણ હોય.' તો માતાએ કહ્યું, 'તો તો તેને બધાં પોષક તત્ત્વો મળે જ નહિ. તેનો પૂરો વિકાસ ન થાય ને ?' સંચાલિકાએ સમજાવ્યું પણ માતાને ગળે ન ઉતર્યું. તેઓ બાળકને નક્કી કરેલા સમયે જ ખવડાવે છે. સમયપત્રક તો જળવાય છે, પણ બાળકની ઇચ્છા, પસંદગી, રુચિ જળવાતી નથી. ત્રણ વર્ષના બાળક ઉપર આ જુલમ છે એ આ ભણેલી માતાને સમજાતું નથી.

ત્રીજી માતા પણ વિશિષ્ટ છે. તેનો ખ્યાલ એ છે કે બાળકના શરીરમાં અમુક તત્ત્વો જવાં જ જોઈએ, તો જ તેના શરીર-મનનો વિકાસ બરાબર થાય. બાળઉછેરના નિષ્ણાત પાસેથી તેમણે જાણી લીધું છે. ત્રણ વર્ષનું બાળક ચાવીને ખાય તો નિષ્ણાતના કહ્યા પ્રમાણે બધું ન ખાય. એટલે માતાએ નવો માર્ગ લીધો. તેઓ સઘળી વસ્તુ ક્રશરમાં નાખી, દૂધમાં ભેળવી એક મોટી સીરીઝમાં ભરીને બાળમંદિરમાં આવે છે. એ સમય પાકો હોય છે. માતા બાળકનું મોં ખોલાવી, અંદર સીરીઝ ઠાલવી દે છે. બાળક બધું ગળી જાય છે. માતા ખુશ છે. સંચાલિકાએ સમજાવ્યું કે, 'બહેન, એને ચાવવા દો. એના દાંત-પેઢા મજબૂત થશે. મોંની લાળ ભળવી પાચન માટે જરૂરી છે. વળી બાળક ચાવીને ખાશે તો સ્વાદની પરખ કરતો થશે.' પરંતુ માતા એ વાત માનવા તૈયાર નથી. પોષક તત્ત્વોનું ઘેલું એમાં નિર્ણાયક છે.

આ માતાઓ નિષ્ણાતોની સલાહ લે છે, પણ એનો ઉપયોગ જડપણે કરે છે. એટલે બાળક સાધ્ય મટીને સાધન બની જાય છે. અત્યારે આ પ્રશ્નો સુખી, સંપન્ન વર્ગના વધુ છે. તેઓ પૈસાને કેન્દ્ર ગણે છે. એ માટેની બધી તૈયારી હોય છે. જેમ પોતાના વાળ, નખ, દેખાવ, ચામડી સરસ રહે એ માટે વર્ષે ૫-૬ લાખ ચૂકવીને એવાં કેન્દ્રોમાં જાય છે અને શહેરમાં એવાં કેન્દ્રો વધી રહ્યાં છે જ્યાં બધુ કરી આપવામાં આવે છે. તેમ તેઓ બાળકને પણ પોતાના આવા નિર્ણયો માટે તેમને ગૌરવ હોય છે. તેઓ કીટી પાર્ટીમાં હોંશભેર કરી શકે છે કે પોતે કેટલી અદ્યતન અને પ્રગતિશીલ રીતે પોતાના સંતાનની કાળજી લઈ રહી છે.

વસ્તુ કે પૈસાનો અભાવ દયનીય સ્થિતિ સર્જે છે તેમ અતિ પૈસો પણ કરુણતા સર્જે છે, તેનાં આ દૃષ્ટાંતો છે. બીજા કરતાં પોતાને અસામાન્ય, વિશિષ્ટ, ઊંચા દર્શાવવાની હોડમાં તેઓ પોતાના જ બાળકનો ભોગ લઈ રહી છે એવું આ માતાઓ ક્યારે સમજશે ?

# ક્ષમા

હરિત પંડ્યા



૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૬૯૯૮૫૪

પ્રેસિડેન્ટ બન્યા પછી મેં મારા અંગરક્ષકોને મારી સાથે શહેરમાં લટાર મારવા અને એકાદ રેસ્ટોરાંમાં લંચ લેવા એક દિ' કહ્યું.

અમે શહેરની એક રેસ્ટોરાંમાં ગયા અને એક ટેબલ પર બેઠા પછી અમારી મનપસંદ વાનગીઓનો ઑર્ડર આપ્યો. થોડીવારે વેઈટર અમે મંગાવેલ વાનગીઓ લઈ આવ્યો.

મારી સામેના ટેબલ પર એક ભાઈ બેઠા હતા. એમણે મંગાવેલ વાનગીની એ રાહ જોઈ રહ્યા હતા.

મેં મારા એક અંગરક્ષકને કહ્યું,

સામેના ટેબલ પર બેઠેલ ભાઈને જઈને કહો કે એમણે મંગાવેલ વાનગી લઈને એ આપણા ટેબલે આવે અને આપણા ભેગા બેસીને એમની વાનગી માણે.

મારો અંગરક્ષક મારા કહેવા પ્રમાણે એ ભાઈને ટેબલે જઈને એને મારો સંદેશો પહોંચાડી આવ્યો.

એ ભાઈની વાનગી આવી એટલે વાનગીની ડિશ લઈને અમારા ટેબલે આવ્યા. મેં એમને મારી બાજુની ખુરશીમાં બેસવા કહ્યું. મારા કહ્યા મુજબ એ મારી બાજુમાં ગોઠવાયા.

એ ભાઈના હાથ ધ્રૂજતા હતા. જમતા સુધી એમના હાથ ધ્રૂજતા રહેલા. એમની ડિશ પૂરી કર્યા પછી એ વિદાય થયા.

ભાઈ બહુ માંદા લાગતા હતા. એ અહીં આવ્યા ત્યારથી તે જતા સુધી એમના હાથ ધ્રૂજતા રહેલા. એક અંગરક્ષકે કહ્યું.

ના એ ભાઈ જરાય માંદા નો'તા. હું જે કોટડીમાં કેદી તરીકે પુરાએલો એ કોટડીનો આ ભાઈ ગાર્ડ હતો. મારા પર અમાનુષી ત્રાસ ગુજાર્યા પછી હું જ્યારે ઘૂટડો પાણી માગતો ત્યારે એ મારા માથા ઉપર પેશાબ કરતો. એના ત્રાસથી મારાથી ચીસ પડાઈ જતી. મને જોઈને એ ગભરાયો હશે. એને થયું હશે કે ગાર્ડ તરીકે મેં જેના પર ત્રાસ ગુજારેલો એ કેદી આજે દેશનો પ્રમુખ બની ગયો છે અને મારા ત્રાસનો બદલો લેવા એ મને જેલ ભેગો કરીને મારા પર ત્રાસ ગુજારાવશે.

પણ એ 'મારો સ્વભાવ નથી, કે નથી મારું એ નીતિશાસ્ત્ર'. નેલ્શન મંડેલાએ કહ્યું.

*બદલાની ભાવના રાષ્ટ્રોનો વિનાશ નોતરે છે.*
*સહિષ્ણુતાની ભાવનાથી રાષ્ટ્રોનું નિર્માણ થાય છે.*

– નેલ્શન મંડેલા

(સૌજન્ય : ટાઈમ્સ ઑફ ઈન્ડિયા)

**આપણી આજની વિદ્યાપ્રાપ્તિની દરેક પ્રક્રિયા ભણનારના જીવન સાથે વાસ્તવિક રીતે સંકળાયેલી હોવી જોઈએ. આમ નહિ બને તો વિદ્યા પ્રાપ્ત કરનાર યુવાન બદલાતા સમાજમાં કશો ઉપયોગી ફાળો આપી શકવાનો નથી.**
**સમગ્ર પ્રાથમિક શિક્ષણ જુદો જ પલટો લઈ શકે તે રીતે માત્ર સુધારો જ નહિ પરંતુ ક્રાંતિકારી ફેરફારો આપણે કરવા જોઈએ.**

# સ્થૂળતા આજના યુગની ગંભીર સમસ્યા

ડૉ. ઊર્મિલાબહેન શાહ

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબ પાસે, અમદાવાદ.
મો.: ૯૯૭૯૨૩૦૪૦૪



'અંકિત! ચાલ જલદી જમવા બેસી જા તો, જો તારે માટે ગરમ ગરમ રોટલી ઉતારું છું. પછી એ ઠંડી થઈ જાય તો મજા નહીં આવે. યુનિફૉર્મ બદલ્યો ને !... તો હાથપગ ધોઈને જલદી આવી જા બેટા !'

'મા ! તું રહેવા દે ને ! મારે જમવું નથી. મને ભૂખ નથી.'

સવારે સાત વાગે એક કપ દૂધ પીધું છે ને અત્યારે તો એક વાગ્યો. ભૂખ ન હોય તેવું તે હોય ! હમણાંથી તો તું નાસ્તાનો ડબ્બો પણ નથી લઈ જતો. આ બધું કેવી રીતે ચાલે ? સમયસર જમી તો લેવું જ પડે ને ! ચાલ આવી જા જલદી. આ રોટલી ઠંડી થાય છે.

'મા, મેં તને એકવાર કહ્યું ને કે મને ખૂભ નથી. મને આ રોજેરોજ દાળભાત રોટલી અને શાક ખાવા નથી ગમતાં... હવે તો આપણે બહાર ખાવા જઈએ છીએ તો કેટકેટલી નવી વેરાઈટીઝ ખાવા મળે છે ! એવું કંઈક બનાવે તો ખાવાનું ગમે. બાકી રોજે રોજ આ દાળભાત રોટલી અને શાકથી તો મને કંટાળો આવે છે, કોણ જાણે કોણે આ કર્યું હશે !'

'બેટા ! તને ખબર છે ? દાળભાત રોટલી અને શાક દિવસમાં એક વખત તો ખાવા જ જોઈએ ને ! તમને પૂછીને, તમને મન થયું હોય તેવું જ તો બનાવું છું ને ! પણ બે બે વખત તો એવું ખાઈને પેટ અને તબિયત બધું જ બગડે ને !'

ગઈકાલે જ નંદિત બપોરે સ્કૂલમાંથી ઘરે આવ્યો. અને એટલો ગુસ્સે થઈ ગયો. દફતર ફેંકતા જ દાદીમા ઉપર અકળાઈ ગયો. 'દાદીમા મને તમે ટિફિન મોકલો છો તે જરાય ગમતું નથી. મને પાસ્તા ખાવાનો મૂડ હોય એ દિવસે અંદરથી પાઉંભાજી નીકળે અને રગડો પેટીસ ખાવાનું મન થયું હોય ત્યારે અંદરથી કંઈક બીજું જ નીકળે. દાદીમા તમને ખબર કેમ નથી પડતી કે મને ક્યારે શું ભાવશે ? મારા ભાઈબંધનું ટિફિન જોઈને મને તો ક્યારેક મોંમા પાણી આવી જાય છે અને દાદીમા ! મૂડી કરતાં તો વ્યાજ બધાંને વહાલું જ હોય. એટલે દાદીમા નંદિત સ્કૂલમાં જાય ત્યારે બધાં છોકરાંની જેમ સાથે જ ટિફિન તૈયાર કરીને આપવાને બદલે એને સારો નાસ્તો અને દૂધ આપીને સ્કૂલે મોકલ્યાં પછી પાછાં રસોડામાં પેસીને એને માટે કંઈક નવી વાનગી ખાસ ટિફિન માટે બનાવે અને ખર્ચની પણ કશી જ ફીકર કર્યા વિના દસ વાગે ટિફિનવાળા સાથે ટિફિન મોકલે તે પણ ખાવાનું ગરમ રહે તેવા ટિફિનમાં જાતે ભરે... નંદિતનાં મમ્મીને તો ઑફિસે જવાની ઉતાવળ હોય એટલે નંદિતનાં ટીફીનની જવાબદારી તો વ્હાલપૂર્વક દાદીમા પોતે જ સંભાળે અને છતાંય નંદિત ઘરે આવે ત્યારે તો આ જ પરિસ્થિતિ ઊભી થાય અને એટલે દાદીમાને ખૂબ દુઃખ થાય 'આ આજનાં છોકરાંઓને સંતોષ કેવી રીતે આપવો ?' બહુ મોટી સમસ્યા છે. એક તો ઉંમર થાય એટલે કામ કરવાની શક્તિ ઘટે પણ છતાંય છોકરા માટે

એટલું વહાલ હોય કે થાક કે કંટાળાને તો એમની પાસે ફરકવા જ ન દે. પણ આ નાદાન બાળકોને મા-બાપ કે દાદાદાદીની આ મથામણનો ખયાલ સુધાં આવે છે ખરો ! 'કદાચ કંઈ ઈમરજન્સી ઊભી થાય તો' એટલે મમ્મીએ ખિસ્સામાં રાખવા આપેલા પચ્ચીસેક રૂપિયાથી તો ઘેર આવતાં પહેલાં સ્કૂલનાં ઝાંપેથી દાળવડા કે બીજું કંઈ પણ ખાવાનું લઈને ઝાપટ મારી દીધી હોય. ઘેર આવે ત્યારે ભૂખ હોય તો ખાવાનું ભાવે ને ! મમ્મી કે દાદી ગમે તેટલાં પ્રયત્નો કરે ઘેર આવે ત્યારે ઘરનાં મહેનત કરીને ખાસ ધ્યાન આપી કરેલા ખાવાનાને તે માણી જ કઈ રીતે શકે ! આ સમસ્યા તો છે જ એમાં વળી આજના વખતની બીજી મોટી સમસ્યા છે ઑબેસીટી સ્થૂળતાની...

આજની ઉગતી પેઢી શારીરિક કસરત, શ્રમ, એ જીવનમાં આરોગ્ય અને તંદુરસ્તી માટે જરૂરી પરિબળોનો તો વિચાર સુદ્ધાં નથી કરતી. ટી.વી., સેલફોન, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ આ બધામાં એ નાનાં હોય ત્યારથી એવા તો અટવાય છે કે બહારની ખુલ્લી હવામાં રમવાનું, દોડવાનું, બધું જ જાણે ભૂલાઈ ગયું છે. મમ્મી વળી ક્યારેક સોસાયટીને નાકેથી એકાદ વસ્તુ લાવી આપવાનું કહે તો તરત જ કહે... એમ કંઈ હું ચાલતો નહીં જાઉં, પપ્પા આવશે પછી એમના બાઈક પર જઈને લાવી આપીશ. ખરેખર તો તંદુરસ્તી માટે શરીરનાં અંગોનો નિયમ છે કે 'Use it or lose it' બેઠાડું જીવન આટલી નાની ઉંમરથી કેમ ચાલે ! અને એનું પરિણામ 'સ્થૂળતાની સમસ્યા' શરીરમાં સ્ફૂર્તિ જ જોવા ન મળે.

મેં એંસી વર્ષ સુધી સ્કૂલમાં કૉ-ઑર્ડિનેટર હોવાને કારણે આખી સ્કૂલનું સંચાલન સંભાળ્યું. રોજે રોજ કેટકેટલા પ્રશ્નો અને સમસ્યાનાં ઉકેલ લાવવાના હોય ! પણ મારામાં ક્યારેય થાક અને કંટાળો પ્રવેશ્યા નહોતાં, નિયમિત કસરત, નિયમિત સાદો અને પૌષ્ટિક ખોરાક. હા ! ક્યારેક સારી વાનગી ખાવાનું મન થાય ને થોડી ખાઉં પણ ખરી. પણ તે બધું જ મર્યાદામાં અને માપસર અને એટલે આજે પંચ્યાસી વર્ષે પણ થાક કે કંટાળો મને સતાવતા નથી ને, સ્ફૂર્તિલું જીવન જીવી શકું છું. ત્યારે નંદિત જેટલા ઊગીને ઊભા થતાં છોકરાંઓ હજી તો કૌમાર્યાવસ્થાએ પહોંચે એ પહેલાં જ વધુ પડતું વજન, અને નિરુત્સાહી જેવા દેખાય છે ત્યારે આશ્ચર્ય થાય છે કે માણસ જીવવા માટે ખાય છે કે ખાવા માટે જીવે છે ! સ્થૂળતાની સમસ્યા આજે દુનિયાભરની સમસ્યા બની ચૂકી છે, આપણે ક્યારે જાગીશું !

---

**શાળા શિક્ષણ કઈ ઉંમરથી ?**

પાડતી શાળાઓ સ્વીકાર્ય ગણાય. જ્યાં બાળક રમતાં રમતાં ભણે અને ભણતાં ભણતાં રમે. બાળકને ઊંઘ આવે તો ઊંઘી જાય અને ચિત્ર બનાવવાનું મન થાય તો ચિત્ર બનાવે. આવા મુક્ત વાતાવરણમાં કોઈ પણ જાતના વિશેષ પ્રયાસ વગર બાળક ખૂબ ઝડપથી લખતાં-વાંચતાં પણ શીખી શકે છે. આવા વાતરણમાં ભણતર શરૂ કરવાનો ફાયદો એ છે કે બાળકના મનમાં શાળાની ભયાવહ છાપ પડતી નથી, સારી છાપ પડે છે. તેમ જ ભણવા માટેની ધગશ બાળકમાં ઉત્પન્ન થાય છે.

કમભાગ્યે મોટાભાગની શાળાઓમાં આવું મુક્ત વાતાવરણ હોતું નથી. બાળકોને બોલવા, લખવા કે વાંચવા માટે દબાણ કરવામાં આવતું હોય છે. હોમવર્ક, પરીક્ષા વગેરેનું પણ ભારે દબાણ શરૂઆતથી બાળકો પર હોય છે. આવી શાળાને કારાગાર નહીં તો બીજું શું કહીએ ?

તેથી બાળકને કઈ ઉંમરથી શાળાએ મોકલવું જોઈએ એ મહત્ત્વનું નથી, શાળાનો શિક્ષણ વિશેનો અભિગમ શો છે તે મહત્ત્વનું છે. દેખાદેખી અને હરીફાની વૃત્તિથી શાળાઓ અને મા-બાપ બંને બાળકને માથે ભણતરનું ભારણ વધારવાની જે હોડમાં ઊતરી ચૂક્યાં છે, એમાંથી હવે પાછાં વળવું જ રહ્યું.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# યાદોની ફરિયાદો

**રણછોડ શાહ**

મૅનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી સ્કૂલ, ભરૂચ.
સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧



*યાદ આવી ગઈ ફરીથી, આજની જૂની વારતા,*
*ઊડતી આવી પરી ને બાળપણ બેઠું થયું.*
**– બી. કે. રાઠોડ 'બાબુ'**

જીવનમાં ક્યારેક વિચારોની લટાર મારવા નીકળવાનું થાય ત્યારે અવનવી યાદો તાજી થવી અત્યંત સ્વાભાવિક છે. ત્યારે મિત્રો યાદ આવ્યા વિના રહે ખરાં ? ભૂતકાળની સાથે દોસ્તાની ઢંઢોળાઈ જ જાય છે. રાત્રે ઊંઘ ઊડી જાય તો કોઈ સખા કે સખીની સ્મૃતિ તાજી થઈ જવી સહજ છે. કેટલીક યાદો ફૂલોની ખુશબૂ જેવી મધમધતી હોય છે તો ક્યારેક ગુલાબના કાંટા ભોંકાતા હોય તેવો અનુભવ પણ થઈ જાય.

*ભરોસો ન કરજે કદી ફૂલનો તું,*
*ફૂલો તો ચૂંટાઈને ચાલ્યાં જવાનાં,*
*ઈમનને વફાદાર કંટક રહેશે,*
*ઈમનને કદી પણ નથી છોડવાના*
**– મુકબિલ કુરૈશી**

વતનના રસ્તા ઉપર લટાર મારતાં મારતાં બચપન કે યુવાનીના દિવસો ફરીથી તાજા થઈ જાય છે. ઉંમર વધતાં સ્વજનો અને મિત્રોથી દૂર થઈ જતાં વ્યકિત 'તુ' માંથી ક્યારે 'તમે' થઈ ગયો તે સમજવાનું મુશ્કેલ બની જાય છે. કોઈ એક ઉંમરે 'તુ' કહીને બોલાવે તેવા સ્વજન કે મિત્રને શોધવા માટે હેલોજનની લાઈટ પણ ઓછી પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે. ધીમે ધીમે ઉંમર વધતાં જીવનની સ્મૃતિઓનું પુસ્તકમાં પરિવર્તન થઈ જાય છે. ક્યારેક તો યાદો વેદનાસભર બની જાય છે. તો અમુક સમયે તો માત્ર સ્મૃતિઓના સહારે જ જીવન વ્યતીત થતું હોય તેવું અનુભવાય છે. નદી કિનારાનો વાયરો કે દરિયાની લહેરો સ્મૃતિઓને ઢંઢોળે છે અને મન–દિલ ભર્યું ભર્યું બની જાય છે. જિંદગીમાં મિત્રોની સાથે હસતાં હસતાં દિવસો પસાર થઈ જાય તો તે ઉત્તમ કારણ કે મૈત્રીનો જમાનો પુનઃ ક્યારેય પ્રાપ્ત થતો નથી.

*જિંદગીના એ સોનેરી દિવસો બહુ ઝડપથી સરી ગયા,*
*યાદ બનીને મનના ખૂણે એ આઈસબોકસમાં ઠરી ગયા.*
*પણ એક વાતમાં આપણા સૌના નસીબ ઊઘડી ગયા,*
*ફાપણને સૌને અનાયસે અદ્‌ભુત મિત્રો મળી ગયા.*
**– અજ્ઞાત**

ક્યારેક ખોવાયેલી યાદો સ્મૃતિમાં શું–શું નથી લાવી દેતી? જીવનમાં અનેક વસ્તુઓ છૂટી ગયાની વેદના સતત મન અને હૃદયને વાગતી રહે છે, કોસતી રહે છે. છૂટી જવું, ખોવાઈ જવું, રહી જવું, ભુલાઈ જવું સ્વાભાવિક હોય તો પણ સ્મરણમાંથી વિમુખ થવું શકય બને ખરું?

*એવું નથી કે સંબંધને સાચવવા બુદ્ધિ જોઈએ,*
*ફેના માટે ફકત આપણા હૃદયની શુદ્ધિ જોઈએ.*
**– અજ્ઞાત**

ત્રણ માસના બાળકને આયા પાસે મૂકી જતી મમ્મી પર્સ, રૂમાલ અને ચાવી યાદ કરે છે ત્યારે ઘરમાં શું રહી ગયું તે યાદ આવ્યા વિના રહે ખરું? ધનાઢ્ય થવા માટે ભટકતી વ્યકિત જે કુટુંબીજનો માટે તે રખડે છે તે તો પાછળ રહી જતા નથી ને? કન્યા વિદાયના સમયે કશું રહી ગયું તો નથી ને? તેવી તપાસ કરતા લોકોની વચ્ચે પિતા ફૂલોના હારમાંથી વિખૂટા પડેલા ફૂલોની વચ્ચે પોતાની દીકરીની યાદો શોધવા પ્રયત્ન કરે છે. પિતા પ્રેમથી કન્યાને કહે છે તે બધુ ભેગું તો કરી લીધું છે ને? કાંઈ રહી તો જતું નથીને? ત્યારે દીકરી વિચારે છે કે મારું બધું નામ–ઠામ સહિત તો અહીંયાં છોડીને જાઉં છું પછી મારી પાસે શું બાકી રહે છે?

ગદગદિત થયેલું હ્રદય તો પોકારી પોકારીને કહે છે બધું તો અહીંયાં જ મૂકીને જાઉં છું.

અનેક આશાઓ અને અરમાનો સાથે પુત્રને પરદેશ મોકલતા પિતા વિચારે છે કે દીકરો ભણીગણીને પાછો આવશે ત્યારે સુખ–ચેનથી સૌ સાથે બાકીની જિંદગીના દિવસો આનંદમાં જીવીશું. પરંતુ તેમ ન બને ત્યારે સમગ્ર જીવન ખોવાઈ ગયાનો અનુભવ તો મમ્મી–પપ્પાને જ થાય છે. પૌત્રના જન્મ પ્રસંગે ત્રણ માસનો વીઝા મેળવી પરદેશ જતા માતા–પિતાને દેશમાં પરત આવતી વખતે પૂત્ર પૂછે છે કે તપાસી લેજો કાંઈ રહી ગયું તો નથી ને? ત્યારે વડીલો વિચારે છે કે હવે રહી જવા માટે બાકી જ શું રહ્યું છે?

*થોડોક ભૂતકાળ મેં આપ્યો હશે, કબુલ,*
*તું એને ધાર કાઢીને પાછો ન મોકલાવ.*

***— રમેશ પારેખ***

નોકરીનો સમય પૂરો થતાં વિદાય સમારંભમાં કોઈ પૂછે કે બધું બરાબર તપાસી લીધું છે, ત્યારે જવાબ હોય છે કે હવે બાકી જ શું રહી ગયું છે? થોડાક વિચાર કરી જણાવે છે કે જિંદગી તો રોજ આવવા–જવામાં નીકળી ગઈ : 'હવે બાકી શું રહી ગયું છે?' સ્મશાનેથી પાછા ફરીને પિતાની સળગતી ચિતા જોતાં પુત્રનું મન ભરાઈ આવ્યું. દૂર–દૂર ક્ષિતિજ તરફ આંખ માંડતા પિતાના ચહેરાના શોધવાને તે નિષ્ફળ પ્રયત્ન કરતો હતો. સ્મશાનેથી ઘેર આવતાં મિત્રએ પૂછ્યું, 'શું કશું રહી ગયું?' સજળ નેત્રે પુત્રએ જવાબ આપ્યો, 'ના, હવે કાંઈ રહી ગયું નથી – અને જે રહી ગયું છે તે સદાય મારી સાથે જ રહેશે.' ના, સ્મશાનમાં કાંઈ રહી જતું નથી. રહી જાય છે માત્ર યાદો ! એકવાર વિચારવું જોઈએ કે બધું પરત આવે છે પરંતુ શું વીતી ગયેલો સમય કયારે ય પાછો આવે છે ખરો? તો મિત્રો, આજને જ મન ભરીને જીવી લો ને. કયારે જીવનની છેલ્લી રાત્રી આવી જશે તેની કોને ખબર છે? આ સમય આવે ત્યારે પહેલાં મિત્રો–સ્વજનોને ગળે લગાડી લો, પ્રેમ ભરી વાતો કરી લો અને તેમની સાથે હસીખુશી વહેંચી લો ને !

*ઊભરા હૃદયના કાઢ, પરંતુ બધા નહિ,*
*ફરિયાદની મજા તો ફક્ત કરકસરમાં છે.*

***— મરીઝ***

**<u>આચમન</u> : મોસમ છે વિહરની, યાદો વણું છું, પણ ખાલીપો ભરાતો નથી. - સાહિલ.**

---

**સાર્ધ-શતાબ્દી વંદના – ૨૫૧**

વ્યાપક બનાવવી હોય તો કોના જનાધારની જરૂર હતી ?

**ઉ. એક પ્રસંગ : બહારના પોશાક જેવી અંદરની સાધુ વૃત્તિ હશે તો સ્વરાજ્ય વહેલું મળશે**

ગાંધીજીએ ગોધરામાં અંત્યજોની સભામાં ઉક્ત ભાષણ કર્યું ત્યાં વિઠ્ઠલભાઈ પટેલ લાંબી દાઢી અને ભગવા પહેરીને સાધુના વેશમાં હાજર હતા. ગાંધીજીનું ભાષણ પૂરું થયું પછી એક હરિજન યુવક ઊભો થયો. તેણે બોલવાની રજા માગી. તે ગભરાતો ગભરાતો આગળ આવ્યો. તેણે કહ્યું કે હું ભણેલો માણસ નથી. હું ઢેડનો દીકરો છું. હું મારી જાતિ તરફથી આ જનસમુદાયનો આભાર માનું છું અને બાવાજી (વિઠ્ઠલભાઈ પટેલ) ને પ્રેમ અને આભારની અંજલિ આપું છું. ધીમે ધીમે તેનો આત્મવિશ્વાસ વધ્યો અને તેણે રજપૂત જાતિમાં પોતાની જ્ઞાતિ સૌથી આગળ હોવાનો દાવો સાબિત કરવાનો પ્રયત્ન કર્યો.

આ સાંભળીને ગાંધીજી તેનો ભ્રમ દૂર કરવા ઊભા થયા અને તેને પોતાના વંશ વિષે મોં માથા વગરની વાતો નહીં માનવાની સલાહ આપી. ઢેડ લોકોને પોતાની ઉત્પત્તિ વિષે સંતોષ માનવાની સલાહ આપી ને તેમણે કહ્યું કે હવે ઊચ્ચ વર્ગના લોકોએ તમને મમતાપૂર્વક સહારો આપ્યો છે એટલે તમે તમારા પોતાના પ્રયત્નથી ઊંચે આવો. બાવાજી (વિઠ્ઠલભાઈ પટેલ) વિષે તેમણે કહ્યું કે જો બહારના પોશાક જેવી અંદરની સાધુ વૃત્તિ હશે તો સ્વરાજ્ય વહેલું મળશે. (ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૪, પૃષ્ઠ, ૬૫)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સાર્ધ-શતાબ્દી વંદના – ૨૫૧

રમેશ ઓઝા

**૧. ગાંધીવિચાર : પહેલાં આપણે સ્વરાજ્યનો હક ખોઈ બેઠા હતા કારણ કે અંત્યજોની ઉપેક્ષા કરીને આપણે પાપ કર્યું હતું.**

આપણે એવા લોકોની વચ્ચે બેઠા છીએ જેમને ઢેડ, ભંગી, અંત્યજ કે એવાં ગમે તે નામ આપવામાં આવે છે. મારી પાસે વકીલો, દાક્તરો અને બીજા ગૃહસ્થો બેઠા છે. આજે આપણે કહેવાતા પછાત વર્ગના લોકો સાથે ભળ્યા છીએ. હવે આપણને સ્વરાજ્ય જરૂર મળવાનું. (તાળીઓ) આપણે હિંદુ-મુસલમાન એક થયા છીએ. અહીં આપણે આ ઢેડ જાતિ સાથે હળીમળી રહ્યા છીએ. આ જાતિ નીચી છે એમ ન માનશો. તેમની અને તમારી વચ્ચે એકતા થાય એટલે તમે સ્વરાજ્યને લાયક થશો. પહેલાં આપણે સ્વરાજ્યનો હક ખોઈ બેઠા હતા કારણ કે આ જાતિની ઉપેક્ષા કરીને આપણે પાપ કર્યું હતું. અંત્યજોને અડતાં આપણે શા માટે અચકાવું જોઈએ ? કોઈ ધર્મગ્રંથમાં લખ્યું નથી કે આ જાતિને ન અડકવું જોઈએ અથવા તેની સાથે આજે વર્તીએ છીએ એ રીતે વર્તવું જોઈએ. બધી જાતિઓમાં આ જાતિને નીચામાં નીચું સ્થાન આપવું એ ભૂલ છે. મને વિશ્વાસ છે કે જ્યાં હ્રદયો એક થાય છે ત્યાં ઈશ્વર હાજર હોય છે. ઈશ્વર સર્વશક્તિમાન છે, જોકે આપણામાંના કેટલાક એવું માનતા નથી, તેથી આપણે અંદર અંદર લડીએ છીએ. આપણામાં અને આ જાતિમાં શો ફેર છે ? તેમનામાં પણ એ જ હ્રદય, એ જ નાક, એ જ જીભ અને એ જ લાગણીઓ છે – બધું સરખું છે. જ્યાં હ્રદયોમાં અંતર હોય ત્યાં ભગવાન રામચન્દ્ર ન હોય, ત્યાં ઈમામ ન હોય. રાજકીય પરિષદમાં ઈશ્વર હતો કે નહીં તેની મને ખબર નથી, પણ મને ખાતરી છે કે અહીં તો તે છે જ. (ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૪, પૃષ્ઠ, ૬૪-૬૫)

**૨. રમેશ ઓઝા : ઘટના અને અર્થઘટન**

૧૮૮૫માં કૉન્ગ્રેસ ની સ્થાપના થઈ એ પછી ન્યાયમૂર્તિ રાનડેએ ૧૮૮૭માં સામાજિક સુધાર પરિષદની સ્થાપના કરી હતી. એ સમયમાં કૉન્ગ્રેસનું અધિવેશન અને સામાજિક સુધાર પરિષદનાં અધિવેશનો એક સાથે એક જ મંચ ઉપર વારાફરતી થતાં હતાં. ત્યારે કૉન્ગ્રેસ પર દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મેહતા, ગોપાલકૃષ્ણ ગોખલે, સુરેન્દ્રનાથ બેનર્જી જેવા નેતાઓનું વર્ચસ હતું જેને પાછળથી મવાળ તરીકે ઓળખાવવામાં આવ્યા હતા.

એ પછી લોકમાન્ય ટિલક જાહેર-જીવનમાં આવ્યા જે લોકોને લઈને લડી લેવાનું આક્રમક વલણ ધરાવતા હતા. તેમના જેવા જ વિચારો લાલા લાજપત રાય, બિપીનચન્દ્ર પાલ અને અરવિંદ ઘોષ પણ ધરાવતા હતા. આ નેતાઓ પાછળથી જહાલ તરીકે ઓળખાવા લાગ્યા.


હવે લોકમાન્ય ટિલકને એમ લાગવા માંડ્યું કે કૉન્ગ્રેસના અધિવેશનોની સાથે એ જ મંચ પર સામાજિક સુધાર પરિષદ મળે છે એ બરાબર નથી. તેઓ સુધારાવાદીઓ છે અને સામાજિક સુધારાઓ કરવાની માગણી કરે છે જે રૂઢિચુસ્ત ભારતીયોને પસંદ નથી. આને કારણે લોકો કૉન્ગ્રેસથી દૂર રહે છે. જો કૉન્ગ્રેસ ને વ્યાપક બનાવવી હોય અને તેનો જનાધાર વિસ્તારવો હોય તો સામાજિક સુધારાઓની વાતો કૉન્ગ્રેસના મંચ પરથી ન થવા દેવી જોઈએ. તેમણે ૧૮૯૫માં સામાજિક સુધાર પરિષદને કૉન્ગ્રેસનો મંચ આપવાનું બંધ કર્યું.

અહીં બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે : એક તો એ કે સામાજિક સુધાર પરિષદવાળાઓ કેવા પ્રકારના સુધારાઓની વાત કરતા હતા ? અને બીજો એ કે કૉન્ગ્રેસને


(અનુસંધાન પૃષ્ઠ ૧૮ ઉપર)

# શાળા શિક્ષણ કઈ ઉંમરથી ?

ડૉ. રઈશ મનીઆર



પહેલાં બાળકોને પાંચ-છ વર્ષની ઉંમરે શાળાએ મોકલવામાં આવતાં હતાં. હવે અઢી વર્ષની ઉંમરે મોકલવામાં આવે છે. એ ઓછું હોય તેમ દોઢ વર્ષની ઉંમરથી બાળકને પ્લે-ગ્રૂપમાં મોકલવામાં આવે છે. બાળમાનસશાસ્ત્રીઓને એવો સવાલ વારંવાર પૂછવામાં આવે છે કે બાળકને કઈ ઉંમરથી શાળામાં મોકલવું જોઈએ ?




ડૉ. રઈશ મનીઆર

બાળક જન્મે છે ત્યારથી જ આસપાસના વાતાવરણના નિરીક્ષણ દ્વારા જ્ઞાન એકત્રિત કરવા માંડે છે. તેથી બાળકના અનૌપચારિક શિક્ષણની શરૂઆત તો ખૂબ વહેલી થઈ જાય છે. માતૃભાષા પણ બાળકને શીખવવી પડતી નથી. વિવિધ વ્યક્તિઓ, પદાર્થોનાં નામ પણ બાળક વિશેષ મહેનત વગર માત્ર સાંભળીને-જોઈને યાદ રાખી લે છે.

માનવજાતે સુસંસ્કૃત થયા બાદ જે વિકાસ સાધ્યો છે, તેના પાયામાં લિપિનો વિકાસ અને ગણિતનો વિકાસ મુખ્ય છે. માનવજાત પોતાની આવતી પેઢીને આ વારસો આપવા માગે છે. શાળાનાં પ્રારંભિક વર્ષોમાં લિપિ અને ગણિતનું પ્રાથમિક જ્ઞાન બાળક મેળવી લે છે. પછીનું શિક્ષણ તો માત્ર માહિતીનો ભંડાર છે. તેથી ખરેખર ઔપચારિક શિક્ષણ તો થોડાં વર્ષો જ હોય છે. ત્યારબાદ વિદ્યાર્થીને એની જરૂરિયાત, રસ, રુચિ અને જિજ્ઞાસા પ્રમાણેની માહિતી અને જરૂર પૂરતું માર્ગદર્ન મળે તો બસ છે. શિક્ષણનો સમગ્ર વ્યાયામ આ બધી માહિતી બાળકને રસ પડે એવી રીતે પીરસવા પૂરતો હોવો જોઈએ. શિક્ષકનું કામ પણ એ જ છે. બાળકને વિષયમાં રસ ઉત્પન્ન થાય એ રીતે માહિતી આપવી, પરંતુ આપણી શાળાઓને આપણે કેદખાનાસમાન બનાવી દીધી છે. આપણા શિક્ષકો વૉર્ડન કે રિંગમાસ્ટરની ભૂમિકા ભજવે છે. હોમવર્ક-પરીક્ષાનું બખડજંત ઊભું કરી દેવામાં આવ્યું છે. બીજાં પ્રાણીઓની સરખામણીમાં માનવપ્રાણીનું બાળપણ અત્યંત દયાજનક સ્થિતિમાં પસાર થાય છે.

મૂળ વાત પર આવીએ, તો આપણે પ્રશ્ન એ હતો કે બાળકને કઈ ઉંમરથી ભણવવાનું શરૂ કરી શકાય ? દરેક બાળક માટે કોઈ નિશ્ચિત ઉંમર બાંધી શકાય નહીં, પરંતુ સાધારણપણે એવું કહી શકાય કે ત્રણ વર્ષની ઉંમર પહેલાં બાળકને કુદરતી હાજતો પણ પૂરતો કાબૂ ન હોય, બાળક લાગણીશીલ પણ વધુ હોય, તેથી એ પહેલાં બાળકને શાળામાં ન મોકલીએ.

ત્રણ વર્ષની ઉંમર પછી પણ બાળકને શાળામાં એ જ શરતે મોકલી શકાય કે ત્યાં બાળકને અનૌપચારિક રીતે શિક્ષણ આપવામાં આવે. બાળકને કશું પણ બોલવા કે લખવાની ફરજ પાડવામાં ન આવે. આપણે ત્યાં એવી શાળાઓની ખોટ નથી. જ્યાં ત્રણ વર્ષનાં બાળકોને અમુક જ પ્રકારના વળાંકવાળા અક્ષરો લખવાની તાલીમ આપવામાં આવતી હોય છે. આ પ્રકારનું દાબ-દબાણ ન ચલાવી લેવાય. ત્રણ વર્ષનાં બાળકને પોતાની જિજ્ઞાસા સંતોષાય એટલું જ જ્ઞાન મળે તેવું મુક્ત વાતાવરણ પૂરું

(અનુસંધાન પૃષ્ઠ ૧૬ ઉપર)



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# નીતિનું શિક્ષણ

**વિકાસ પટેલ**
આચાર્ય, શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.



માણસના ચારિત્ર્યનો પાયો કોને ગણવામાં આવે છે ? તો તેનો જવાબ આપણને મળશે નીતિ. દરેક વ્યક્તિ ચારિત્ર્યવાન બને એમ સૌ કોઈ ઈચ્છે છે. ચારિત્ર્યના ઘડતરની શરૂઆત બાળપણથી થાય છે ત્યારે એ વધારે સંગીન બને છે. આજના સમયમાં ચારિત્ર્યના શિક્ષણ માટે માતા-પિતા પણ પોતાના બાળકો માટે જહેમત ઉઠાવતાં જણાય છે. મા-બાપ ભણેલાં હોય કે અભણ, પણ એટલું તો તે જરૂર ઈચ્છે કે પોતાનું બાળક નીતિમાન બને. મા-બાપની આ ઈચ્છા તેમને થોડે ઘણે અંશે શિક્ષક બનાવવા તરફ લઈ જાય છે. શિક્ષણની કોઈપણ રીતથી તેઓ માહિતગાર નથી હોતાં, શિક્ષણના સિદ્ધાંતનું તેમને જ્ઞાન નથી હોતું, છતાં પોતાના બાળકને નીતિમાન બનાવવા માટે શિક્ષકની ખુરશીમાં તેમને બેસી જતાં કંઈ વાર નથી લાગતી.

ઘરથી આગળ વધી શાળા તરફ નજક કરીએ તો શાળામાં (ત્યાં) પણ શિક્ષક એમ જ માનતો હોય છે કે પોતાનું કામ મુખ્યત્વે શાળામાં ભણનાર બાળકને નીતિમાન એટલે કે ચારિત્ર્યવાન બનાવવાનું છે. શાળાના વર્ગખંડમાં બેઠેલો શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને નીતિનાં સૂત્રો સમજાવે, નીતિની વાર્તાઓ કહે, ચારિત્ર્યના ઘડતર માટે ઉપદેશ આપે તો એ શિક્ષક સર્વશ્રેષ્ઠ ગણાય.

આજના સમયમાં શાળાનો શિક્ષક વિદ્યાર્થીને સ્વાતંત્ર્ય આપવામાં માનતો થયો છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વને માન આપવાનો આગ્રહ ધરાવતો પણ થયો છે. શિક્ષક વિદ્યાર્થી ઉપર કશું પણ પરાણે લાદવામાં માનતો હોતો નથી. શિક્ષક પોતાનો વિદ્યાર્થી નીતિમાન થાય એમ તો જરૂર ઈચ્છે છે. શિક્ષણરીતિમાં પદ્ધતિનો ફેરફાર જોવા મળે છે. આજનો શિક્ષક નવીન પદ્ધતિઓનો સહારો લઈને જુદી જુદી યુક્તિ-પ્રયુક્તિથી વિદ્યાર્થીને નીતિમાન બનાવવાના પ્રયત્નો જરૂર કરે છે. બાળકને નીતિમાન બનાવવા માટે શિક્ષણની પદ્ધતિઓમાં ક્રમશઃ ફેરફારો જોવા મળ્યા છે. પરંતુ તેનું મહત્ત્વ અને આગ્રહ આજે પણ તેવો ને તેવો જ રહ્યો છે.

નીતિ શિક્ષણનો ખંડનાત્મક માર્ગ છે સમાજના આજના પ્રચલિત નકારોનો વિનાશ. બાળક આ દુનિયામાં જન્મ લે છે. ત્યારથી મા-બાપ અને સમાજ તેની પાસે નકારોની પરંપરા મૂકવા માંડે છે. 'આમ કરીશ નહિ ને તેમ કરીશ નહિ', એ બધા નકારો જાણે કે બાળકના નીતિશિક્ષણ માટે યોજાયેલા હોય એમ માનવામાં આવે છે. બાળક ચારિત્ર્યવાન થાય એટલે કે નીતિમાન થાય એટલે કે તેનામાં જૂઠું નહિ બોલવાની કે ચોરી નહિ કરવાની એવી આદતો પડે, એટલા માટે મા-બાપ અને સમાજ જે માર્ગ અપનાવે છે તે માર્ગ નિષેધાત્મક હુકમોનો જ હોય છે.

મા-બાપ કે શિક્ષકની દૃષ્ટિએ નહિ ઈચ્છવા જેવું કાંઈ કામ બાળક જયારે કરે છે ત્યારે તેને યોગ્ય દિશાસૂચન કરવાને બદલે તે નહિ કરવાના હુકમો કરવામાં આવે છે. ચોરી કરાય નહિ, જૂઠું બોલાય નહિ, નિંદા કરાય નહિ. બીજાને ગાળો દેવાય નહિ, પારકાનું બૂરું કરાય નહિ. આ 'નહિ' જાણે કે બાળકને નીતિમાન બનાવવાનાં પ્રખર શાસ્ત્રો ન હોય. બાળકને તો આ બધા 'નહિ'ઓનું કશું જ ભાન હોતું નથી. બાળક એ કામોની પાછળ નીતિ કે અનીતિ છે એનો વિચાર પણ કરતો નથી.

બાળકને નીતિમાન કરવા માટે 'આમ ન બોલાય', 'આમ ન વર્તાય' વગેરે પ્રકારના હુકમો જાણે કે એક સર્વસાધક હોય તેમ આપણે માનીએ છીએ. આધુનિક કેળવણીની દૃષ્ટિએ નીતિશિક્ષણનું એક મોટું સાધન તે આવા

નકારોનો ત્યાગ છે. બાળક ચારિત્ર્યવાન બને એમ જો આપણે ઈચ્છતા હોઈએ અને એવું ચારિત્ર્યવાન બનાવવા માટે કોઈ પણ પ્રકારના નીતિના શિક્ષણની અપેક્ષા આપણને જણાતી હોય, તો તેવું નીતિનું શિક્ષણ આવા નકારોના ત્યાગથી શરૂ થવું જોઈએ.

નીતિશિક્ષણની બીજી બાજુનો વિચાર એ રચનાત્મક વિચાર છે. આજે નીતિના શિક્ષણ માટે જે રચનાત્મક ક્રમ આપણી શાળાઓમાં ચાલે છે તે ક્રમ મોટે ભાગે ઉપદેશપ્રધાન હોય છે. ઉપદેશમાંથી નીતિનું તારણ કાઢવામાં આવે છે. રચનાત્મક ક્રમને સમજવું હોય તો તેને વાતાવરણ નામ આપી શકાય. શિક્ષક પોતાની આસપાસ તેમજ જ્યાં જ્યાં પોતાનો વિદ્યાર્થી હોય ત્યાં વાતાવરણ જ એવું ઊભું કરે કે બાળક તે વાતાવરણમાંથી જ પોતાની રીતે નીતિનું શિક્ષણ મેળવતો રહે. આ ઉપરાંત શિક્ષકનું સંપૂર્ણ જીવન એવા પ્રકારનું હોવું જોઈએ કે જેના લીધે બાળક તેમાંથી નીતિનું શિક્ષણ મેળવી શકે. આનો મતલબ શિક્ષકનું પોતાનું જીવન નીતિની દૃષ્ટિએ શક્ય તેટલું આદર્શ હોવું જોઈએ. શિક્ષકે શાળામાં વિદ્યાર્થી હાજર હોય તેટલા સમય પૂરતું નીતિમાન બનાવવા માટેનું શિક્ષણ નથી આપવાનું પરંતુ આજીવન શીખતો રહે તેવું વાતાવરણ તૈયાર કરવાનું છે. જો શિક્ષક પોતે પોતાના જીવનને શુદ્ધ બનાવી શકે તો તે વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતર માટે શુદ્ધ વાતાવરણ તે બનાવી શકશે.

શિક્ષકના વ્યક્તિત્વથી આગળ વધીને સમગ્ર શાળાના વાતાવરણનો પણ વિચાર કરવો જરૂરી છે. શાળાના નિયમો, ધારા-ધોરણો, વ્યવસ્થાના સાધનો, શિક્ષણની પદ્ધતિઓ વગેરેમાં એક પ્રકારની શુદ્ધિ આવવી જરૂરી છે. જેના પરિણામ સ્વરૂપે નીતિનું ઉચ્ચ વાતાવરણ રચાશે. એ વાતાવરણમાં વિદ્યાર્થી સતત રહેશે તો પછી નીતિના સીધા ઉપદેશની કશી જરૂર રહેશે નહીં. શાળામાં જેટલા પ્રમાણમાં વિદ્યાર્થીની સ્વતંત્રતાને તક મળશે, સહકાર સાધવા માટેના અનુકૂળ માર્ગો સ્થપાયા હશે, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે લાગણીના સંબંધ હશે તેટલા પ્રમાણમાં શાળાના વાતાવરણમાં નીતિ ઓતપ્રોત થતી જવા મળશે.

શિક્ષકનું ચારિત્ર્ય અને શાળાનું સમગ્ર વાતાવરણ વિદ્યાર્થીના માનસપટ પર એવી અસર કરે છે કે શાળાના વાતાવરણમાં તૈયાર થઈ રહેલો વિદ્યાર્થી ઘરમાં જ્યારે અલગ જ વાતાવરણ જૂએ છે ત્યારે ગૂંગળાવા લાગે છે. આ સમયે વિદ્યાર્થી ઘરમાં રહેવાને બદલે શાળામાં રહેવાનું પસંદ કરે છે. પોતાનાં મા-બાપ કરતાં શિક્ષકનો સંગાથ વધુ ઇચ્છે છે. વિદ્યાર્થી મા-બાપને બદલે શિક્ષક પાસે પોતાનું હ્રદય ખોલે છે. (હ્રદયની વાત કરે છે) શિક્ષકે વિદ્યાર્થીની આ પરિસ્થિતિમાં યોગ્ય મદદ કરી તેની નજીક જઈ શકે છે. જ્યારે આવા પ્રસંગનું નિર્માણ થાય ત્યારે શિક્ષકે વિદ્યાર્થીને યોગ્ય સમજાવટથી તેના મા-બાપની વધુ નજીક લઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ. શિક્ષકે બાળકની મૂંઝવણો દ્વારા મા-બાપની મૂંઝવણો પારખી લેવી જોઈએ. આ તક એવી હોય છે કે જ્યારે મા-બાપ શિક્ષકનો સહકાર સાધવા અત્યંત આતુર હોય છે. શિક્ષકે મા-બાપની પાસે તેમની અને તેમના બાળકની સમસ્યાઓ રજૂ કરવી, તેનું પૃથક્કરણ રજૂ કરવું અને તેના સાચા ઉપાયો બતાવવા. આવા પ્રસંગોથી મા-બાપોને આપણે શાળા તરફ વાળી શકીએ છીએ. તેઓ શાળાની મુલાકાત લઈને શાળામાં કેવા પ્રકારનું વાતાવરણ છે તે પ્રત્યક્ષ જૂએ અને પોતાના ઘરમાં તેવા જ પ્રકારનું વાતાવરણ બને તે માટેના પ્રયત્નો શિક્ષકના સહકારથી આદરે.

આમ, શિક્ષક, શાળા અને ઘરના સંયુક્ત સહકારથી નીતિના શિક્ષણ માટે સુયોગ્ય વાતાવરણ બનાવી શકીએ છીએ. નીતિના શિક્ષણ માટે બે રાજમાર્ગો છે (૧) નિષેધાત્મક હુકમોનો નિષેધ (૨) સુયોગ્ય વાતાવરણ. આધુનિક કેળવણીના જાણકાર શિક્ષક આ બંને માર્ગનું અનુસરણ કરે તો વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતર માટે તેણે નીતિશિક્ષણ આપ્યું છે એમ કહી શકાય.

# સંગીતની સાધના કોને કહેવાય તે શાસ્ત્રીય ગાયિકા અંજનીબાઈ માલપેકર પાસેથી શીખવા મળે...

**રમેશ તન્ના**
૩૦૨, યશ ઍક્વા કૉમ્પ્લેક્સ, મૅકડોનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.
મો. ૯૮૨૪૦૩૪૪૭૫





અંજનીબાઈ માલપેકર (૨૨ એપ્રિલ ૧૮૮૩ - ૮ ઑગસ્ટ ૧૯૭૪) શાસ્ત્રીય ગાયિકા તરીકે ભારતભરમાં ખૂબ જ જાણીતાં હતાં. તેઓ ઠૂમરી, દાદરા વગેરે પ્રકારો ગાતાં, પણ લાવણી ઉત્તમ ગાતાં. તેમને ભારત સરકારની સંગીત અકેડેમી તરફથી ફેલોશિપ મળી હતી. તેઓ આ અકેડેમીનાં પ્રથમ સ્ત્રી ફેલો હતાં. તેમનું ચાર પેઢીનું કુટુંબ સંગીતપ્રેમી હતું. તેમનાં નાનાની બા ગુજાબાઈ સંસ્કૃતનાં મોટાં પંડિત હતાં અને ખૂબ સુંદર ગાતાં હતાં. ગુજાબાઈને ત્રણ પુત્રો હતા. તેઓ રામબા તબલા વિશારદ હતા, વામન અને વાસુદેવ ધ્રુપદ-ધમાર ગાતા. તેમના ભાઈઓએ સૂરસિંગાર, જલતરંગ જેવાં નવાં વાદ્યો પણ શોધેલાં.

અંજનીબાઈનાં માતા નબુબાઈ ખૂબસૂરત અને સંગીતમાં પ્રવીણ હતાં. ત્રીસ વર્ષની ભરજુવાનીમાં વિધવા થયાં પછી તેમણે તપસ્વી જેવું જીવન ગાળ્યું હતું. તેઓ જૂઠું સાંખી ન શકતાં. બાળકો રમતરમતમાં જૂઠું બોલે તો પણ ત્યાંથી ઊઠીને ચાલ્યાં જતાં. ગરીબીને કારણે તેમણે પોતાના અંગ પરના એક પછી એક દાગીના વેચીને અંજનીબાઈને સંગીત શીખવ્યું હતું.

અંજનીબાઈએ ગાવાનું તો ચાર-પાંચ વર્ષથી શરૂ કરી દીધેલું. આઠ વર્ષની ઉંમરે તેમણે સંગીત શીખવાનું શરૂ કર્યું. આઠ વર્ષની ઉંમરે નજરખાંએ તેમને ગંડો બાંધ્યો. અંજનીબાઈ અને તેમના પરિવાર પાસે ગુરુને આપવા માટે કશું નહોતું. તેમનાં માએ થાળમાં ધાણા, ગોળ અને પાંચ રૂપિયા મૂક્યા. ગુરુજીએ એક રૂપિયાનું પરચૂરણ મંગાવ્યું. એમાથી સવા આના લઈને કહ્યું કે જ્યારે ચેડવા (અંજનીબાઈનું હુલામણું નામ) હજારો રૂપિયા લાવશે ત્યારે લઈશ. થયું પણ એવું જ. અંજનીબાઈનું સમગ્ર ભારતમાં ખૂબ નામ થયું. અંજનીબાઈ જ્યારે પહેલાં-વહેલાં મુઝફ્ફરાબાદના હૉલમાં ગવૈયાઓ સાથે ગુરુને બદલે બેઠાં ત્યારે મહેફિલમાં તેમની ખૂબ વાહ વાહ થઈ. એ પછી તો તેમની ખૂબ પ્રશંસા થઈ અને તેમને પુષ્કળ ધન મળવા લાગ્યું. એકસો રૂપિયા નક્કી કર્યા હોય તો બસો મળે. એ જમાનામાં તેમની માસિક આવક પાંચ-છ હજાર રૂપિયાની થઈ ગઈ હતી.

ગુરુજી નજરખાંએ તેમને સતત નવું નવું શીખવ્યું. તેમને ઉર્દૂ પણ શીખવાડ્યું. તેઓ કહેતા કે અનેક બાબતોમાં ધ્યાન રાખો પછી જ ગવૈયા બની શકાય. ગવૈયાએ કઈ કઈ બાબતનું ધ્યાન રાખવું જોઈએ ?

(૧) ચહેરા પર રાગની અસર (૨) મોં પર શબ્દના ભાવો (૩) બીજાનું મન સૂરથી પોતાની પાસે ખેંચવું (૪) ગીતના શબ્દો 'ખુલ્લા' ક્યાં રાખવા, 'બંધ' ક્યાં રાખવા, આ બધું જ્ઞાન ગવૈયાઓને હોવું જોઈએ. અંજનીબાઈ કહે છે કે મારા ગુરુ મને રાગનું શાસ્ત્ર શીખવતા અને પછી રાગ શીખવતા. એટલે સંગીત છોડ્યાનાં ચાલીસ-પચાસ વર્ષ પછી પણ હું ચોવીસ કલાક ગાઈ શકું છું.

હવે વાત કરીએ અંજનીબાઈની સંગીતસાધનાની. માનીના શકાય એવી છે આ સાધના.

તેમણે સંગીત શીખવાની શરૂઆત કરી ત્યારે તો

અભ્યાસ અને સંગીત બન્ને સાથે ચાલતાં. શાળાએથી આવીને તેઓ દરરોજ સાંજે ચારથી છ વાગ્યા સુધી સંગીત શીખવા બેસતાં. એ રીતે પાંચ વર્ષ શીખ્યાં પછી તેમણે તેરમે વર્ષે શાળા છોડી દીધી અને દરરોજની આઠ કલાકની તાલીમ લેવા માંડી. ગુરુ સવારમાં ચાર વાગ્યામાં શીખવવા આવતા અને અગિયાર વાગ્યા સુધી શીખવતા. તેઓ દૂધ કે સૂપ પીતાં તે પણ હાથમાં તાનપૂરો રાખીને જ. સવારમાં તેમનાં મા વાટેલી બદામનું દૂધ પાઈ શીખવા બેસાડતાં. દોઢ-બે કલાલ પછી સૂપ આપતાં. તાનપૂરો હાથમાં ટેકવી આ બધું પી લેવાનું. એ પછી એક હજાર પલટા કરાવે ત્યાર પછી જ તેમને જમવાનું મળતું. અંજનીબાઈને યમન રાગ શીખતાં ત્રણ વર્ષ થયાં હતાં. લોકો પૂછતા એક રાગમાં આટલાં વરસ ? પણ એ રાગની ૫૯૪૦ તાનો ગુરુજીએ તેમના કંઠમાંથી કઢાવેલી.

તેમના ગુરુ તેમને તાનપૂરો શીખવતા. નાની ઉંમરમાં કલાકો સુધી ઘણો મોટો તાનપૂરો ખભે રાખવો એ સહેલી વાત નહોતી. તાનપૂરો ટેકવી ટેકવીને તેમના ગળાની બાજુમાં ખાડો પડી ગયો હતો. એ ખાડો જીવનભર રહ્યો.

તાનપૂરો ભારે અને મોટો હતો. તેને બાર બાર કલાક સુધી ખભા ઉપર તેઓ રાખતાં. અત્યારના લોકો તો એ તાનપૂરો ઊંચકી પણ ન શકે. એ તાનપૂરો ઝાંઝીબારના કોળામાંથી બનાવેલો. અંજનીબાઈ એટલે સઘન રિયાઝ કરતાં કે આઠ-બાર કલાક એકસરખું બેસી રહેવાથી તેમના પગમાં અને બેઠક પર છાલાં પડી જતાં. ગાંઠા થઈ જતા. આંગળાંમાંથી લોહી નીકળતું. આમ છતાં રિયાઝ કદી અટકતો નહીં.

આવી સખત તાલીમ તેમણે એકસરખી પાંચ વર્ષ લીધી હતી. એ પછી અભ્યાસ તો ચાલુ જ રહ્યો. ૩૬ વર્ષ સુધી એ અભ્યાસ ચાલુ રહ્યો. સંગીત એ તપશ્ચર્યા છે. તપશ્ચર્યા એટલે તપશ્ચર્યા. એમાં દુઃખ સામે ના જોવાનું હોય. એકાગ્રચિત્ત થતા વિના સંગીત થાય નહીં. આટલું કહીને તેઓ ઉમેરે છે કે હું ૧૮ વર્ષની થઈ ત્યાં સુધી સ્ત્રી શું કે પુરુષ શું, મેં કોઈની સામે જોયું નથી. એના ભેદ જાણ્યા નથી. મારાં મા અને ગુરુની મારા પર એવી સખત નજર રહેતી.

તેમના ગુરુ નજરખાં જેવા ખાનાપૂરી ભાગ્યે જ ક્યાંય હશે. ચાર-પાંચ આવર્તનોનો ખ્યાલ (કે ખયાલ) ભરવાનો હોય છે. એ ખયાલ કેમ ભરવો, તે એમના જેવું કોઈને આવડતું નહોતું. ખટકા, સુદ, મીંડ, કણ, મૂરકી વગેરે ૧૬૦ ચીજો ગવૈયાને શીખવાની હોય છે. સામાન્ય રીતે ગવૈયા ત્રીસેક સેકન્ડનો શ્વાસ ભરી શકે. અંજનીબાઈના ગુરુ ૪૦-૪૫ સેકન્ડનો શ્વાસ ભરી શકતા. જ્યારે તેમણે અંજનીબાઈ પાસે તેમના શ્વાસ એક મિનિટનો કરાયેલો. તેમણે ખૂબ ધીરજથી મહેનત કરેલી. ચાર-પાંચ સેકન્ડ ઉમેરતાં ઉમેરતાં તેમણે અંજનીબાઈને આખી મિનિટ સુધી પહોંચાડેલાં. આખી મિનિટ પહોંચતા તેમને દોઢ વર્ષ થયું હતું. અંજનીબાઈની મહેતન જોઈને લોકો ટીકા કરતા કે આ મા મહેનત કરાવીને પોતાની દીકરીને મારી નાખશે. કોઈ વળી એમ કહેતા કે અંજનીબાઈને ટીબી થઈ જશે. તેમના ગુરુ જવાબ આપતા કે અંજનીબાઈને સાંભળનારનો ટીબી મટી જશે.

એવું જ થયું હતું. સમગ્ર ભારતમાં અંજનીબાઈનું મોટું નામ થયું હતું. એ પછી તેમના ગુરુ અને માએ ગાવાનું છોડી દીધેલું. અંજનીબાઈનું ગાણું ખૂબ પ્રખ્યાત હતું. તેમના પર ગિનીઓ ન્યોછાવર થતી. એકવાર તો તેમને ૫૦,૦૦૦નું ઈનામ મળેલું. પાંચ-દસ હજારનાં ઈનામો તો તેઓ અવારનવાર જીતી લાવતાં.

ઈનામ જીતીને આવે એટલે ગુરુને પગે લાગે. ગુરુ તેમના માથામાં તેલની આંગળી લગાડે અને મૂક આશીર્વાદ આપે, પણ કોઈ દિવસ વખાણ ન કરે. એટલું જ કહે 'ચેડવા આઈનેમેં મત દેખના, પચાસ બરસ કે બાદ ગવૈયા બનતા હૈ.' અરીસામાં ન જોવાની પોતાની ગુરુની આજ્ઞા બરાબર તેમણે પાળી હતી. આ અંગેનું કારણ તેમણે બીજા એક ગુરુ પાસેથી જાણ્યું તો તેમણે કહ્યું હતું કે જો તમે અરીસામાં


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

જુઓ તો તમને તમારા રૂપનું અભિમાન આવી જાય અને તમે તેના પ્રેમમાં પડી જાઓ તો સંગીતની સાધના રહી જાય. સંગીત તો અગાધ દરિયો છે. એમાં તો હંમેશ શીખવાનું જ હોય છે.

અંજનીબાઈએ ૧૮મા વર્ષે લગ્ન કરેલું. તેમની લગ્ન કરવાની ઈચ્છા નહોતી, પરંતુ તેમનાં માએ વિચારેલું કે સ્વરૂપવાન દીકરીને પરણાવી દેવી જોઈએ.

તેમના પતિ વસનજી ભગવાનદાસ વૈદ્ય ભાટિયા સદ્‌ગૃહસ્થ હતા. તેમને સંગીતનો ખૂબ શોખ હતો. તેમણે અંજનીબાઈને સંગીત-સાધના કરવામાં ખૂબ મદદ કરેલી. સટ્ટામાં બહુ મોટી રકમ ગુમાવી તેના આઘાતથી તેમના લોહીનું પાણી થઈ ગયું અને તેઓ અચાનક ચાલ્યા ગયા હતા.

એક વખત અંજનીબાઈનો અવાજ જતો રહ્યો તો. તેઓ બોલી પણ શકતા નહીં. અનેક જાતની દવા કરી, મંત્રો કર્યા પણ અવાજ સહેજે ઊઘડ્યો નહીં. એક વર્ષની મહેનત થઈ. હજારો રૂપિયા ખર્ચાયા. એ વખતે પૂના પાસેના કેટગાંવ ગામમાં નારાયણ મહારાજ હતા. લોકોને તેમના પર શ્રદ્ધા હતી. કેટલાક લોકોએ તેમની પાસે જઈને અંજનીબાઈના કંઠ વિશે સવાલ કર્યો. તેમણે કહ્યું કે એ ગાશે. પછી પૂછ્યું, મને સંભળાવશે ને ? લોકો રાજી થયા. મહારાજે તેમને તીરથ (પાણી), ભસ્મ, લવિંગ અને સાકરના બે-ચાર કકડા આપ્યા. સૌના આગ્રહથી અંજનીબાઈએ એ તીરથ મોંમાં મૂક્યું. સૌના આશ્ચર્ય વચ્ચે તેમનો અવાજ તરત જ ખૂલી ગયો. એ પછી તો તેમણે ખાધા-પીધા વિના કલાકોની મુસાફરી કરીને નારાયણ મહારાજ સામે ગાન કર્યા પછી જ પાણી પીધું.

શાસ્ત્રીય ગાયિકા અંજનીબાઈની સંગીતયાત્રાની આવી તો અનેક પ્રેરક અને રસપ્રદ વાતો છે.

આ માહિતી લેખિકા લાભુબહેન મહેતાના પુસ્તક ‘કલા અને કલાકાર’માંથી લીધી છે. આ પુસ્તકનું સંપાદન તેમનાં દીકરી વર્ષા દાસે કર્યું છે. લાભુબહેન મહેતાએ ૨૮ ગાયકો-સંગીતકારો-કલાકારોને મળીને આ પુસ્તક લખ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીનું તે પ્રકાશન છે. ગીત-સંગીત સાથે સંકળાયેલા તમામ લોકોએ આ પુસ્તક પૂજાના ખંડમાં રાખવું જોઈએ અને તેનો દરરોજ પાઠ કરવો જોઈએ.

**‘સમાજનું અજવાળું પોઝિટિવ સ્ટોરીઝ’માંથી સાભાર**

---

## એકવારની નિષ્ફળતા જીવનભરની નિષ્ફળતા નથી જ

અબ્રાહમ લિંકનને મળેલી નિષ્ફળતાઓની સરખામણીએ કોઈ પણ મહત્ત્વની લાગતી પરીક્ષામાં આપણને મળેલી એકવારની નિષ્ફળતા તો કંઈ જ વિસાતમાં નથી. ખરી વાત એ છે કે ઘણીવાર નિષ્ફળતામાં જ સફળતાનું રહસ્ય છુપાયેલું હોય છે. એમાં જ વ્યક્તિમાં રહેલી સંઘર્ષતાનો સામનો કરવાની આંતરિક શક્તિઓ ખીલે છે. જે તેને ભાવિ જીવનમાં ન ધારેલી સફળતા અપાવે છે. હા, એવું બની શકે છે વ્યક્તિને મળેલી નિષ્ફળતાને કારણે એનો નિર્ધારિત જીવનમાર્ગ બંધ થાય, પણ એથી જે નવો બદલાયેલો માર્ગ તેને મળે તે તેને નવી સિદ્ધિઓના શિખરો તરફ લઈ જનાર હોઈ શકે છે. પરીક્ષામાં કે જીવનમાં નિષ્ફળતા મળે, પરંતુ એવા સમયે નિરાશ થયા વગર નવા લક્ષ્યો સિદ્ધ કરવા તરફ આત્મ વિશ્વાસપૂર્વક પ્રયત્નો ચાલુ રાખવામાં આવે તો એ નિષ્ફળતા જ સફળતાનું સોપાન બની શકે છે.

**યાદ રાખશો :** માનવીમાં શક્તિની ખોટ નથી, તેમ ભાવિ જીવનમાં તકોની પણ ખોટ નથી. ખોટ છે માત્ર નિષ્ફળતાથી નાસીપાસ થયા વગર નવા લક્ષ્યો તરફ આત્મવિશ્વાસપૂર્વક કામ કરવાની તમન્નાની. નિષ્ફળતા મળ્યાં છતાં જે માનવી નિરાશાને ખંખેરીને આત્મવિશ્વાસપૂર્વક કામ કરવામાં લાગી જાય છે તેને સફળતા મળે જ છે.

# મા, મારે માસ્તર થાવું છે

**દિનેશ માંકડ**
નિવૃત્ત આચાર્ય, એફ-૪૦૨, ઈસ્કોન પ્લેટિનિયમ,
બોપલ ચાર રસ્તા પાસે, એસ.પી. રીંગ રોડ, બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો.૯૪૨૭૯૬૦૯૭૯



'કથરોટ મુકાયો. તેમાં ગુરુવર્ય મુ. સુમનભાઈના ચરણો મુકાયા'. નજરે જોયેલું દુર્લભ દશ્ય વારંવાર વાગોળવાનું મન થાય છે. 'કચ્છ માંડવીના વિવેકાનંદ તાલીમ કેન્દ્રના અધ્યાપક જોશી સાહેબને ખબર પડી કે તેમના પરમ આદરણીય ગુરુ મુ. સુમનભાઈ વૈદ્ય આજે અહીંની એક શૈક્ષણિક સંસ્થા આવ્યા છે. બધું છોડીને એ તો દોડ્યા ને ગુરુ ચરણમાં માથું ઢાળ્યું. પણ તેમના મનમાં હજુ આદર અભિવ્યક્તિની અધૂરપ વર્તાતી હતી. ટાંગો, ઘોડાગાડી કરીને ઘેર લઈ ગયા.મુ. સુમનભાઈ ને સોફા પર બેસાડ્યા તાંબાના કુંભમાં તૈયાર દૂધ અને જળ લાવ્યાં ને કથરોટમાં મૂકેલાં ગુરુ કમલચરણનું પ્રક્ષાલન થયું! કળિયુગમાં ક્યારેય જોવા ન મળતાં આ દશ્યના સૌ પ્રેક્ષકોના નયન હર્ષાશ્રુથી છલકાયાં.'

કેટલાય ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષકને 'માસ્તર' તરીકે સંબોધવામાં આવે છે અને હળવી શૈલીમાં માસ્તર શબ્દના અવનવા અર્થ કાઢવામાં આવે છે. 'મા જેવું જેનું સ્તર છે તે માસ્તર 'તો મા મ સંસ્કૃતમાં 'ન' કાર સ્તર એટલે સ્તર વગરનો. તો કોઈ વળી માસ સમૂહને તારનાર પણ કહે. હકીકતમાં તો માસ્તર એ Master માલિક કે દોરનારનો અપભ્રંશ છે. પણ એક વાત તો સૌએ સ્વીકારવી જ પડે કે સમાજની કોઈ પણ વ્યક્તિને શિક્ષક વિના ચાલે તેમ જ નથી.

સમયે સમયે શિક્ષકના મૂલ્ય સાપેક્ષ રીતે અલગ અલગ ખૂબ બદલાય છે. વશિષ્ઠ, વાલ્મીક, સાંદીપની પછી ચાણક્યને આદર્શ મનાયા, પછી તો ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને ડૉ. અબ્દુલ કલામના આદર્શ પાત્રો પણ જોડાયાં આખરે શિક્ષક એટલે શિક્ષક. માણસના જીવનમાં કશુંક નવું ઉમેરે, નવી દિશા ખોલી આપે તે એટલે શિક્ષક.

દરેક વ્યક્તિ શાળામાં ગઈ હોય ને તેવે વખતે બધા ને 'હું શું બનીશ ?'નો નિબંધ કે વક્તૃત્ત્વમાં લખવાનું કે બોલવાનું આવ્યું જ હોય. કોઈ કહે દાક્તર બનીશ તો કોઈ પાયલટ તો કોઈ ઈજનેર બનવાના સપના જુએ. પણ બહુ ઘણા જ વિદ્યાર્થીના મનમાં 'શિક્ષક' બનવાની ભાવના ખૂબ ખૂબ પ્રબળ હોય. મોટે ભાગે એનું કારણ પણ એક વિશિષ્ટ હોય. તેમના મનમાં એક આદર્શ ચિત્ર હોય. 'તેમણે પ્રત્યક્ષ અનુભવેલા શિક્ષક જ હોય. જીવનના વર્ષો વીતે પણ ગમે તે ઉંમરે દરેકના મનમાં કોઈ એક ઉત્તમ તો ક્યારેક પજવેલો પણ શિક્ષક હોય જ. કારણ માનવ માત્રના જીવનમાં શિક્ષકનું ખૂબ ખૂબ મોટું યોગદાન હોય છે. કદાચ એ પ્રત્યક્ષ હોય કે અદશ્ય પણ આજીવન ખૂબ મોટો પ્રભાવ વ્યક્તિ માત્ર પર પડેલો હોય હોયને હોય જ અને આ જ તો શિક્ષકના વ્યવસાયનું મૂલ્ય છે.

મિત્રો, બોર્ડ યુનિવર્સિટીના પરિણામો આવે ત્યારે માતા-પિતા અને વિદ્યાર્થીની મૂંઝવણ વધી જાય. ઘણીયે વાર ધાર્યા પરિણામો મળ્યા હોય અને ન પણ મળ્યા હોય. બહુ જ ઓછા વિદ્યાર્થીઓ એવા હોય છે જે પરિણામથી પહેલા જ સ્પષ્ટ હોય છે કે 'મારે કઈ શાખામાં કે વ્યવસાયમાં જવું છે.' પરિણામથી પહેલા આશા આકાંક્ષા જરૂર હોય પણ નક્કી તો પરિણામ પછી જ થાય. મોટેભાગે દાક્તર, ઈજનેર, સી.એ. જેવી મોટી અપેક્ષા રાખતા બધે ફરે છે. પણ પહેલેથી જ 'મારે શિક્ષક જ થવું છે' એવો વિચાર નહિવત લોકોને જ આવે છે એવું કેમ ?

જૂનાગઢની એ દીકરી. રાધા એનું નામ. તેજસ્વી હોવાના નાતે દસમા ધોરણમાં ૯૦થી પણ વધારે ટકા આવ્યા. સૌ શિક્ષકો ને શુભેચ્છકોનો પૂરો આગ્રહ કે વિજ્ઞાન પ્રવાહમાં જઈને ઉત્તમ કારકિર્દી બનાવે, પણ દીકરી પોતે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

એ ઉંમરે પણ સ્પષ્ટ. મારે સારા સંસ્કૃતના શિક્ષક અધ્યાપક બની મારા દેશની સંસ્કૃતિને વિસ્તારવામાં મારું યોગદાન કરવું છે. અત્યારે અમદાવાદની ખૂબ સારી કોલેજમાં અભ્યાસની સાથે એક ઉત્તમ વક્તા તરીકે નામ કાઢ્યું છે.

**શિક્ષક થવું શ્રેષ્ઠ કેમ ?**

કોઈને કશુંક વિશેષ એવું આપવાનો આ વ્યવસાય છે જે તેના જીવન પરિવર્તનનો ભાગ બને છે. અજવાળું કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. અન્ય કોઈ વ્યવસાયમાં આ અનન્યતા નહિવત જ મળતી હોય છે.

વ્યક્તિ દરેક જિજ્ઞાસા હોવાની જ. શિક્ષકનો વ્યવસાય વ્યક્તિને પોતાને આજીવન વિદ્યાર્થી બનાવે . 'વ્યયે કૃતે વર્ધત એવું' વાપરવાથી વધે તેવું ધન એટલે વિદ્યા સતત ને સતત નવા પ્રવાહ અને વિષયો સાથે ખૂબ વિસ્તરતા જવાની આદત શિક્ષકના વ્યવસાયમાં તો પડે જ.

બહુ પ્રામાણિક વ્યવસાય છે અને ધારો તેટલું આપીને તેની શુદ્ધતા વધારીને આત્મ સંતોષ ચોક્કસ લઈ શકાય.

જીવંત વ્યક્તિઓ સાથેનું આદાન પ્રદાન અદ્ભુત ઘટના છે જે શિક્ષકના વ્યવસાયમાં વિશેષ મળે જ છે.

સૌથી કામની વાત કોઈના જીવનના આદર્શ બનવાની અનાયાસ મળતી તક અને જયારે આવી તક મળે ત્યારે આપોઆપ અંતર મંથનની દૃષ્ટિ ખૂલતી હોય છે. કોઈને વિકસાવવાની દિશામાં પોતાનો થતો વિકાસ એ ખૂબ મોટી વાત છે.

વસ્તુતઃ કોઈના જીવનમાં કશુંક ઉમેરવાના નિમિત્ત બનવું તે ખૂબ મોટી વાત છે. કલ્પના કરો, આપણા જ પૂર્વજો વડદાદાના વડદાદા એક સમયે જંગલમાં પશુની જેમ જ રહેતા. ઋષિ ત્યાં પહોંચ્યા અને તેઓને સમજાવ્યા કે તમે પશુ નહિ પણ માણસ છો. પછી તો કૃષિ, કુટુંબ અને કેળવણી ઉમેરાયાં અને માણસ માણસ બન્યો. માનવ ઘડતરમાં સૌથી વિશેષ ફાળો હોય તો તે ઋષિનો છે. શિક્ષકનું કાર્ય પણ ઋષિ કાર્ય જ છે, કારણ કે તે જાણે અજાણે કોઈના જીવનમાં કશુંક ઉમેરવા માટે નિમિત્ત બને છે.

એક સમય તો એવો હતો કે, વિદ્યાર્થીના વાત વ્યવહારમાં માત્ર શિક્ષક જ હોય 'અમારા સાહેબ કહેતા હતા કે...' એવું બોલતા અમે સહુ થાકતા નહોતા ! આજે પણ સમય અને સંજોગ થોડા બદલાયા પણ શિક્ષક આખરે તો શિક્ષક જ છે .

અલબત્ત થોડો સમય, પોતાના સ્વભાવ અને આદતના નામે પંતુજી તરીકે પંકાયા પણ હવે તો જ્ઞાન અને આર્થિક સ્તરે પણ શિક્ષક હવે 'સાહેબ-સર' તરીકે પૂરો આદર પામતા રહ્યા છે. હા એટલું ખરું કે કેવળ ને કેવળ કમાવાના દૃષ્ટિએ શિક્ષણ કે સંસ્કારને ન્યાય આપવાને બદલે ફક્ત ધંધાદારી બને તો તે શિક્ષક છે જ નહિ અને કોઈ એ જ હેતુથી શિક્ષક બનવા નીકળી પડે તો કદાચ આદર પામે તોય સાવ ટૂંકાગાળાનો જ. એટલું ચોક્કસ કહેવાય જ કે સમાજ માટે જેમ દાક્તર, ઈજનેર વેપારી કે અન્ય વ્યવસાયીઓ સમાજની જરૂરિયાતના સંદર્ભમાં ઉપયોગી છે તેમ જ શિક્ષક પણ ઉપરના તમામ હિતકારીપદ કરતાં એક સમાજને ઉત્તમ દિશામાં લઈ જનાર અને પૂર્ણ આદરને પાત્ર છે. ને તો પછી કોઈ કહે કે સૂચવે તે પહેલાં જ 'શિક્ષક' થવાનું મનમાં આવે, સંકલ્પ જન્મે તે ખૂબ સારી વાત છે. આવતીકાલની તાતી જરૂરિયાત છે સારા શિક્ષકોની સમાજના સાચા ઘડવૈયાની. આવા ઉત્તમ કાર્યના હિસ્સા બનવાની અનેરી તક ઝડપી જ લેવાય. આપણા સૌના સદ્ભાગ્ય છે કે આપણી આસપાસ શિક્ષક બનવા માટેની સુયોગ્ય તાલીમી સંસ્થાઓ વિદ્યાલયો પણ બધાજ સ્તર માટે ઉપલબ્ધ છે જ જેવા કે IITE ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર દ્વારા તો ધોરણ ૧૨ પછી શિક્ષણ સહ સ્નાતક ઇન્ટિગ્રેટ અભ્યાસક્રમો પણ ગુજરાતમાં જ ઉપલબ્ધ છે.

જેના માંહ્યલામાં ચૈતન્ય ભર્યું હોય તેણે વિલંબ વગર જ ચૈતન્યના સત્કાર્યમાં જોડાઈને પોતાનો માનવ અવતાર સુગંધિત કરી લેવો, જેની સૌરભ વિસ્તરતી જ રહે વિસ્તરતી જ રહે. અસ્તુ

# એકવારની નિષ્ફળતા જીવનભરની નિષ્ફળતા નથી જ

**પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ**
મુ. રંગાઈપુરા, પોસ્ટવાળું ફળિયું,
તા. પેટલાદ, જિ. આણંદ.
મો. ૯૭૨૪૧૩૭૮૫૧



પ્રાચીન સમયથી માનવીમાં હરીફાઈનું તત્ત્વ પડેલું છે. પોતે, પોતાનું કુટુંબ બીજા કરતાં કેમ આગળ હોય, આગળ રહે એ માટે એ સતત પ્રવૃત્ત રહેતો હોય છે. આ મનમાં પડેલી હરીફાઈની વૃત્તિને સંતોષવાએ પશુ-પક્ષીઓની હરીફાઈ યોજતો હોય છે. વર્ષોથી આ દુનિયામાં ઘણા દેશોમાં ઘોડાની હરીફાઈ યોજાય છે. કેટલાંક રાજ્યોમાં બળદો અને બળદગાડાની હરીફાઈ યોજાય છે. ઘણા દેશોમાં 'બુલ ફાઈટ' અને કૂકડાઓની લડાઈ યોજીને લોકો તેમની હાર-જીતને માણવાનો આનંદ લેતા હોય છે.

વર્તમાન સમયમાં આજે ઝડપથી વિકાસના આ જમાનામાં હરીફાઈના નામે સૌ દોડી રહ્યાં છે. એટલું જ નહિ પોતાનાં સંતાનોને પણ દોડાવી રહ્યાં છે. એમને કોઈ રીતે મેડિકલ કે એન્જિનિયરિંગમાં ધકેલવા, જેમ પેલા હરીફાઈના ઘોડાઓને ચાબુકથી ફટકારી તેના માલિક દોડાવતા હોય છે, તેમ આજના માતાપિતા તેમનાં સંતાનોને ગુણની હરીફાઈમાં સૌથી આગળ રહે એ માટે તેમને સતત દોડાવતાં રહે છે.

ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષા એટલે જીવનની કારકિર્દીની પરીક્ષા, આ પરીક્ષામાં સફળતા એટલે જિંદગીભરની સફળતા, એમાં નિષ્ફળતા એટલે જિંદગીભરની નિષ્ફળતા, એવું તો વિદ્યાર્થી જ્યારથી શાળામાં દાખલ થયો હોય છે ત્યારથી જ તેના મગજમાં બરોબર ગોખાવી દીધું હોય છે, એટલે એ પણ ધો-૧૦ કે ધો.૧૨માં આવે તે પહેલાંથી જ વાર્ષિક પરીક્ષાને નજરમાં રાખીને તૈયારીમાં લાગી ગયો હોય છે. એથીયે વિશેષ, ઘણાં મા-બાપની બાજનગર આખા વર્ષ દરમિયાન તેમનાં સંતાનોના અભ્યાસ પર જ મંડાયેલી રહે છે. એ જરાયે સમય ન બગાડે અને વાંચતો રહે એ માટે તેમણે તેના પર આખા દિવસની એવી 'વૉચ' ગોઠવી દીધી હોય છે કે એ બિચારો છટકી જ ન શકે ? માતાપિતા પોતે પણ જાણે તેમને પોતાને પરીક્ષા આપવાની હોય એમ સતત તણાવમાં રહેતાં હોય છે અને પોતાના સંતાન પર દબાણ વધારતાં જ રહે છે.




આવી મનઃસ્થિતિ વચ્ચે આખું વર્ષ સતત અને સખત પરિશ્રમ કર્યા છતાં પરીક્ષાર્થી કોઈ કારણસર કે સંજોગોવશાત્ નાપાસ થાય કે 'સારું' પરિણામ ન મેળવે ત્યારે તેના જીવનમાં ઘડીભર હતાશા છવાઈ જાય છે. ઉજ્જવળ જીવનની કારકિર્દીમાં સારી નોકરીનાં, પરદેશ જવાનાં તેણે રચેલા સ્વપ્નો છિન્ન-ભિન્ન થઈ ગયા જણાય છે. ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળતા એટલે જિંદગીભરની સફળતા, એમાં નિષ્ફળતા એટલે જીવનભરની નિષ્ફળતા એવું મા-બાપે અગાઉ ગોખાવી રાખેલું સૂત્ર અત્યારે એને ઘેરી નિરાશામાં ધકેલી દે છે. તેને થાય છે આ એક જ ખરાબ પરિણામથી એને ભાવિ જીવનમાં જે તકો મળવાની છે તે બધી ગુમાવી દીધી ? હવે જીવન જીવવાનો શો અર્થ ? મા-બાપ પણ શું કહેશે ? આ પરીક્ષામાં નાપાસ

થનાર વિદ્યાર્થીનું ચિત્ત આવા અસંખ્યા નિરાશાનજક વિચારોથી ભરાઈ જાય છે, તેને ભાવિ જીવનમાં હવે માત્ર અંધકાર જ દેખાય છે. તેનું ચિત્ત નિષ્ફળતાનો આઘાત સહન ન કરી શકતાં ડિપ્રેશનનો ભોગ બની જિંદગીનો અંત આણી દેવા પ્રેરાય છે.

એક આશાવાદ મૂલ્યાવાન જિંદગીના આવા કરુણ અંતની પાછળ વિદ્યાર્થી કરતાંયે તેના માબાપનો ફાળો નાનો સૂનો નથી. તેઓ પોતાના સંતાનની શક્તિ, ક્ષમતા રસ-રુચિને ઓળખવા-પારખવાની દરકાર કર્યા વગર કોઈ પણ ભોગે ઉજ્જવળ કારકિર્દીની ઝંખનામાં તેને મેડિકલ કે એન્જિનિયરિંગ ક્ષેત્રે ધકેલી હરીફાઈના ઘોડાની જેમ સતત દોડાવતાં જ રહ્યાં હોય છે. આજના સમયમાં મા-બાપ અને આપણી શિક્ષણ વ્યવસ્થા પણ વિદ્યાર્થીને એ સમજાવવામાં નિષ્ફળ નીવડ્યાં છે કે કોઈ પણ પરીક્ષા વ્યક્તિની જિંદગીની અંતિમ કસોટી નથી હોતી. હરકોઈ પરીક્ષામાં નાપાસ થનારા અને ઘણાં ઓછા ગુણથી પાસ થનારાની પણ ઘણી સંખ્યા હોય છે, પણ એ બધા કંઈ જિંદગી હારી જતા નથી. મા-બાપોએ પોતાના સંતાનોને સંજોગવશાત્ પરીક્ષામાં મળેલી નિષ્ફળતાને પચાવતાં અને આ નાનકડી ઘટનાની નિષ્ફળતા છતાં સામે જિંદગીની તકોનો અસીમ મહાસાગર લહેરાઈ રહ્યો છે, તેના પર વિશ્વાસ રાખતાં પણ શીખવવું એટલું જ આવશ્યક છે, અને હકીકત પણ આવી જ છે. ધોરણ ૧૦ કે કૉલેજનું અંતિમ વર્ષ વિદ્યાર્થી કારકિર્દીનો પાયો ખરો; પરંતુ કારકિર્દીનો અંત નથી કે તેનું સર્વસ્વ નથી એ મા-બાપે અને શિક્ષકોએ પણ સમજાવવું જોઈએ. એ સાથે એને એ પણ સમજાવવું જોઈએ કે આ એક તક તેણે ગુમાવી ખરી; પરંતુ એથી જીવનમાં બધું જ ગુમાવી દીધું અને હવે તકો આવવાની જ નથી એવું માની લેવાની જરૂર નથી. માનવીના જીવનની પરીક્ષાની ભાષામાં અસંખ્ય તીર છે, એમાંથી એક તીર લક્ષ્ય ચૂકી ગયું અને નકામું ગયું, પરંતુ હજુ એ ભાથામાં ઘણાં તીર બાકી છે, જેનાથી લક્ષ્ય સિદ્ધ થઈ શકે એમ છે. કોઈ એક જ પરીક્ષામાં સફળ ન થવાથી જીવનની ભાવિ પ્રગતિના દરવાજા બંધ થઈ જતાં નથી. ડૉક્ટર કે ઈજનેર થવાની મહેચ્છા રાખી હોય, પરંતુ નબળું પરિણામ આવતાં તે પૂર્ણ થયેલી ન લાગે; પણ સારી કારકિર્દી માટે જીવનમાં આ બે જ ક્ષેત્રો નથી. શિક્ષણની પણ બીજી અનેક શાખાઓ છે. જેમાં પ્રવેશ મેળવીને નવી તકો મેળવી શકે છે વળી, સરકારી, અર્ધસરકારી ક્ષેત્રની કલાસ-૧ ઑફિસર, આઈ.એ.એસ., આઈ.પી.એસ., બૅન્ક ઑફિસર, ઈન્કમટેક્ષ ઑફિસર વગેરે અનેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓના દ્વાર પણ ખુલ્લા જ હોય છે, જેનો આશ્રય લઈને વિદ્યાર્થીઓ ઉજ્જવળ કારકિર્દીનાં સ્વપ્નો સિદ્ધ કરી શકે છે.

ખરેખર તો માનવીના જીવનની સફળતાનો માપદંડ માત્ર પરીક્ષાની સફળતાને ગણવાની જ જરૂર નથી. પરીક્ષાનાં પરિણામ પરથી જિંદગીની પરીક્ષાનું પરિણામ કદાપિ નક્કી થઈ જતું નથી. માનવીના જીવનમાં એવા અનેક પ્રસંગો અને પરિસ્થિતિઓ આવ્યા જ કરે છે, જે તેના માટે ન ધારેલી તકો ઊભી કરે છે. બીજી બાજુ માનવીની અંદર પણ, તેને ખયાલ પણ ન હોય એવી અખૂટ શક્તિઓનો સ્રોત પડેલો જ હોય છે, જે તકો અને સંયોગો મળતાં તેને ન ધારી હોય એવી અસાધારણ સફળતા અપાવી શકે છે. દુનિયાના અનેક માનવીઓને મળતી આવી સફળતા કંઈ પરીક્ષાના ઊંચા પરિણામ પર આધારિત નથી હોતી.

તમે જ વિચાર કરો, છેલ્લા ત્રણ ચાર દાયકામાં આગળ આવેલા ધનિકો, વેપારીઓ, ઉદ્યોગકારો, કોન્ટ્રાક્ટરો અને નેતાઓમાંથી કેટલા જણાએ ધોરણ૧૨ કે ડિગ્રી પરીક્ષામાં ઊંચા ગુણ મેળવ્યા હશે ? કદાચ કોઈએ નહિ. આજના ઘણાં ઉદ્યોગપતિઓ પણ ઊંચા ડિગ્રી ધારકો નહિ હોય. ઊંચી શોધો કરનાર ઘણાં વૈજ્ઞાનિકો ઊંચી ડિગ્રીવાળા નહોતાં. છતાં તેઓ જીવનમાં અસાધારણ ઉજ્જવળ કારકિર્દી બનાવી શક્યા છે. એમની આ

સફળતાનું રહસ્ય શું ? રહસ્ય એ જ કે પરીક્ષામાં મળેલ નિષ્ફળતા કે સામાન્ય પરિણામથી નાસીપાસ થયા વગર તેમણે તેમની સમક્ષ જે સંજોગો ઊભા થયા, જે તકો આવી તે તેઓએ પુનઃ ઊભા થઈને ઝડપી લીધી અને સામે આવેલી મુશ્કેલીઓનો સામનો કર્યો. પરિણામે તેઓ ઊંચી સફળતાના સોપાન ચઢી શક્યા. આમાંના ઘણાને પૂછશો તો કહેશે- અમે ડૉક્ટર કે ઈજનેર ન થયા તેનો અમને જરાયે વસવસો નથી, બલકે અમે એમના કરતાંયે વધુ ઉજ્જવળ સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ.

બ્રિટનના બે વાર વડાપ્રધાન બનેલા અને બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનને વિજય અપાવવામાં નિર્ણાયક ભાગ ભજવનાર વ્હીસ્ટન ચર્ચિલ ભણવામાં બિલકુલ હોશિયાર ન હતા, બલકે વર્ગમાં છેલ્લી પાટલી પર બેસનારાં ‘ઠોઠ નિશાળિયા’ હતા. તેઓ વડાપ્રધાન બન્યા પછી એકવાર પોતે જે શાળામાં ભણ્યા હતા એ શાળાની મુલાકાતે ગયેલા. એ વખતે તેઓ શાળામાં જે વર્ગમાં ભણતા હતા તે વર્ગમાં ગયા. શિક્ષકે ત્યારે હોશિયાર વિદ્યાર્થીઓને આગળની પાટલીઓ પર બેસાડેલા, પરંતુ ચર્ચિલ તેમને કોઈ પ્રશ્નો પૂછવાને બદલે છેલ્લી પાટલી પર બેઠેલા વિદ્યાર્થી પાસે જઈ તેની પીઠ થાબડતાં તેને કહ્યું : ‘તું ફિકર ન કરતો, દોસ્ત ! હું પણ આ પાટલી પર જ બેસતો હતો !’ તેમનો કહેવાનો મર્મ સ્પષ્ટ જ હતો કે તું ભણવામાં હોશિયાર નહિ હોય, એથી પરીક્ષામાં નિષ્ફળતાયે મેળવે, પરંતુ તેનાથી જીવનમાં નિરાશ થવાની જરૂર નથી. દરેક વ્યક્તિના જીવનમાં ભરપૂર તકો પડેલી જ છે, જે તેને પોતાની (ચર્ચિલ)ની જેમ વડાપ્રધાન જેવા ઊંચા સ્થાનો સુધી લઈ જઈ શકે છે.

એ વાત ઘણા લોકો જાણે છે કે મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી પછીથી બન્યા) ભણવામાં જરાયે હોશિયાર નહોતા. તેઓ બીજા ધોરણમાં ખરાબ રીતે નાપાસ થયેલા, કેમ કે ઇતિહાસ, ભૂગોળ અને અંગ્રેજીની પરીક્ષામાં શૂન્ય ગુણ લાવેલા. ઇતિહાસના પેપરમાં શૂન્ય ગુણ લાવનાર આ ઠોઠ વિદ્યાર્થીએ પછીથી આખા દેશના નૂતન ઇતિહાસનું ઘડતર કર્યું એ જુદી વાત ! ગાંધીજીએ મેટ્રિકની પરીક્ષા અમદાવાદથી આપેલી પણ પ્રથમ ટ્રાયલે એમાં નાપાસ થયેલા અને બીજા ટ્રાયલે પાસ થયેલા ! ભારતના રાજકારણમાં સક્રિય વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સંજય ગાંધી ભણવામાં તેજસ્વી નહોતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ નોન મેટ્રિક જ હતા પરંતુ એથી મુખ્યમંત્રીના પદ સુધી પહોંચવામાં ખરાબ પરિણામ ક્યાંય નડ્યું ન હતું. મતલબ કે માનવીના જીવનમાં કારકિર્દીની નિર્ણાયક ગણાતી પરીક્ષામાં સફળતા કે નિષ્ફળતા તેના ભાવિ જીવનમાં ઉચ્ચ સિદ્ધિઓ હાંસલ કરવામાં કે ઉચ્ચ પદો પ્રાપ્ત કરવામાં ક્યારેય અવરોધક બનતી નથી. જગતમાં એવો એક પણ માનવી નહિ હોય જેને જીવનમાં નિષ્ફળતા ન મળી હોય, હરકોઈ વ્યક્તિના જીવનમાં ક્યારેક નિષ્ફળતા મળે જ, પરંતુ સફળ એ જ વ્યક્તિ થાય છે જે નિરાશાને ખંખેરીને પુનઃકમર કસીને પ્રયત્નો ચાલુ રાખે છે.


અમેરિકાના સતત ત્રણ વખત પ્રમુખ બનેલા અને અત્યંત ઉમદા વ્યક્તિત્વ ધરાવતા અબ્રાહમ લિંકન કઠિયારાના પુત્ર હતા. એમનું જીવન અનેક પ્રકારની હાડમારીઓની વચ્ચે વિત્યું હતું. તેઓ તેમના જીવનમાં અનેકવાર નિષ્ફળ ગયેલા. શરૂઆતમાં વકીલના વ્યવસાયમાં સફળતા ન મળી, પછી ૧૮૩૧માં ધંધામાં જોડાયા. તેમાં ખોટ ખાધા પછી ૧૮૩૨માં ફરી ચૂંટણી લડ્યા. તેમાં હારી ગયા. છતાં ૧૮૩૬માં ફરી ચૂંટણી લડ્યા અને ફરી હાર્યા. એ પછી પણ તેઓ છેક ૧૮૫૮ સુધી ચૂંટણીઓ લડતા રહ્યા અને હારતા રહ્યા. છેવટે ૧૮૬૦ની ચૂંટણીમાં એ જીત્યા અને અમેરિકાના પ્રમુખ બન્યા તેમનું જીવન સૂત્ર હતું, ‘જીવનમાં નિષ્ફળતા તો મળે; પણ નિરાશ ન થવું. મુશ્કેલ પરિસ્થિતિમાં પણ જીવનના લક્ષ્યને પામવાનો પ્રયત્ન ચાલુ રાખવો.’

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# સ્ત્રી સુરક્ષા ગાંધીની નજરથી

જીતુભાઈ નાયક
એ-૩૪, બાલાજી રેસિડેન્સી,
સુજાતપુરા રોડ, કડી-૩૮૪૪૪૦.
શિક્ષક, સર્વ વિદ્યાલય, કડી. મો.: ૯૨૨૮૭૦૫૭૯૬





પૃથ્વી પરની અતિ સુંદરમાં સુંદર જો કોઈ રચના હોય તો તે છે નારી... સ્ત્રી... મહિલા... સંસારના નિર્માણમાં પાયાનું તત્ત્વ એટલે નારી. સ્ત્રી વિના દુનિયાની કલ્પના જ અસંભવ છે. નારીના માનવજાત પર અનેક ઉપકાર છે. છતાંપણ સમાજમાં સ્ત્રીનું સન્માન કેટલું...? સ્ત્રીને આદર કેટલો...? સ્ત્રીનું મહત્ત્વ કેટલું...? સ્ત્રીની સુરક્ષા કેટલી...? પુરુષ પ્રધાન સમાજમાં આપણે સૌ આ બાબતથી પરિચિત જ છીએ. મહિલા પર થતા અત્યાચારો સદીઓથી ચાલ્યા આવ્યા છે. આમાંય જ્યારે સ્ત્રી સુરક્ષાની વાત આવે છે ત્યારે આપણે સૌ સભ્ય સમાજે વિચારવાની જરૂર છે. ગાંધીબાપુ પણ મહિલા સુરક્ષાને લઈને સતત ચિંતાતુર બની રહેતા હતા આ બાબત તેમના જીવનના એક નાનકડા પ્રસંગમાંથી જાણી શકાય છે.

સાબરમતી આશ્રમમાં કવિ બિન્દુ દ્વારા અવારનવાર રામાયણ કથાનું વાંચન થતું રહેતું હતું. બાપુ અને તમામ આશ્રમવાસીઓ નિયમિત કથાનું પાન કરતા હતા. રામાયણના અનેક પ્રસંગોનું વર્ણન ચાલ્યા કરતું, પરંતુ એક ખાસ પ્રસંગે બાપુની આંખમાંથી વારંવાર આંસુ નીકળી આવતા હતા. બિન્દુજીની નજરમાં આ ઘટના દર વખતે આવતી હતી. તેમણે હિંમત કરીને એકવાર બાપુને પૂછી જ લીધું... બાપુ મેં ધ્યાનમાં લીધું છે કે આખી રામાયણના પ્રસંગોમાં આપની આંખમાંથી આંસુ પડતા મેં જોયા નથી પરંતુ જટાયુના પ્રસંગે આપની આંખમાંથી આંસુ આવી જાય છે એવું શા માટે...? ત્યારે ગાંધીજીએ જે જવાબ આપ્યો હતો તે બાબત જ બાપુની સ્ત્રી સુરક્ષા અંગેની કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ અને ચિંતા હતી તે બતાવે છે. બાપુએ કહ્યું... રાવણ સીતાને ઉપાડીને લંકા તરફ લઈ જતો હોય છે ત્યારે જંગલમાં જટાયુ નામના પક્ષીએ સીતાનો બચાવો... બચાવોનો અવાજ સાંભળ્યો. આ પક્ષીને થયું કોઈ સ્ત્રી મુસીબતમાં છે અને પોતાના પ્રાણ દાવ પર લગાવીને રાવણ સાથે લડાઈ કરી. સીતાને બચાવવાનો પ્રયાસ કર્યો . જટાયુ પોતે જાણતો હતો કે તે શક્તિશાળી રાવણનો સામનો કરી શકશે નહિ છતાં એક નારીને બચાવવાનો પ્રયત્ન કર્યો. આ પ્રસંગ જ્યારે – જ્યારે હું સાંભળુ છું ત્યારે – ત્યારે મારી આંખમાંથી આંસુ એટલા માટે આવી જાય છે કારણ કે આપણો દેશ (ભારત દેશ)એ એવો પુણ્યશાળી લોકોનો દેશ છે, જ્યાં પક્ષીઓ પણ નારીની સુરક્ષા કરવા તૈયાર થઈ જાય છે, પરંતુ વર્તમાન સમયે નારી સાથે થતા અત્યાચાર સાંભળુ છું ત્યારે મને પેલો જટાયુ યાદ આવી જાય છે કેમ કે આજના માનવો કરતા તો સતયુગના પક્ષીઓ સારા હતા. દેશના કોઈ ખૂણે નારી પર થતા અત્યાચારને સાંભળું છું ત્યારે મારા હૃદયમાં ખૂબ જ પીડા થાય છે. મારી દૃષ્ટિએ આજે મહિલા જોઈએ એટલી સુરક્ષિત નથી. અને એટલે જ આ ઘટના મને વારંવાર રડાવી દે છે. હું તો વારંવાર ભગવાન રામજીને એ જ પ્રાર્થના કરું છું કે નારીઓની રક્ષા કરવાની સદબુદ્ધિ દરેક ને આપજે.

બીજા એક આવા જ પ્રસંગમાં બાપુનો સ્ત્રી સુરક્ષા અંગેનો ખયાલ પ્રગટ થાય છે. એકવાર બાપુ અને

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# સંત કબીર

આલાભાઈ પી. મારુ
નવજીવન પાર્ક, શીતળા મંદિર સામે, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર.
મો. ૯૪૨૭૮૭૯૧૦૩

ભક્તિ કાલીન સમયમાં રાજકીય ઊથલ-પાથલ, અંધાધૂંધી, લૂટફાટ, કુરિવાજો અને હાતાશામાં પ્રજા અથડાતી-કુટાતી રહી. આ સમયમાં અનેક સંતો, કવિઓ થયાં અને ભક્તિમાર્ગ અપનાવ્યો. ભક્તિએ લોકોને સાંત્વન આપ્યું. આ સમયને ભક્તિકાળ કહે છે. (ઈ.સ. ૧૩૨૪ થી ૧૬૪૪)

આ ભક્તિકાળમાં નિર્ગુણ પરંપરામાં કાશી (વારાણસી) માં કબીરનો જન્મ થયો. (ઈ.સ. ૧૩૯૮) નીરુ અને નીમા નામના વણકર દંપતિએ કબીરનો ઉછેર લાલન-પાલન કર્યું.

કબીર એ સમયની વર્ણ વ્યવસ્થાના કારણે વિધિવત્ શાળામાંથી શિક્ષણ મેળવી શક્યા નહોતા. પણ પોતાના અનુભવના આધારે માનવીય પ્રેમ, ભક્તિ અને સત્યના કારણે એ સંત ભક્ત, કવિ તરીકે ઓળખાયા. એ યુગમાં વ્યાપ્ત જાતિ-પ્રાંતિવાદ, કુરિવાજો, અંધશ્રદ્ધા, મૂર્તિપૂજા, કર્મકાંડ, બાહ્યાડંબર વગેરે સામે બંડ પોકારીને કબીરે પોતાની સાદી-સરળ (સધુકડી) ભાષામાં પરમ તત્ત્વનો ગૂઢ રહસ્યો રજૂ કર્યો. જેમકે...

કસ્તૂરી કુંડલી બસૈ, મૃગ ઢૂંઢે બની માહીં,
ઐસે ઘટ-ઘટ રામ હૈ, દુનિયા દેખે નાહીં.

હરણની નાભિમાં કસ્તૂરી હોય છે. છતાં જંગલમાં આમ-તેમ ફરે છે. એવું જ મનુષ્યનું છે. રામ અર્થાત્ ભગવાન દરેકના દેહ-શરીરમાં વસે છે. પણ લોકો તેને મંદિર-મસ્જિદમાં શોધે છે.

કબીર પાસે અનુભવનું અથાગ ભાથું હતું. અનુભવના આધારે તેમણે રચેલ દોહા, સાખી માણસના હૃદય સુધી પહોંચી શકતાં હતા. કબીરની રચનાઓ 'બીજક' નામના ગ્રંથમાં સંગ્રહિત છે.

કાશીનગરમાં રહેતા પંડિતોની રૂઢિગ્રસ્તતાને ધ્યાને લઈને કબીરે અંધશ્રદ્ધા તથા મૂર્તિપૂજનની પણ ભારોભાર ટીકા કરી છે. જેમકે...

પથ્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજું પહાડને...

એકાદ પથ્થરમાં શું ? આખા પહાડને જ પૂજું જો હરિ પ્રભુ એમ મળતો હોય તો...

માનવ દેહ અનન્ય છે. જે વારંવાર નથી મળતો એ વાત કબીર નીચેના દોહા દ્વારા સમજાવે છે.

દુર્લભ માનુષ જન્મ હૈ, દેહ ન બારમ્ બાર.
તરુવર જ્યાં પતા જડે, બહુરિ ન લાગે વાર.

સંસારમાં માનવ જન્મ મહા મુશ્કેલીઓ મળે છે. જેથી તેનું જતન યોગ્ય રીતે કરવું જોઈએ. વૃક્ષ પરથી પાંદડું પીળું પડી ખરી જતાં ફરીથી ડાળી પર લાગતું નથી તેમ દેહ પણ દુર્લભ છે. જે વારંવાર મળતો નથી.

રૂઢિગ્રસ્તતામાં ફસાયેલ, અહંકારથી પીડિત, કર્મકાંડી પંડિતોને પણ એમણે બરાબરનાં ઉઘાડા પાડ્યા છે.

પોથી પઢ પઢ જગ મુઆ, પંડિત હુઆ ન કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોય.

કર્મકાંડ અને ધર્મ પુસ્તકોનાં થોથાં ઉથલાવવાથી પંડિત થવાતું નથી. પણ માનવ પ્રત્યે, દરેક જીવ પ્રત્યે પ્રેમભાવ રાખો, પ્રેમથી જીવન જીવો તો જીવન સાર્થક થાય છે.

આમ કબીરે ધર્મનાં ધતીંગો ઉઘાડા પાડ્યાં, પોતાના વિચારો અસર કારક, સ્પષ્ટ અને નિર્ભય પણે સમાજ સમક્ષ રજૂ કર્યા.

સત્ય કોઈ ધર્મ કે સંપ્રદાયની વસ્તુ નથી, એ અવિનાશી છે. પ્રત્યેક ઘટ-ઘટમાં, દરેકના દેહમાં, બિરાજતું ચેતન એ જ સત્ય છે. કબીરે આમ વિવિધ ધર્મોનો

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# દોલત

**ડૉ. હિતેષ બી. શાહ**
શ્રવણ ઈ.એન.ટી. હૉસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે,
સુખનાથપરા રોડ, અમરેલી. મો. : ૯૮૭૯૩૨૩૪૭૮



‘તું બહાર આવ...’ જેવો મેસેજ મારા 5110 Nokia Mob. પર આવ્યો અને હું મારા કન્સલ્ટીંગ રૂમની બહાર નીકળ્યો. (મારા એટલે હું જયાં આસીસ્ટન્ટ ડોકટર તરીકે કામ કરતો હતો ત્યાં)

જો કે કન્સલ્ટીંગરૂમથી બહાર નીકળવાના ચાર–પાંચ કદમ ચાલતાં ચાલતાં જ મેં વિચારી લીધું કે ડૉ. કેવલ અને સાથે બીજો કોઈક મિત્ર મને ઝંખી રહયા છે.

કારણ... ? આ કારણને શબ્દોમાં કંડારવું બહુ અઘરૂ છે રોજ સાંજે ૮–૦૦ વાગે એટલે અમારે દોસ્તોએ અચુક ભેગા થવાનું જ, અમારા નાના કસ્બાની બહાર હાઈવે પર આવેલ હોટલમાં જઈએ પ્યાલીમાં ચ્હા પીએ, ને બસ મસ્તી કરીએ. મિત્રો સાથે ગુજારવામાં આવતી આ પળ સૌ મિત્રોને સ્વર્ગસમાન લાગતી. અમારા ગ્રુપમાં બધા ૨૪થી ૨૮ વર્ષના યુવાનો, દરેક જણની જિંદગીની ગાડી પોતપોતાના પાટા પર ચડી ગયેલી એટલે આખા દિવસની દોડધામના અંતે રોજનો આ અડધો કલાક અમને સોનામાં સુગંધ જેવો લાગતો. અમને લોકોને એકબીજાને જોઈએ નહિ, મળીએ નહિ, તો ચેન ના પડે એવી અમારી દોસ્તી જેના લીધે કયારેક અમારી પત્નીએ (અફકોર્સ, હું અને ડૉ. કેવલ પરણેલા ખરા) સાથે ઝઘડા થતાં કે તમે અમને કેમ Involve નથી કરતા ? પરંતુ અમે તેમને સમજાવી ન્હોતા શકતા કે આમા શું આનંદ આવે ? એટલે આ બાબતે પત્નીનું સાંભળી લેતા. એક સફળ પતિ સારો અનિનયકાર હોવો જરૂરી છે. જે ધીમે ધીમે અમારામાં ખીલતું.

પરંતુ આજે મને આશ્ચર્ય એ વાતનું થયું છે કે હજુ તો ૭–૦૦ વાગ્યા છે. આ લોકો કેમ વહેલાં આવી ગયા ? જે હોય તે પરંતુ કોણ કોણ આવ્યું છે તે જોવા હું બહાર આવી ગયો તો નવાઈ સાથે એક ઝટકો લાગ્યો.

ડૉ. કેવલ એના સ્કૂટર પર રસ્તાની એકબાજુએ ઉભો હતો અને એનાથી દસેક ડગલા પાછળ પાર્થ કોઈક બ્લુ જીન્સ ને રેડ ટી શર્ટ પહેરેલી, નમણી વેલને ઘટાદાર વૃક્ષની વચ્ચે કંઈક કઈ શકાય તેવી આકર્ષક વ્યક્તિત્વવાળી યુવતિ સાથે ઉભો હતો. પાર્થની પીઠ મારા તરફ પડતી હતી. મારા બહાર નીકળતાની સાથે જ કેવલે આંખના ખૂણાને પાર્થની દિશામાં ખેંચીને ઈશારો કર્યો ને હું સમજી ગયો કે પાર્થ સાથે ઉભેલ યુવતિ પ્રથા હોવી જોઈએ.

ઠીક છે એમ વિચારી મેં કેવલને કહયું તમે ડાયરેકટ એસ.પી. પહોંચો હું આવું છું.

S.P. (Saturday placc) પહેલા અમે દર શનિવારે રાત્રે એકઠા થતાં હતાં પરંતુ ધીરે ધીરે રોજ મળવાનું થયું મેં મારુ કામ જલ્દીથી આટોપી મારા સ્કૂટરને S.P.ની દિશામાં ધુમાવ્યું ને મારુ મન ચગડોળે ચડયું. મને જૂની બધી ઘટનાઓ યાદ આવવા લાગી પાર્થ પ્રથાના ખયાલોની ને હું એમાં સરી પડયો.

પહેલાની આવી જ એક S.P.ની મિટીંગ હતી. ચાની પ્યાલીઓ ખખડતી હતી ને એના કરતાં ઘેરા અવાજે સાંજના વાતાવરણમાં અમારા સૌના હાસ્યો ખખડતા હતાં અમે એટલે હું, પાર્થ, ડૉ. કેવલ, અભિપેક, કેતુભાઈ ને બીજા જે કોઈ મિત્રો આવે તે અમારા બધામાં સૌથી વધારે કોમેડી પાર્થ કરતો તે જાતજાતના અવાજો કાઢતો એના ફલેટમાં નીચે રહેતા મુન્નાભાઈ હોય કે પછી કોઈ હિન્દી ફિલ્મના હિરોનો અવાજ હોય પાર્થને એ હુબહુ આવડે.

ગળામાં સોપારીનો કટકો ભરાઈ ગયો હોય એવા મુન્નાભાઈના અવાજમાં એ કહેતો એ મને મુન્નો નઈ કે'વાનું... મુન્નાભાઈ કે'વાનું... આ શું કે આપણે ફલેટમાં કોઈથી ડરતા નથી શું... બસ બોસ પાર્થ તું આપણે

દોસ્તાર. મારે તારી જોડે કોઈ બબાલ નથી શું એમ એ જયારે આબેહૂબ મુન્નાભાઈને અવાજ કાઢે ત્યારે ખરેખર હસી પડતાં.

પાર્થની અંદર એક કળા હતી. કોઈપણનો એ આબેહૂબ અવાજ કાઢી શકતો. એની આ કળા ખીલવવામાં તેનો બેફિકરાઈભર્યો સ્વભાવ કારણભૂત હતો. તે ગમે તેને, ગમે ત્યારે, ગમે તેવી ભાષામાં કહી શકવાને સમર્થ હતો. તે ઓછુ બોલતો પણ જે બોલતો તે સાચું બોલતો. મોઢા પર બોલતો... તેને કોઈનો ડર લાગતો નહિ.

'એય પાર્થ... પેલી રહેના હૈ તેરે દિલમેં...' વાળી કોમેડી કરતો બહુ વખત થયો એ સાંભળ્યો... કેતુભાઈએ કહયું હતું એ પછી બધાએ પણ ભાર દીધો ને પાર્થે શરૂ કર્યુ.

?.... અબે સાલા આજ ઉસકા નહિ શ્રૃતિ કા બર્થડે થા... શ્રૃતિ... આ..હા... 'અબે ચૂપ...'

'એય ચલ ટપોરી... મુંબઈ કે કમિશ્નર કો મૈ જાનતા હું...' યે બાત ઔર હૈ વો મુજે નહિ જાનતા...ને અમે હસી પડયાં મને લાગે છે કે પાર્થ કદાચ અમને બધાને હસાવવા માટે જ રોજ કંઈક નવીને નવી કોમેડી લઈ આવતો. એના અવાજ ઉપરાંત એના હાવભાવ, ડાયલોગ ડીલીવરી એની એક આઈડેન્ટીટી હતાં.

'આજે તો બોસ... બસમાં પ્રથા મળી ગઈ'તી... એ એટલું વાક્ય પુરુ કરે ત્યાં સુધીમાં સૌ રમકડાને ચાવી ભરતા હોય એમ પૂછે ?'

'અરે પછી શું થવાનું... રોજ થાય છે' એમ કહીને એ કહેતો.

'મને એણે કહ્યું ચાલ પાર્થ પરણી જઈએ. હવે એમ કંઈ પરણવું સહેલું છે ? હું કંઈના બોલ્યો એટલે કહે કે તું ભલે ગમે તે કહે હું તો તારી સાથે જ લગ્ન કરવાની છું. હવે આવી મોટી લગ્ન કરવાવાળી. કપડાં પહેરવાના તો ઠેકાણા નથી ને લગ્ન કરવા આવી... એવું કહીને એ પ્રથાના જેવા જ અવાજમાં કંઈ કેટલુંયે કહી દેતો કે પાર્થ, 'તું સાલ્લા... નાલાયક... ગધેડા... ગમે તે કહે પણ લગ્ન તો હું તારી સાથે જ કરીશ'ને કહેતાં કહેતાં હસી પડતો એ પ્રથાની આબેહૂબ નકલ કરતો એથી અમને પણ હસવું આવતું.

હું આવું બધું કંઈક વિચારતો—વિચારતો સ્કૂટર પર S.P. તરફ જઈ રહયો હતો. મને ખબર હતી કે પ્રથા પાર્થને ચાહતી હતી. પરંતુ પાર્થને મન પ્રથા માટે કોઈ જ લાગણી ન હતી. પ્રથાની વાતો એટલે પાર્થને મન અમારા સાથે મશ્કરીની પળો હા... પ્રથા પોતાને પ્રેમ કરે છે અને એનો પ્રેમ નિર્દોષ છે એ વાતને માન આપીને પાર્થ એની સાથે સન્માનથી વાતો કરતો. પરંતુ પછીથી એ પોતે જ એ વાતોને મશ્કરીનું નામ આપી આનંદ લેતો. મને હંમેશા એ વાતની નવાઈ લાગતી. પ્રથા કંઈ સાવ સામાન્ય દેખાવની યુવતિ ન હતી. મને ઘણીવખત થતું કે આની ઉંમરના યુવકો તો સતત યુવતિઓને પ્રેમ નામનાં હુંફાળા શબ્દ વડે ભરમાવીને કંઈ કેટલીયે ગરમી પેદા કરી લેતાં હોય છે જયારે આ પાર્થ તો વરસતા વરસાદમાં ભીજાઈ જવાને બદલે સાવ જ કોરો કેમ રહી જતો હશે ? શું એના હૃદયનો એકાદ તાર પણ પ્રથા જેવી નમણી યુવતિના મૃદુ સ્પર્શથી ઝંકૃત નહિ થતો હોય ?

મેં આ શંકાથી પ્રેરાઈને પણ એક વખત અમારી 'મહેફીલ' પતી ગયા પછી એકાંતમાં પાર્થને બેસાડી રાખીને પુછયું હતું.

પાર્થ મને લાગે છે કે તને પણ પ્રથા માટે થોડોક પ્રેમ તો હશે જ જો એવું ન હોય તો તું એને, એના પ્રેમને અન્યાય કરી રહયો છે.

ને એણે એના હંમેશના ખુશમિજાજી મજાકિયા સ્વરે કહયું હતું. 'સાચું કહું મને પ્રથા માટે પ્રેમ તો શું કોઈ ખાસ પ્રકારની લાગણી જેવું પણ નથી. મારે મન એ બીજી બધી યુવતીઓ સરખી છે. હું બસ એની સાથે ખપાવું છું. મેં એને પહેલેથી આ ચોખવટ કરેલી જ છે. બાકી બોસ...આજ ઉસકા નહિ શ્રૃતિકા બર્થડે શ્ર... શ્રૃતિ આ..હા...હા...' જેવો ફિલ્મી ડાયલોગ બોલી એ હસવા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

માંડ્યો હતો ને મારે પણ એની સાથે હસવું પડ્યું હતું.

આજે પાર્થ પ્રથાને મળ્યો છે એટલે કંઈક એવી કોમેન્ટ્સ જાણવા મળશે ને અજાણ્યા, વિચિત્ર ઉમંગથી હું S.P. પહોચ્યો.

પર ડો. કેવલ અને પાર્થ શાંતીથી ચ્હાની ચુસ્કીઓ ભરતાં હતાં. વાતાવરણ ખામોશ હતું ન ચાની પ્યાલીનો ખડખડાટ ને પાર્થની આંગળીઓનો ટેબલ પર પછડાટ ન કોઈના ચહેરા પર મુસ્કુરાહટ.

મારી આહટથી ટેવાયેલા એ બંનેમાંથી ફક્ત કેવલનું ધ્યાન મારા તરફ ગયું ને તેણે મને બેસવા જગ્યા આપી વેઈટરને વધુ એક ચાનો ઓર્ડર આપ્યો.

પાર્થ મને જોવા છતાંય જાણે કે બેધ્યાન હતો.

વાતાવરણના એક ખામોશ સન્નાટાને તોડવાના એક ભાગરૂપે મેં 'તુમ્હે પતા હે આજ ઉસકા નહિ શ્રૃતિ કા બર્થડે થા...' જેવું પાર્થની અદામાં ઉચ્ચારણ કર્યું પરંતુ એ વાકયનો જરાક ઢીલો—નબળો પ્રતિસાદ મને મળ્યો. પાર્થ હસ્યો તો ખરો પરંતુ એ ડાયલોગ ડિલીવરી પર નહિ પણ એની જાત પર હસ્યો હોય તેમ મને લાગ્યું. મને કદાચ ડાયલોગ બોલતા એટલું સારું નહિ આવડતું હોય પરંતુ મનુષ્યોના હાવભાવ વાંચવામાં થોડીઘણી ફાવટ ખરી.

'કયાં મુન્નાભાઈ.. કિસકી વાટ લગા ડાલી આજ ?' ફિલ્મી મુન્નાભાઈ એમ.બી.બી.એસના ડાયલોગની મદદથી મેં તિરાડ પડેલા કાચને ધ્રુજાવવા પ્રયત્ન કર્યો. મને ખ્યાલ આવતો હતો કે સદા હસતા હસાવતા પાર્થનું પ્રથાને મળ્યા. પછીનું આ ખામોશીયુક્ત મન એ તિરાડ પડી ગયેલા કાચ જેવું છે. એવો કાચ કે જ્યાં સુધી એને ફરી ખખડાવવામાં ન આવે ત્યાં સુધી એમ જ લાગે કે અકબંધ છે, જલ્દી નહિ તૂટે. મારે એના મનને હલાવવું હતું એના મનમાં ચાલતા વલોપાતને ડહોળાવવો, ધ્રુજાવવો હતો. જેથી કાચ તૂટે ને એના હૃદયનો ઉભરો બહાર ઠલવાય.

કેવલ મને આંખના ઈશારાથી ચૂપ રહેવા જણાવ્યું. ચ્હા ચ્હા આવી એટલે હું એમાં ડૂબવાનો પ્રયત્ન કરતો હોય તેવું નાટક કરવા લાગ્યો.

કેવલની કિલનિક પરથી મિસ્ડકોલ આવ્યો. (કે પછી કદાચ મિસિજ કોલ) એટલે એ 'સોરી... મારે જવું પડશે કહી નીકળી ગયો.'

હું અને પાર્થ બે જ એકલાં રહયાં. પાર્થની એ ખામોશ ક્ષણો સાથેનો ગુજારેલ સમય હવે મને કોઈ ટાઈમબોમ્બના ટાઈમસેટર જેવો ટક...ટક... ટક... લાગવા માંડયા. હું ચૂપ રહયો કંઈ જ ન બોલ્યો મને ખબર હતી કે હવે ૧૦...૯...૮...૭... જેવું કાઉન્ટડાઉન શરૂ થશે ને પછી ટાઈમબોમ્બ ફૂટશે પણ એ કંઈ ન બોલ્યો. બસ, એ એની ખાલી થયેલ કાચની ચ્હાની પ્યાલીને કાંડા ઘડીયાળ પર દર સેકન્ડે નિયમબદ્ધ ઠપકારતો ને થોડીવારે પ્યાલી ટેબલ પર મૂકતો ને વળી પાછુ એમજ કરતો.

હવે મારી ધીરજ ના રહી. મેં કહયું "શું થયું પાર્થ" આજે તો વળી પ્રથા સાથે તને જોયો તો મેં ? શું પાછી કંઈક નવી કોમેન્ટ્સ નહિ કરે એના વિશે ?"

'શું કરું યાર... મને પોતાને જ ખબર નથી પડતી કે શું કોમેન્ટ કરું...?' થોડીવાર પછી બોલ્યો 'કોના પર ???' અને પછી હસ્યો એ હસ્યો તો એવું હસ્યો કે મને લાગ્યું કે પેલા તૂટેલા કાચની કરચો ફર્શ પર અફળાતી—અફળાતી ચીસો ના પાડતી હોય ?

'પ્રથાના લગ્ન નકિક થઈ ગયા...' જેવું એ માંડ માંડ બોલી શકયો ને પાછો ખોવાઈ ગયો.

હું હવે ગૂંચવાયો...

'તો તો સારું જ ને તારી બલા ગઈ' મેં એને પરાણે હસાવવા પ્રયત્ન કર્યોને ઉમેર્યુ, 'જિસકે વહાં ગઈલી હૈ, ઉસકી વાટ લગા ડાલી હૈ બોસ...'

એ ન હસ્યો... હું વધારે ને વધારે ગૂંચવાતો જતો હતો આ એ જ વ્યકિત હતી કે જે પ્રથા પોતાને પ્રેમ કરે છે એનો પબ્લીક ઈસ્યું બનાવીને નાટકની મજા લેતી હતી એને તો છુટવું હતું પ્રથાની પળોજણમાંથી.

અંતે મેં હિંમત કરીને બધું તડ ને ફડ કરવાના ઈરાદાથી

પૂછ્યું. 'પાર્થ અમને સૌને તો એમ જ હતું કે તું પ્રથાનો માત્ર મિત્ર જ છે. એ જુદી વાત છે કે એ તને ખૂબ જ પ્રેમ કરે છે, પરંતુ તારે મન તો એ પ્રેમનું મૂલ્ય એટલે અમારી સાથે એ વાતોની ઠઠ્ઠા મશ્કરી ! શું તું ખરેખર એને ચાહે છે. નહિ તો તને આટલું દુઃખ ન થાય ?'

'હું તો હજી પણ નથી ચાહતો' 'તો પછી આ તારો ફાટી ગયેલા દૂધ જેવા ચહેરો ? શું હું ખોટું વાંચી રહયો છું. તારો ચહેરો ને તારી આ સન્નાટાભરી વર્તણુંક ?'

'એ પણ સત્ય છે !'

'એટલે...? મને ખબર નથી પડતી ?

'મને પણ ખબર નથી પડતી...

અત્યાર સુધી હું પ્રથા સાથે મજાક મશ્કરી જ કરતો હાલની તારીખમાંયે મને કોઈ જ એવી લાગણી એના માટે નથી કે જેને તમે પ્રેમ કહી શકો કે હું એની સાથે લગ્ન કરવા પણ નથી માંગતો...'

'તો...?' તિરાડવાળા કાચ પર પથ્થર મારી મેં જાણે કોઈ ગુનો કર્યો હોય તેવું મને લાગ્યું.

'આ તો ની જ ખબર નથી પડતી ને કંઈ કેટલાંયે વર્ષો સુધી પ્રથા માનસિક પતિ તરીકે જ સમજાતી હતી. મને ભલે એના પર પ્રેમ ન હોય, હજી પણ નથી જ, પણ સાલુ... એના લગ્ન થઈ જવાના છે... એ જતી રહેવાની છે એની વાત મને અદ્રશ્ય ડંખ આપ્યા કરે છે. પ્રથા એની મરજીથી લગ્ન નથી કરી રહી આટલા વર્ષો મારી રાહ જોયા બાદ, વડીલોની ઈચ્છાને માન આપી એના પ્રેમનું બલિદાન કર્યું છે. એણે મને સાલુ સતત એમ લાગ્યા કરે છે જાણે... જાણે કોઈ મારી દોલત લૂંટીને જતું રહયું હોય ? પ્રથા ભલે કંઈ નહિ તોયે મારો વૈભવ તો હતી જ એ મારી અડધી–પડધી ઓળખાણ તો હતી જ મારી જિંદગીની કંઈ કેટલીયે પળોને એણે ભરી દીધી હતી. એ જુદી વાત છે કે એ વરસતી હતી ત્યારે હું ભીંજાતો ન હતો. પણ એ મારા માટે વરસતી તો હતી જ. અત્યાર સુધી આ દુનિયામાં એક વ્યક્તિ તો હતી કે જે મને મારા બધા દુર્ગુણો સાથે પણ ચાહતી હતી એના થકી હું વૈભવી હતો ને આજે મારી દોલત લૂંટાઈ ગઈ. ખરેખર દોલત કબાટમાં પડી રહે ત્યાં સુધી પથરા સમાન છે પણ જ્યારે લૂંટાઈ જાય એટલે અમૂલ્ય, કિંમતી લાગે છે ને મન પણ કંઈક એવું જ થાય છે. 'કહી એ ફરી પાછો ચ્હાની ખાલી પ્યાલી તરફ તાકી રહ્યો.'

હું પણ લાચાર બની તેને જોઈ રહ્યો. કાચની કરચો હવે મને લાગતી હતી ને પાર્થના હ્રદયમાં પેસી ગઈ હતી.

### સ્ત્રી સુરક્ષા ગાંધીની નજરથી

કિશોરલાલ મશરૂવાળા છોકરીઓની હૉસ્ટેલમાં મુલાકાત માટે ગયા હતા. હૉસ્ટેલની છોકરીઓ સાથે વાત ચીત કર્યા બાદ પ્રશ્નોત્તરી ચાલી. એક છોકરીએ કિશોરલાલને પ્રશ્ન પૂછ્યો કે જો કોઈ પુરુષ છોકરીની છેડતી કરે તો તેની સાથે કેવો વહેવાર કરવો જોઈએ ? કિશોરલાલે જવાબ આપતા કહ્યું કે... પગનું ચપ્પલ લઈને તેનું મોઢું તોડી નાંખવું જોઈએ. તે છોકરીએ બાપુને ફરીથી આ જ પ્રશ્ન કર્યો અને કહ્યું કે ચપ્પલ મારવું એ તો હિંસા થઈ કહેવાય તો છેડતી કરનારના સાથે હિંસા કરવી કે ન કરવી ? બાપુએ તરત જ પેલી છોકરીને કહ્યું... કિશોરલાલે ભલે ચપ્પલ મારવાનું કહ્યું હોય પણ હું તે મતનો નથી... મારી દૃષ્ટિએ તો આવા વ્યક્તિને તો છરી લઈને પેટમાં ઘુસાડી દેવી જોઇએ...! સ્ત્રી સુરક્ષા અંગે આવા વિચાર હતા બાપુના... આવા સમયે બાપુ અહિંસાને પણ બાજુએ મૂકી દેવાના મતમાં હતા.

મહિલા સુરક્ષાને લઈને બાપુ કેટલા ચિંતાતુર હતા તે બાબત આ બે નાનકડા પરંતુ અતિ મહત્ત્વના પ્રસંગો પરથી જાણી શકાય છે. આવી સૂક્ષ્મ દૃષ્ટિ તેમજ વિચાર શક્તિ બાપુના જીવનના અનેક પ્રસંગોમાંથી આપણને જાણવા મળે છે . આજે વર્તમાન સમયે સ્ત્રી અસુરક્ષિત છે જ...! એ પણ પુરુષો દ્વારા... તો આપણે બધાએ સાથે મળીને નારીની રક્ષા કરવાની છે તો અને તો જ સાચા અર્થમાં ગાંધીજીની ૧૫૦ મી જયંતી ઊજવી છે તેમ કહી શકાશે.

# શિક્ષકોને શિક્ષણ

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ એક્વા કૉમ્પ્લેક્સ, મૅકડોનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.
મો. ૯૮૨૪૦૩૪૪૭૫

વિદ્યાદાનનો પ્રારંભ થયો હતો ત્યારની આ વાત છે. સ્વયંસેવકોમાં સેવા વસ્તીનાં બાળકોને ભણાવવાનો ઉત્સાહ ઘણો હતો, પરંતુ આવડત ઓછી હતી. જે ભણાવવાનું હતું તે બધાંને આવડતું હતું, પરંતુ ભણાવતાં આવડતું નહોતું. આવી સ્થિતિમાં બધાંને એવું લાગ્યું કે આપણને કોઈ એવી વ્યક્તિ મળી જાય જે આ બાળકોને ભણાવતી હોય. આપણે તેમની પાસેથી તાલીમ લઈએ. એ વિસ્તારમાં એક આંગણવાડી ચાલતી હતી. સુમનબહેન તેનાં વડાં હતાં. વિદ્યાદાનની ટીમે તેમનો સંપર્ક કર્યો. તેમને વિનંતી કરવામાં આવી કે તમે અમને કેવી રીતે ભણાવાય તે ભણાવો. સુમનબહેન તો ખૂબ રાજી થયાં. શહેરના યુવાનો નિઃસ્વાર્થભાવે ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવે એ વાત તેમને ખૂબ ગમી.

સુમનબહેને વિદ્યાદાનના સ્વયંસેવકોને ભણાવવાનું ચાલું કર્યું. એ વખતે આશરે ૨૦-૨૫ સ્વયંસેવકો હતા. તેમણે ખૂબ સરસ રીતે તાલીમ આપી. એક સમય તો એવો આવ્યો કે વિદ્યાદાનના સ્વયંસેવકોને તાલીમ આપવા માટે સુમનબહેને આંગણવાડી છોડી દીધી. તેઓ માનતાં હતાં કે હું થોડાક નાના વિદ્યાર્થીઓને ભણાવું છું, પરંતુ આ સ્વયંસેવકો તો અનેક વિદ્યાર્થીઓને ભણાવે છે. મારી તાલીમનો સમાજને વધારે ફાયદો થશે.

વિદ્યાદાનની ટીમ તૈયાર થઈ ગઈ. તૈયાર થયેલી ટીમે અન્ય ટીમોને તાલીમ આપવાનું શરૂ કર્યું. એ પછી વિદ્યાદાનના સંચાલકોએ સુમનબહેનને વિનંતી કરી કે પુનઃ આંગણવાડી સંભાળી લો. આંગણવાડીને આપની જરૂર છે. સુમનબહેને તેમની વાત માની. એ પછી તો આંગણવાડીનો પણ વ્યાપ વધ્યો. જ્યાં બે-ત્રણ શિક્ષકો હતા ત્યાં શિક્ષકો બમણા થયા.

સુમનબહેન વિદ્યાદાનના સ્વયંસેવકોને તાલીમ આપતાં હતાં તેના માટે કોઈ પણ પ્રકારના પૈસા લેતાં નહોતાં. વિદ્યાદાનના સંચાલકોએ તેમને પૈસા આપવાનો આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે મારાથી પૈસા ના લેવાય. જો હું પૈસા લઉં તો મોટું પાપ કહેવાય. આવી હોય છે નાના ગણાતા મોટા લોકોની વિશાળ ભાવના !

હવે તો વિદ્યાદાનના સંચાલકોએ નવા સ્વયંસેવકોને તૈયાર કરવાની આખી પદ્ધતિ ઊભી કરી છે. નવા સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવે છે તથા જૂના સ્વયંસેવકોને સમયે સમયે સંવર્ધિત (રિફ્રેશ) પણ કરવામાં આવે છે.

જોકે વિદ્યાદાનના સ્વંયસેવકોની તાલીમમાં તો સુમનબહેન જ છે, વિદ્યાદાન સંસ્થા ક્યારેય તેમનું ઋણ ભૂલી ના શકે.

**આજે વિદ્યાર્થીને ભણાવવા કરતાં સ્વાધ્યાયી બનાવવા તે વધુ જરૂરી છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓ બહાર આવે છે તે પોતાની જાતને સાતમા માળે બેસાડે છે જ્યારે સમાજનો સામાન્ય જન સાવ નીચેના સ્તરે હોય છે. આ કેવા પ્રકારનું આપણું શિક્ષણપ્રધાન !!**

# બાળક અને આપણે

કોઈ બાળક પાસે પોતાનાં મા-બાપ બદલવાનો વિકલ્પ નથી હોતો. એમની એ કમનસીબીનો આપણે ક્યારેક ગેરલાભ ઉઠાવતા હોઈએ છીએ.

આપણાં સમાજમાં નાની ઉંમરે મૃત્યુનાં મુખ્ય બે કારણો છે. અપેક્ષાઓ અને અભિપ્રાયો. બાળક જન્મે ત્યારે તેની બંધ મુઠ્ઠીઓમાં મમ્મી-પપ્પાને સંબોધીને ઈશ્વરે લખેલી કોઈ ચિઠ્ઠી નથી હોતી, કે આ બાળકને ડૉક્ટર કે એન્જિનિયર બનાવજો. (કોઈપણ જાતની પુર્વશરત વિના પોતાના ભાગે આવેલી જિંદગીને ઊજવી લેવાની સમજણ પાઠ્યપુસ્તકો વાંચીને નથી આવતી)

બાળકોને પ્રેમ કરનારા આપણે સહુ તેમની પ્રતિભા અને તેજસ્વીતાનું ગૌરવ તો લઈએ છીએ પરંતુ તેમની નબળાઈઓ સ્વીકારવા આપણે તૈયાર નથી હોતા. પરીક્ષાના માર્ક્સ હોય કે રમતગમતનું મેદાન, આપણું બાળક ક્યાંય પણ પાછળ રહી જાય એ વાત આપણને મંજૂર નથી.

શ્રી દક્ષિણામૂર્તિના શિક્ષક અને કેળવણીકાર વિક્રમ ભટ્ટ કહે છે કે ‘બાળકોની અપૂર્ણતાને ચાહો. કારણ કે તેઓ તમારી અપૂર્ણતાને ચાહે છે.’ આ વાત કેટલી સાચી છે !

આજ સુધી કોઈ બાળકે એની મમ્મીને એવું કહ્યું નથી કે ‘મમ્મી, તને અંગ્રેજી બોલતાં નથી આવડતું એટલે હું તારા ખોળામાં નહીં બેસું.’ પપ્પાને પ્રમોશન નથી મળ્યું એવું સાંભળીને કયું બાળક એના પપ્પા સાથે બોલવાનું બંધ કરી દે છે ?

બાળકો આપણને આપણી નિષ્ફળતાઓ અને નબળાઈઓ સાથે સ્વીકારે છે અને પ્રેમ કરે છે. ચૉકલેટ અને રમકડાં જેવી નાની બાબતો પર જીદ કરતા બાળકો, એમનાં મા-બાપની ઊણપો વિશેનું સત્ય કેટલી સરળતાથી સ્વીકારી લે છે !

બીજું કાંઈ શીખે કે નહીં પરંતુ આપણા બાળકો પાસેથી ઉદારતા તો શીખવી જ પડશે. એમના ઉછેરમાં, એમની માવજતમાં આપણે પણ ભૂલો કરતાં હોઈશું. જેમ બે કાન પકડીને આપણે તેમની પાસે સૉરી બોલાવીએ છીએ, એમ એમની આંખોમાં આંખ નાખીને આપણે પણ તેમને ‘સૉરી’ કહેતાં શીખવું પડશે.

આપણે માફી માંગીએ કે ન માંગીએ, બાળકો બહુ જલદી માફ કરી દેતા હોય છે અને માફી આપ્યાનો તેમને અહંકાર પણ નથી હોતો. કદાચ તેઓ પ્રેમને આપણાં કરતાં વધારે સારી રીતે સમજે અને જીવે છે.

દરેક બાળક પોતાની પસંદગી લઈને જન્મે છે. પોતાના ગમા-અણગમા સાથે જીવે છે. આપણી કોઈપણ જાતની દખલગીરી વગર પણ તેઓ પોતાને ગમતું કામ તો વ્યવસ્થિત રીતે કરી જ લેવાના છે. બસ, એમનાં સપનાંઓ આપણને વિશ્વાસ હોવો જોઈએ.

પેરેન્ટ્સ મિટિંગ વખતે ચિંતિત વાલીઓ જ્યારે ક્લાસ-ટીચરને પૂછતાં હોય છે કે ‘કલાસમાં મારા બાળકનું પ્રદર્શન કેવું છે ?’ ત્યારે મને ઘણીવાર વિચાર આવે છે કે આવી એક મિટિંગ બાળકો સાથે પણ થવી જોઈએ. જ્યાં બાળકને પૂછવામાં આવે કે ‘ઘરમાં તમારાં મમ્મી-પપ્પાનું પ્રદર્શન કેવું છે.’

અત્યાર સુધી ફક્ત આપણે જ બાળકોને ગ્રેડ્સ અને માર્ક્સ આપતા આવ્યા છીએ. એક અવસર એમને પણ મળવો જોઈએ. આપણું મૂલ્યાંકન કરવાનો પણ બાળકો ક્યારેય મૂલ્યાંકન નથી કરતા કારણે કે તેઓ જાણતાં હોય છે કે ઈશ્વરે બનાવેલી આ સૃષ્ટિને લોકોની અપૂર્ણતા જ સુંદરતા બક્ષે છે.

જો કોઈ પણ બાળક ‘પોતે અપૂર્ણ છે’ એવી માન્યતા સાથે મોટું થાય છે, તો વાલી તરીકે એ આપણી સૌથી મોટી અપૂર્ણતા છે.

બાળવાર્તા

# કબૂતરને જાવું નિશાળે

માધવી આશરા 'ખત્રી'
પ્લોટ નં. ૧૩૯, બ્રહ્માણી વાડી સામે, ભાઉભાનો ચોક,
નિર્મલનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મો. ૭૦૯૬૩૯૦૨૫૪



સુંદર સરસ મજાનું આકાશ હતું. ખૂબ મોટા અને ખૂબ ઊંચા આકાશમાં ઘણા બધા પક્ષીઓ ઊડતા હતા. કાબર, મેના, પોપટ, કબૂતર, કાગડાઓ, કોયલ, ચકલીઓ આકાશમાં ખૂબ ઊંચે-ઊંચે ઊડતા હતા. પાંખો વડે ઊડવાની બધા જ પક્ષીઓને ખૂબ મજા પડતી.

હવે પક્ષીઓ તો હંમેશાં જૂથમાં જ ઊડતા હોય. તો આ પક્ષીઓમાં એક ખૂબ નાનું અને ધોળું કબૂતર હતું. કબૂતર ને તો મગ, બાજરો, ઘઉં અને જાર ખૂબ જ ભાવે. ઘણા બધા ચબૂતરામાં જઈ તેઓ દાણા ચણે. ફટાફટ દાણા ચણીને એ તો આકાશમાં ઊડવા લાગે.

હવે આવું જ એક કબૂતરનું ખૂબ મોટું ટોળું હતું. આ બધા જ કબૂતર એક સાથે જ દાણા ચણવા જાતા હતા. હવે આ ખૂબ મોટા કબૂતરોના જૂથમાં એક ખૂબ જ નાનું કબૂતર હતું. નાનું હતું એટલે બધાને ખૂબ જ વ્હાલું લાગતું. બધા તેને લાડ લડાવે.

આ નાના કબૂતરને કશીશના ઘરે દાણા ખાવા જાવું ખૂબ ગમતું. કશીશને પણ કબૂતર ખૂબ ગમતા. કશીશની અગાસીમાં એક નાનો ચબૂતરો હતો. ત્યાં ઘણા કબૂતરો દાણા ખાવા આવતા. કશીશ દરરોજ સવારે ઊઠીને કબૂતરોને ખાવા માટે મગના દાણા ચબૂતરામાં નાખતી. પછી દીવાલ પાછળ જઈને સંતાઈ જતી.

ધીમે-ધીમે કરતાં અનેક કબૂતરો દાણા ચણવા માટે ભેગા થઈ જાય. પણ કશીશ તો પેલા નાના કબૂતરની જ વાટ જોતી રહેતી. ક્યારે એ નાનું કબૂતર આવે અને કશીશ તેને રમાડે. આ નાનું કબૂતર પણ ખૂબ સુંદર હતું. તેને પણ કશીશ સાથે રમવું ગમતું. તે જેવું દાણા ચણવા અગાસી પર આવે એટલે તરત જ કશીશ પાસે જઈ તેના ખોળામાં બેસી જતું.

કશીશ અને કબૂતરનો આ નિયમ દરરોજ ચાલતો રહેતો, પણ એક દિવસ આવું ન બન્યું. કબૂતર દાણા ચણવા માટે અગાસીમાં આવ્યું પણ કશીશ ન હતી. કબૂતર આમતેમ ફરવા લાગ્યું, ઊડવા લાગ્યું, પણ કશીશ દેખાઈ નહીં.

કબૂતર તો ખૂબ ઉદાસ થઈ ગયું. તેણે દાણા પણ ન ખાધા. ને રડતાં-રડતાં તે આકાશમાં ઊડી ગયું. અને એક ઝાડ પર જઈ બેસી ગયું. બધા કબૂતરો નાના કબૂતરને શોધવા લાગ્યા પણ તે ક્યાંય ન મળ્યું. શોધતા-શોધતા બધા કબૂતર ઝાડ પર આવી ગયા. નાના કબૂતર ને જોઈ બધાએ મળીને પૂછ્યું — "કેમ તું ઉદાસ છે? અને કેમ રડે છે?"

"આજે કશીશ પેલી અગાસી પર ન હતી." — નાના કબૂતરે કહ્યું

"હા, આજે તો મેં પણ કશીશને જોઈ ન હતી."

ત્યાં વચ્ચમાં જ એક કબૂતર બોલ્યું — " અરે! પેલી કશીશ તો આજે નિશાળે ગઈ છે એટલે."

નાનું કબૂતર બોલી ઊઠ્યું — " નિશાળ એટલે શું?"

બીજા કબૂતરે કહ્યું — "નિશાળ એટલે કે જ્યાં નાનાં બાળકો ભણવા જાય, કવિતાઓ ગાય, વાર્તાઓ સાંભળે, ભેગા મળી ને નાસ્તો કરે, ભગવાનની પ્રાર્થના કરે, સાથે મળીને રમે."

નાનું કબૂતર બોલ્યું — " નિશાળમાં આવું બધું થાય, તો મારે પણ નિશાળે જવું છે. કશીશ સાથે રમવું છે, ખાવું છે, ગીતો ગાવા છે, વાર્તા સાંભળવી છે."

ત્રીજું કબૂતર — "સારું તો હું તને કાલે નિશાળે લઈ જઈશ."

આ સાંભળીને નાનું કબૂતર તો ખુશ-ખુશ થઈ ગયું.

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ધો. ૧૦નું ૫૪.૨૫ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધો.૧૦ની પરીક્ષાનું પરિણામ ૫૪.૨૫ ટકા રહ્યું છે. ગયા વર્ષ કરતા માત્ર ૦.૬૩ ટકા પરિણામ વધ્યુ છે. જ્યારે એ-૧ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓમાં ઘટાડો નોંધાતા એ-૧ ગ્રેડમાં સમગ્ર રાજ્યમાં ૪૯૭૪ વિદ્યાર્થીઓ છે.

આ વર્ષે નિયમિત વિદ્યાર્થીઓની કેટેગરીના ૮૨૨૮૨૩ વિદ્યાર્થીઓમાંથી ૫૫૧૦૨૩ વિદ્યાર્થીઓ પાસ થતા નિયમિત વિદ્યાર્થીઓનું ૬૬.૯૭ ટકા પરિણામ રહ્યું હતું. આ વર્ષે ફરીથી પરીક્ષા આપનારા રિપીટર વિદ્યાર્થીઓમાં ૨૫૨૭૩૬ વિદ્યાર્થીઓમાંથી ૪૩૫૪૯ વિદ્યાર્થી જ પાસ થતા રિપીટર વિદ્યાર્થીઓનું પરિણામ માત્ર ૧૭.૨૩ ટકા રહ્યું છે.

જ્યારે ખાનગી વિદ્યાર્થીઓની કેટેગરીમાં ૨૪૯૫૫ વિદ્યાર્થીઓમાંથી ૨૫૨૯ જ પાસ થતા ૧૦.૧૩ ટકા પરિણામ રહ્યું છે. આ વર્ષે કુલ ૧૧૦૦૫૧૪ વિદ્યાર્થીઓમાંથી ૫૯૭૧૦૧ વિદ્યાર્થી પાસ થતા સરેરાશ પરિણામ ૫૪.૨૫ ટકા રહ્યું છે. આ વર્ષે ગત વર્ષ કરતાં માત્ર ૫૦૦૦ જેટલા જ વિદ્યાર્થી વધુ પાસ થયા છે.

**ધો.૧૦નું તમામ કેટેગરીનું પરિણામ**

| કેટેગરી | વિદ્યાર્થી | | | વિદ્યાર્થિની | | |
|---|---|---|---|---|---|---|
| | ઉપસ્થિત | પાસ | ટકા | ઉપસ્થિત | પાસ | ટકા |
| નિયમિત | ૪૭૫૬૮૩ | ૨૯૮૮૬૨ | ૬૨.૩૩ | ૩૪૭૧૪૦ | ૨૫૨૧૬૧ | ૭૨.૬૪ |
| રીપીટર | ૧૮૩૫૮૨ | ૨૮૧૩૧ | ૧૫.૩૨ | ૬૯૫૧૪ | ૧૫૪૧૮ | ૨૨.૩૦ |
| ખાનગી | ૧૬૧૪૪ | ૧૨૩૫ | ૭.૬૫ | ૮૮૧૧ | ૧૨૯૪ | ૧૪.૬૯ |

**કયા ગ્રેડમાં કેટલા વિદ્યાર્થી**

| ગ્રેડ | ૨૦૧૯ | ૨૦૧૮ |
|---|---|---|
| એ-૧ | ૪૯૭૪ | ૬૩૭૮ |
| એ-૨ | ૩૨૩૭૫ | ૩૩૯૫૬ |
| બી-૧ | ૭૦૬૭૭ | ૭૨૭૩૯ |
| બી-૨ | ૧૨૯૬૨૯ | ૧૨૭૧૧૦ |
| સી-૧ | ૧૮૭૬૦૭ | ૧૭૨૩૫૦ |
| સી-૨ | ૧૧૯૪૯૨ | ૧૧૩૯૩૨ |
| ડી | ૬૨૮૮ | ૬૯૩૭ |
| ઈ | ૨૧ | ૧૨ |

**માર્ચ ૨૦૧૯ ધો.૧૦નું વિષયવાર પરિણામ**

| વિષય | વિદ્યાર્થી | નાપાસ | ૨૦૧૯ | ૨૦૧૮ |
|---|---|---|---|---|
| વિજ્ઞાન-ટેકનોલોજી | ૮૨૨૮૨૦ | ૨૬૧૫૨૧ | ૬૮.૨૨ | ૭૧.૪૨ |
| ગણિત | ૮૨૧૯૮૨ | ૨૪૯૫૦૯ | ૬૯.૬૫ | ૬૮.૨૪ |
| અંગ્રેજી (દ્વિતીય) | ૭૪૭૭૨૭ | ૨૨૭૩૪૪ | ૬૯.૬૦ | ૭૧.૨૧ |
| સામાજિક વિજ્ઞાન | ૮૨૨૮૨૦ | ૧૫૮૬૦૯ | ૮૦.૭૨ | ૮૫.૭૭ |
| ગુજરાતી (પ્રથમ) | ૭૨૩૮૯૩ | ૮૧૦૩૩ | ૮૮.૮૧ | ૮૪.૮૫ |
| સંસ્કૃત | ૪૮૦૯૩૭ | ૮૩૯૫૩ | ૮૨.૫૪ | ૮૨.૭૬ |
| હિન્દી (દ્વિતીય) | ૩૧૦૪૧૦ | ૪૩૪૯૦ | ૮૫.૯૯ | ૮૮.૧૧ |
| ગુજરાતી (દ્વિતીય) | ૯૮૯૨૪ | ૭૮૦૬ | ૯૨.૧૧ | ૯૪.૦૨ |
| અંગ્રેજી (પ્રથમ) | ૭૪૯૨૧ | ૫૨૮૦ | ૯૨.૯૫ | ૯૫.૬૨ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૫૮.૬૩ ટકા પરિણામ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૯માં લેવાયેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૫૮.૬૩ ટકા રહ્યું છે. જે ગયા વર્ષની સરખામણીએ ૩.૦૮ ટકા જેટલું વધ્યું છે.

આ વર્ષે સામાન્ય પ્રવાહના કુલ નિયમિત વિદ્યાર્થીઓ ૩૫૫૫૬૨ હતા. જેમાંથી ૨૬૦૫૦૩ વિદ્યાર્થી પાસ થતા નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૭૩.૨૭ ટકા રહ્યું છે. જ્યારે આ વર્ષે ૯૧૬૮૦ જેટલા રિપીટર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ ૨૭.૩૯ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે ખાનગી વિદ્યાર્થીઓમાં ગયા વર્ષે નાપાસ થયેલા અને આ વર્ષે પરીક્ષા આપનારા રિપીટર ૨૮૮૪૩ વિદ્યાર્થીઓ હતા. જેમાંથી ૫૪૫૫ વિદ્યાર્થી પાસ થતા તેમનું ૧૯.૯૧ ટકા પરિણામ રહ્યું છે.

### સામાન્ય પ્રવાહનું કેટેગરીવાઈઝ પરિણામ

| કેટેગરી | નોંધાયેલા | ઉપસ્થિત | પાસ | ૨૦૧૯ | ૨૦૧૮ |
|---|---|---|---|---|---|
| નિયમિત | ૩૫૯૩૭૫ | ૩૫૫૫૬૨ | ૨૬૦૫૦૩ | ૭૩.૨૭ | ૬૮.૯૬ |
| રિપીટર | ૯૫૦૭૫ | ૯૧૬૮૦ | ૨૫૧૪૭ | ૨૭.૪૩ | ૧૬.૪૬ |
| ખાનગી | ૭૧૮૪૧ | ૬૭૧૧૨ | ૧૫૯૩૭ | ૨૩.૭૪ | ૨૨.૧૮ |
| એકંદર | ૫૨૬૨૯૧ | ૫૧૪૩૫૪ | ૩૦૧૫૮૭ | ૫૮.૬૩ | ૫૫.૫૫ |

### ધો.૧૨ પ્રવાહ પ્રમાણે વિગતવાર પરિણામ માર્ચ-૨૦૧૯

| પ્રવાહ | નોંધાયેલ | ઉપસ્થિત | પાસ | ટકા |
|---|---|---|---|---|
| સામાન્ય | ૩૫૩૦૦૮ | ૩૫૧૭૧૮ | ૨૫૭૮૫૬ | ૭૩.૩૧ |
| વ્યવ. | ૧૦૫૩ | ૧૦૪૨ | ૬૫૭ | ૬૩.૦૫ |
| ઉ.ઉ.બુ | ૨૮૦૮ | ૨૮૦૨ | ૧૯૯૦ | ૭૧.૦૨ |
| કુલ | ૩૫૬૮૬૯ | ૩૫૫૫૬૨ | ૨૬૦૫૦૩ | ૭૩.૨૭ |

### વિષયવાર પરિણામ

| વિષય | વિદ્યાર્થી | નાપાસ | ટકા |
|---|---|---|---|
| ગુજરાતી | ૩૧૭૦૦૧ | ૧૧૦૨૭ | ૯૬.૫૨ |
| હિન્દી | ૯૨૯૪૪ | ૨૩૩૯ | ૯૭.૪૮ |
| અંગ્રેજી | ૩૨૮૨૦૬ | ૫૭૭૬૯ | ૮૨.૪૦ |
| અર્થશાસ્ત્ર | ૨૫૨૧૭૮ | ૧૦૨૫૬ | ૯૫.૯૩ |
| વા.વ્ય. | ૧૯૬૪૦૭ | ૧૪૧૫૦ | ૯૨.૮૦ |
| સંસ્કૃત | ૧૩૭૦૮૦ | ૯૨૬૯ | ૯૩.૨૪ |
| આંકડાશાસ્ત્ર | ૧૭૧૩૫૨ | ૧૮૨૭૨ | ૮૯.૩૪ |
| ફિલૉસૉફી | ૯૪૨૪૪ | ૧૦૩૫ | ૮૯.૦૧ |
| સોશિયોલૉજી | ૧૫૨૬૦૨ | ૩૫૬૧ | ૯૭.૬૭ |
| સાયકોલૉજી | ૯૮૮૮૪ | ૪૦૯૦ | ૯૫.૮૬ |
| જિઑગ્રાફિ | ૧૩૯૨૫૨ | ૮૧૧૦ | ૯૪.૧૩ |
| અકાઉન્ટ | ૧૮૪૫૧૪ | ૧૯૫૬૭ | ૮૯.૪૦ |
| કમ્પ્યૂટર | ૯૯૮૧૪ | ૯૪૨૫ | ૯૦.૫૬ |

**૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ઘટી. ઝીરો ટકાવાળી સ્કૂલો પણ ઘટી :**

માર્ચ ૨૦૧૯માં લેવાયેલ ધો.૧૦ના પરિણામમાં આ વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ રાજ્યમાં ૩૬૮ હતી. જે ઘટીને ૩૬૬ થઈ છે. જ્યારે ૩૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ૧૦૧૨ હતી. જે ઘટીને ૯૯૫ થઈ છે અને ઝીરો ટકા પરિણામવાળી શાળાઓ ૧૨૭ હતી જે ઘટીને માત્ર ૬૩ રહી છે.

**ધો.૧૨ સામાન્ય પ્રવાહની ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાની સંખ્યા વધી :**

ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા વધી છે. જ્યારે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા પણ વધી છે. ગયા વર્ષે ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ૭૬ હતી જે વધીને ૭૯ થઈ છે અને ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ૨૦૬ હતી જે વધીને ૨૨૨ થઈ છે.

**માર્ચ ૨૦૧૯નું ધોરણ-૧૦ પરિણામ ટૂંકાવીને...**

- ગણિતમાં ૨.૫ લાખ અને સૌથી વધુ વિજ્ઞાનમાં ૨.૬૧ લાખથી પણ વધુ વિદ્યાર્થી નાપાસ.
- બે લાખથી વધુ વિદ્યાર્થી બે-બે વાર પરીક્ષા આપવા છતાં નાપાસ
- અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમથી વધારે આવ્યું.
- આ વર્ષે માત્ર વધુ ૨૮૦૦૦ વિદ્યાર્થીઓ જ પાસ થયા.
- ગીર સોમનાથ જિલ્લાનું સુપાસી કેન્દ્ર ૯૫.૫૬ ટકા સાથે પ્રથમ રહ્યું.
- સૌથી ઓછું પરિણામ છોટા ઉદેપુરનું ૪૬.૩૮ ટકા રહ્યું.

**માર્ચ ૨૦૧૯નું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ટૂંકાવીને...**

- ગુજરાતી માધ્યમમાં ૮૮૭૫૭ વિદ્યાર્થીઓ નાપાસ
- એ-૨ ગ્રેડમાં આ વર્ષે ૩૫૦૦ વિદ્યાર્થી વધ્યા.
- ૫૭ હજારથી વધુ અંગ્રેજી વિષયમાં નાપાસ
- નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૪.૩૧ ટકા વધ્યું.
- સામાન્ય પ્રવાહમાં ૪૩૫૦૦ જેટલા વધુ વિદ્યાર્થી પાસ
- એ-૧ ગ્રેડમાં ૩૪૧ વિદ્યાર્થી વધ્યા.
- જિલ્લાવાર પરિણામમાં પાટણ ૮૫.૦૩ ટકા સાથે પ્રથમ
- પંચમહાલ ૪૫.૯૨ ટકા સાથે છેલ્લે
- ધો.૧૨ સામાન્ય પછીના મેડિકલ-ડેન્ટલ પ્રવેશ માટેની નીટમાં ગુજરાતમાંથી ૩૫,૧૭૭ વિદ્યાર્થી પાસ થયા. જેમાંથી ગુજરાતના ૩ વિદ્યાર્થી દેશના ટોપ ૫૦માં આવ્યા.
- ધો.૧૦ની પૂરક પરીક્ષા ૧૧ જુલાઈથી બે સેશનમાં લેવાશે.

એક-બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૪-૭-૨૦૧૯ સુધી ચાલશે. ગયા વર્ષ કરતા આ વર્ષે વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે.

**સંત કબીર**

પણ વિરોધ કર્યો. હિન્દુ-મુસલમાન બંને ધર્મના અનુયાયીઓને સંપથી, હળીમળીને રહેવાનું સમજાવતા રહ્યા. તેમણે કહ્યું, 'સત્ય-ઈશ્વર એક છે માણસ જુદી-જુદી રીતે તેને જીએ છે' જે નીચેના દોહા દ્વારા સમજાવ્યું.

કબીર કુંઆ એક હૈ, પનિહારી અનેક,
ન્યારે ન્યારે બર્તન ભયે, પાની સબમેં એક.

પાણી માટે કૂવો એક જ હોય છે. પનિહારી પોતાના જુદાં જુદાં વાસણમાં પાણી ભરી જાય છે. પણ આખરે પાણી એક જ કૂવાનું હોય છે. ઈશ્વરનું પણ એવું છે. સત્ય-ઈશ્વર એક જ છે. માણસો તેને પોતાની રીતે જુદાં-જુદાં સ્વરૂપે જુએ છે.

આમ કબીર સમાજ જાગૃતિનું કાર્ય કરતાં કરતાં ઈ.સ. ૧૫૧૮માં ૧૨૦ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી આ સ્થૂળ દેહ છોડીને વિશાળ પરમ તત્ત્વના ચેતનમાં ભળી ગયા.

**કબૂતરને જાવું નિશાળે**


બીજા દિવસે એ પણ વહેલું ઊઠી ગયું અને કશીશની નિશાળે જ આવી ગયું. કશીશની નિશાળની અગાસી ઉપર તે ઊડવા લાગ્યું. કશીશ પણ દોડતી-દોડતી અગાસી પર આવી ગઈ. અને કબૂતર તરત જ કશીશના ખોળામાં જઈ બેસી ગયું. કશીશ ખૂબ ખૂબ રાજી થઈ ગઈ.

હવે કશીશ પણ દરરોજ નિશાળે જવા લાગી હતી. અને પેલું કબૂતર પણ દરરોજ નિશાળે આવતું હતું. કશીશ તેના માટે ઘરેથી મગના દાણા લાવતી. કબૂતરને ખાવા માટે આપે. કશીશ અને કબૂતર સાથે જ ખાતા. કશીશ નાસ્તો કરે અને કબૂતર દાણા ચણે. પછી બંને સાથે પકડા-પકડી રમતા, સંતાકડી રમતા, ગીતો ગાતા, વાર્તાઓ સાંભળતા.

*મને રે ગમતું નાનું કબૂતર,*
*નાનું નાનું ધોળું કબૂતર,*
*ઝટપટ ઊડતું મારું કબૂતર,*
*સૌને ગમતું વ્હાલું કબૂતર...*


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# પ્રકાશન વિભાગ




## શિક્ષણપ્રયોગ

**હરભાઈ ત્રિવેદી**

**કિંમત : ૨૨૫/-**

પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## ડોલ્ટન યોજના

**હરભાઈ ત્રિવેદી**

**કિંમત : ૭૫/-**

પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## વિરલ વિદ્યાપુરુષ

**ડો. મોહનભાઈ પંચાલ**

**કિંમત : ૧૦૦/-**

પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





## શિક્ષણ વિચાર

**હરભાઈ ત્રિવેદી**

**કિંમત : ૧૬૦/-**

પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## જીવનલક્ષી શિક્ષણ

**હરભાઈ ત્રિવેદી**

**કિંમત : ૬૦/-**

પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## કોઈએ નહોતું કીધું

**હરભાઈ ત્રિવેદી**

**કિંમત : ૪૫/-**

પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## સ્મરણયાત્રા

**જશીબેન નાયક**

**કિંમત : ૧૬૦/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## સપનાં થયાં સાકાર

**હરિત પંડ્યા**

**કિંમત : ૧૨૫/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## સ્મૃતિ સુમન

**કિંમત : ૬૦/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## કાળી વાદળી ઉજળી કોર

**જશીબેન નાયક**

**કિંમત : ૧૬/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



## સ્મૃતિના અસવાર

**જશીબેન નાયક**

**કિંમત : ૪૫/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## LIGHT IN THE EAST

**FREDA WHITLAM**

**Price : 40/-**

Publisher :
Saraswati Vidya Mandal

NEW




## સંભારણાં

**કિંમત : ૧૭૦/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



## સ્મૃતિ ઝરણાં

**કિંમત : ૧૫૦/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




## સ્મરણ પુષ્પ

**કિંમત : ૯૦/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




## સરદાર ગાથા

**કિંમત : ૫૦/-**

પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

## શિક્ષણ દ્વારા ઉત્ક્રાંતિ

'લોકશાહી' શબ્દ હવે નિરર્થક બની ગયો છે. જવાબદાર નાગરિકો દાયિત્યપૂર્ણ અને સન્માનનીય રીતે એક પ્રશાસનિક સંગઠનનું નિર્માણ કરે અને એ સંગઠન લોકોની ઈચ્છાની અવહેલના ના કરે એ જોવું પણ જરૂરી છે. સામંતવાદ, પૂંજીવાદ અને સામ્યવાદની વિરુદ્ધમાં સામૂહિક સંઘર્ષમાં આપણે સફળ થયા છીએ. હવે આપણે રાજ્યવાદ વિરુદ્ધ સંઘર્ષ કરવાનો છે. મને એવું લાગે છે કે સહભાગી લોકશાહીના આદર્શ નમૂનાની આપણી શોધ અને ગ્રામ સ્તરના મૂળ સુધીનો સ્વશાસનનો પ્રયોગ આપણને એક લોક આધારિત લોક ઉન્મુખ અને લોક કેન્દ્રિત સરકાર અને રાજ્ય આપી શકશે.

**વિમલા ઠકાર**

૨૧ માર્ચ ૨૦૦૩

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.